શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી
મારૂ કંસારા-સોની
જ્ઞાતિ મંડળ
અમદાવાદ



તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) ● અતુલ સોની ● કુ. એકતા કક્ક ● વર્ષ-૮ અંક-૬ ઓગસ્ટ/સપ્ટેમ્બર-૧૩


## કચ્છની અણમોલ વિરાસત
## શિલ્પ સ્થાપત્ય





જ્ઞાતિસેતુ
૧૦
દશાબ્દી
વર્ષ

❋ દશાબ્દી સૂચનો ❋ સમાજ સ્થિતિ પૂર્વ દર્શન ❋ સમૂહ લગ્ન આયોજન-ભુજ


S.K. TOURISM
"Life is a Journey; we're just along for the ride with Smile"
Coming Soon
Rann Utsav 2013-14
EXPLORE THE KUTCH
WWW.EXPLORETHEKUTCH.COM
S.K. TOURISM
Kansara Bazaar Ring Road, Bhuj - Kutch. (Gujarat) India
Ph: +91 2832 - 654495 • 251424
Mo: +91 98258 31085 • 96622 51424
E: sktourism@in.com • ask@sktourism.info
W: www.sktourism.info • www.explorethekutch.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૮ ● અંક : ૬

ઓગષ્ટ'૧૩ – સપ્ટેમ્બર'૧૩

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪

(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫

(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-



'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.


## તંત્રી સ્થાનેથી

**'સ્વપ્ન થયું સાકાર...**
**પણ હજી છે ઘણા પડકાર.'**

૧૯૫૨-૫૩નું વર્ષ હતું. આપણા સમાજનું પાવાગઢ મુકામે સંમેલન હતું. આ સંમેલનમાં બાબુભાઈ મંજલવાળા અને અન્ય સમાજલક્ષી મહાનુભાવોનો સંપર્ક થયો. એમાંના એક મહાનુભાવ લક્ષ્મીદાસ બુદ્ધભટ્ટી, પ્રગતિશીલ વિચારસરણી ધરાવતા હતા. એમની પ્રેરણાથી સમાજના સામયિક 'ઉન્નતિ' માં સામાજિક પ્રગતિ અંગે વિચારો વ્યક્ત કરવાની તક મળી. સામાજીક 'ઉન્નતિ'ની પ્રક્રિયામાં 'સામયિક' દ્વારા યોગદાન અંગેના મારા વિચારો જો કે તત્સમયે માત્ર 'દીવા-સ્વપ્ન' રહ્યું.

ત્યારબાદ, અસ્તિત્વના આટાપાટામાં અટવાયેલા આકરા સંઘર્ષમય જીવનની લગભગ અડધી સદી સુધી એ સ્વપ્ન સદંતર ઓજલ રહ્યું. આવી અહીં છેક ૨૦૦૩-૨૦૦૪ની સાલમાં દિલ્હી થી અમદાવાદમાં સ્થાયી થયો. અહીં આપણા સમાજના યુવા બૌદ્ધિકોનો સંગાથ થયો અને ત્યારે આપણા સમાજની પ્રગતિનો પરોઢ થઈ હોવાનો અહેસાસ થયો. એ પરોઢમાં ઝાકળની ભીનાશ હતી. પુષ્પોની સુવાસ હતી. મોરનો ટહુકાર હતો. પક્ષીઓનો કલરવ હતો. મંગળાની આરતી હતી. 'સપ્તાશ્વી' રથમાં સવાર પ્રગતિના સૂર્યને સોહામણી ઉષા ઉમળકાભેર આવકારતી હતી.

આપણા સમાજની આવી પ્રગતિશીલ પરોઢની પ્રોત્સાહક તસ્વીરો ઝીલવા અને એના શાબ્દીક પ્રતિબિંબો આપણા સમાજમાં યત્ર તત્ર વસતા પરિવારો સુધી પ્રસરાવવા 'સેતુ'નું સર્જન થયું. છેલ્લા નવ વર્ષ દરમ્યાન સમાજના પ્રબુદ્ધ નેતૃત્વને એને પીઠબળ પુરુ પાડ્યું. પ્રગતિના પવને થનગનતી યુવાપેઢીએ એને ભરપૂર પોષણ આપ્યું. સુજ્ઞ વાચકોએ એને પ્રેમથી પોતીકું ગણ્યું. સમાજની પ્રગતિની પ્રક્રિયાને શાબ્દીક અભિવ્યક્તિ મળી. આમ પરોઢનું આ સ્વપ્નું સાકાર થયું.

'સેતુ' ની દશાબ્દી ઉજવણી સંદર્ભે, વાચકોના અભિપ્રાયો લાગણીઓ, વિચારો આ અંકમાં પ્રસ્તુત છે, જે 'સેતુ' નું ભાવી ઉજ્જવળ હોવાના તેમજ એને હવે ઝીલવાના પડકારોનો નિર્દેશ કરે છે. અમને વિશ્વાસ છે કે 'સેતુ' એના સમાજની તેમજ વાચકોની અપેક્ષા પર ખરું ઉતરશે.

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

**આ અંકનું આયોજન સંપાદન - અતુલ સોની**

# ધનની પવિત્રતા સાચવવાનો પુરૂષાર્થ

**- વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં.શ્રી રામશર્મા આચાર્યજી**

ધાતા દ ધાતુ નો રયિમીશાનો જગતસ્પતિ: ।
સ ન: પૂર્ણેન યચ્છતુ ॥

(અથર્વવેદ ૭/૧૭/૧)

**ધન યોગ્ય માર્ગે જ પ્રાપ્ત કરીએ...**

**ભાવાર્થ :** ગૃહસ્થ લોકો પોતાના પુરુષાર્થ દ્વારા પરમાત્માની કૃપાથી ધન અને બળ મેળવીને સુખ પ્રાપ્ત કરે.

**સંદેશ :** વેદમાં ધન કમાવવાની કોઇ મનાઇ નથી. તેમાં ધનની કમાણી ધર્મ અને ન્યાયપૂર્વક કરવાનું કહેવાયું છે. જે માણસ ઉત્તમ માર્ગે ધર્માનુસાર ધનની કમાણી કરે છે, લોભને વશ થઇને અન્યાય અને અધર્મથી, બીજાઓનું શોષણ કરીને, બીજાઓનો અધિકાર ઝૂંટવીને કદીએ ધન કમાવવાનો વિચાર કરતો નથી તે જ આદર્થ પુરુષ કહેવાય છે. 'અગ્ને નય સુપથા રાયે', હે પ્રભુ ! ધનની પ્રાપ્તિ માટે આપ અમોને સન્માર્ગ પર ચલાવો, આ જ પ્રાર્થના તે હંમેશાં કરતો રહે છે.

અનીતિ અને અન્યાય દ્વારા કમાયેલું ધન આગિયાની જેમ ચમકે છે અને થોડીવાર માટે આપણને ખુશખુશાલ કરી દે છે અને પછી ફરીથી અંધકારનું સામ્રાજ્ય છવાઇ જાય છે. સદ્‌ગૃહસ્થનું કર્તવ્ય છે કે પોતાના પુરૂષાર્થમાં કોઇ ઊણપ ન આવવા દે અને વધુમાં વધુ પરિશ્રમ કરીને જે કંઇ કમાણી કરે તેમાં સંતોષ મેળવે. કોઇને પણ દુ:ખી કર્યા સિવાય, દુર્જનોની સામે નમતું જોખ્યા સિવાય અને સન્માર્ગને છોડ્યા વિના જે થોડુંક ધન કમાવવામાં આવે છે તે જ ઘણું છે. અનીતિથી કમાયેલું ધન આપણા માટે સુખસગવડોનો ઢગલો ખડકી શકે છે, પરંતુ સાથે જ કુટુંબીજનોને વિલાસી, આળસુ, કામચોર, લોભી, લંપટ અને રોગી પણ બનાવી દે છે. તે ધનથી સુખ ઓછું અને દુ:ખ વધુ મળે છે. તેની સાથે અનેક પ્રકારના દૂર્ગુણો અને વ્યસનો પણ કુટુંબમાં પ્રવેશે છે. એના ખરાબ પ્રભાવથી કુટુંબના બધા સભ્યોની શારીરિક અને માનસિક પડતી થાય છે તથા તેમનામાં પરસ્પર મનની મલિનતા, શંકા અને દ્વેષનો પણ ભાવ જાગે છે.

આથી આપણા શાસ્ત્રોમાં ગૃહસ્થોની કમાણીની પવિત્રતા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. એની સાથે જ તે ધનનો યોગ્ય રીતે સદ્ઉપયોગ કરવો પણ જરૂરી છે. ઘરને યોગ્ય રીતે વસાવવા માટે જે વસ્તુઓની જરૂરિયાત હોય છે તેની વ્યવસ્થા કરવા માટે ગૃહસ્થોએ પ્રયત્ન કરવો જોઇએ અને ભોગ વિલાસની વસ્તુઓને ઘરમાં દાખલ થવા દેવી જોઇએ નહિં. વેદની આ ભાવનાની સર્વત્ર અવગણના થઇ રહી છે. લાખો કરોડો રૂપિયાના સૌંદર્યપ્રસાધનો અને મોજશોખનો સામાન દેવું કરીને વિદેશોમાંથી આયાત કરવામાં આવે છે. આપણું ખાનપાન, રહેણીકરણી, પહેરવેશ બધું જ કૃત્રિમતા અને આડંબરયુક્ત છે. ભારતીય વાતાવરણ અને રહેણીકરણીની દૃષ્ટિથી તે બધું અયોગ્ય અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ નુક્સાનકારક પણ છે.

આ રીતે ધનની પવિત્રતા સાચવી રાખવાનો પુરૂષાર્થ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે પુરૂષમાં પૂરતું આત્મબળ હોય, સાંસારિક પ્રલોભનો પ્રત્યે ઉદાસીનતા બતાવી શકવાનું સાહસ હોય તથા કુટુંબના બધા સભ્યોમાં એક રાગ હોય. સંસ્કારી કુટુંબોમાં બાળકોને બાળપણથી જ આવા ત્યાગનું શિક્ષણ આપવું જોઇએ અને શરૂઆતથી જ તેમનામાં આત્મવિશ્વાસપૂર્વક કુરિવાજોનો સામનો કરવાનું સાહસ પણ જગાડવું જોઇએ. આવાં કુટુંબોમાં બધા લોકો સુખ અને સંતોષના સ્વર્ગીય વાતાવરણમાં રહીને આત્માની ઉન્નતિ કરે છે અને એક સ્વસ્થ સમાજના નિર્માણમાં સહાયક બને છે.

## 'જ્ઞાતિસેતુ' દશાબ્દી શુભેચ્છા સંદેશ



મીતા સોલંકી

### કાર્યસિદ્ધને સો સો સલામ !

સામાજીક ઋણ અદા કરતું મુખપત્ર એટલે 'જ્ઞાતિસેતુ'. દૂર દેશાવરના લોકોને એક જૂથ કરતું મુખપત્ર એટલે 'જ્ઞાતિસેતુ'. દસ-દસ વર્ષથી મિત્ર બનીને મળતું મુખપત્ર 'જ્ઞાતિસેતુ'. 'દશાબ્દી પ્રવેશાંક'માં પ્રવેશ મેળવતું મુખપત્ર એટલે 'જ્ઞાતિસેતુ'. નવા વિચાર, શુભવિચાર, કર્તવ્ય નિષ્ઠા ને ખંતનું પરિણામનું મુખપત્ર એટલે કાર્યસિદ્ધિ અને સફળતાના શિખર પર શોભતું મુખપત્ર એટલે .... 'જ્ઞાતિસેતુ'. શુભેચ્છાઓનો ધોધ વરસાવવાનું મન થાય તેવું પોતિકું મુખપત્ર એટલે 'જ્ઞાતિસેતુ'.

'દશાબ્દી પ્રવેશાંક'માં પ્રવેશ કરવા બદલ સર્વ જ્ઞાતિસેતુના તંત્રીમંડળ - સ્વજનશ્રી હંસરાજભાઈ, અતુલભાઈ, મનુભાઈ તેમજ પ્રિયમિત્ર એવી કુ. એકતા કટ્ટાને તેમજ સમગ્ર તંત્રીમંડળની જહેમતને જ્ઞાતિસેતુની કટાર લેખિકા મીતા એન. સોલંકી ના ખૂબ ખૂબ અભિનંદન.

**'સેતુ' સમાજ સમર્પિત હેતુ**

## ‘જ્ઞાતિસેતુ’ દશાબ્દી પ્રવેશાંક :

*સમય સદા પરિવર્તનશીલ છે. સતત બદલાતા જતા સમયમાં ટેકનોલોજીનો વિકાસ થતાં સંદેશા વ્યવહારના સાધનોમાં ભારે પરિવર્તન આવેલ છે. ઈન્ટરનેટ અને કોમ્પ્યુટરના માધ્યમથી દુનિયા જાણે ઘર આંગણે આવી પહોંચી છે. સ્માર્ટ ફોનથી સમગ્ર જગત જાણે હાથની હથેળી પર આંગળીના ટેરવે આવીને ઉભું છે. વર્તમાનકાળમાં માહિતી આપ-લેના સાધનોનો જરૂર વિકાસ થયો પરંતુ આ બધું હોવા છતાં કોઈને કોઈ કારણોસર ખાલીપણાની અનુભવ પણ થતો રહે છે. વાચકોના વાચન પ્રત્યેના અભિગમમાં ભારે પરિવર્તન થયેલ છે. આજના યુવા વર્ગને પ્રિન્ટ માધ્યમમાં પ્રસિદ્ધ થતા અખબારો, મેગેઝિન્સ, પુસ્તકો વગેરેના પ્રત્યેની અભિરૂચિ ઘટી રહી છે. સમગ્ર વિશ્વમાં આ પરિવર્તનની અસર વર્તાઈ રહી છે. હાલમાં દુનિયાના ખૂબ પ્રતિષ્ઠિત ગણાતા સમાચાર પત્રો અને ‘રીડર્સ ડાયજસ્ટ’ જેવા માતબર મેગેઝીનો પણ પોતાનું અસ્તિત્વ ટકાવવા ઝઝુમી રહ્યા છે. તો કેટલાક નફાકારકતાને પ્રાધાન્ય આપવા પત્રકારત્વની નિષ્ઠા સાથે બાંધછોડ કરી ટકી રહેલ છે.*

*આ પરિપેક્ષ્યમાં ખૂબ નાના કહી શકાય તેવા આપણા સમાજનું મુખપત્ર ‘જ્ઞાતિસેતુ’ સતત નવ વર્ષ પૂર્ણ કરી દસમાં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે ત્યારે ગૌરવની લાગણી થાય તે સ્વાભાવિક છે. સેતુની આ સફરમાં અનેક સહયોગીઓનો સાથ મળેલ છે. દાતાઓ, શ્રેષ્ઠીઓ, લેખકો, વિજ્ઞાપનદાતાઓ તથા વ્હાલા વાચકોના સહકાર વગર કદાચ આ સફર શક્ય ના બનત.*

*‘જ્ઞાતિસેતુ’ના દશાબ્દી વર્ષની ઉજવણી માટે મળેલા પ્રોત્સાહક, સૂચનો આપ સમક્ષ રજુ કરેલ છે. આ સૂચનો પર વિચારવિમર્શ કર્યા બાદ આગામી આયોજનો કરવામાં આવશે. આ અગાઉ વર્ષ-૨૦૦૮માં પ્રસિદ્ધ થયેલ ‘સ્વર્ણિમ સમાજ વિશેષાંક’ માં આપણા સમાજની સામાજિક સ્થિતિ બાબત એક સર્વે કરવામાં આવેલ જેની કેટલીક વિગતો આ અંકમાં આપવામાં આવેલ છે. આ વર્ષો દરમ્યાન આપણી સામાજિક સ્થિતિમાં સમગ્ર રીતે પરિવર્તનો થયેલ છે. તેની વિગત આગામી અંકોમાં પ્રસિદ્ધ કરવાનો વિચાર છે. આ માટે સર્વ જ્ઞાતિ ઘટક સમાજના અગ્રણીઓ, મહિલા મંડળ તથા યુવા મંડળના અગ્રણીઓને તેમના વિસ્તારમાં હાલની પરિસ્થિતિ અંગે માહિતી આપવા ખાસ અપીલ છે.*

*ભુજથી મળી રહેલ સૂચના મુજબ જ્ઞાતિસેતુના સહયોગીઓ અને સમાજના મોભીઓ સાથે રહીને એક સેમિનાર આયોજન આ વર્ષમાં કરવાનું વિચારણા હેઠળ છે. આ ઉપરાંત વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવશે.*

*દશાબ્દી વર્ષની ઉજવણી માટે યોગ્ય લોગો તૈયાર કરવા ગતાંકમાં અપીલ કરવામાં આવી તે સંદર્ભે અમોને થોડી ડિઝાઈનો પ્રાપ્ત થયેલ છે. હજુ પણ કોઈ આર્ટીસ્ટ એની ડિઝાઈન મોકલી શકે છે. આ બધી સર્વે ડિઝાઈનોમાંથી શ્રેષ્ઠ લોગો ડિઝાઈન પસંદ કરવામાં આવશે અને તે આર્ટીસ્ટને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.*

*આશા છે કે, આ સર્વે કાર્યક્રમોના આયોજનમાં આપ સૌનો સાથ અને સહકાર મળી રહેશે.* **– અતુલ સોની**

## ‘જ્ઞાતિસેતુ’ દશાબ્દી શુભેચ્છા સંદેશ

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ - ભુજ



**લત્તાબેન સોલંકી**

આપણી જ્ઞાતિનું મુખપત્ર ‘જ્ઞાતિસેતુ’ના દશમ્ વર્ષના મંગલ પ્રવેશ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ કચ્છ હાર્દિક શુભેચ્છા પાઠવતા અનેરો આનંદ અનુભવે છે.

જ્ઞાતિસેતુ એટલે જ્ઞાતિજનોને એકબીજાને ઓળખવાનો સાચો સરળ અને વિશ્વસનીય ઉપાય છે. દશાબ્દી પ્રવેશાંક જ્ઞાતિસેતુ જ્ઞાતિજનો માટે અનેક નવા આયામ લઈને આવેશે અને દરેક વિશેષાંક જ્ઞાતિજનો માટે ‘માઈલ સ્ટોન’ પુરવાર થશે એમાં કોઈ બેમત નથી. જ્ઞાતિ સેતુ જે રીતે પા પા પગલીથી લઈને હરણફાળ ભરતું થયું છે તે સશક્ત ટીમ વર્કનું ઉદાહરણ છે.

જ્ઞાતિસેતુ થકી કેટલાય જ્ઞાતિજનોએ પોતાની કલમને બોલકી કરી છે. દશાબ્દી વિશેષાંકથી જ્ઞાતિ સેતુમાં ખૂબ જ નિખાર આવે, વધુમાં વધુ લોકો સુધી જ્ઞાતિસેતુ પહોંચે. વામનમાંથી વિરાટ થવાની આ ક્ષણને અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ.. જ્ઞાતિસેતુમાં જ્ઞાતિજનોના હૃદયનો ધબકાર નવપલ્લવિત થતો રહે... એજ અભ્યર્થના...

# આપણા સમાજના માનવંતા મોવડી કિશોરભાઈ ચનાણી

**પી. જી. સોની 'દાસ'**

સમગ્ર કચ્છમાં એકસો વર્ષ પહેલાંની સુવિખ્યાત સોના-ચાંદીનાં વેપારીની પ્રામાણિક અને પ્રતિષ્ઠાની પર્યાય એવી ભુજની સોની વેલજી આણંદજીની જુની પેઢીનાં સોની જટુભાઈ વેલજી એન્ડ સન્સના જયેષ્ઠ પુત્ર કિશોરભાઈ ચનાણીનું ૬૧ વર્ષની વયે તા. ૨૦મીની સવારે ૭ કલાકે દુઃખદ અવસાન થતાં જ્ઞાતિજનોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. સદ્‌ગત કિશોરભાઈને છેલ્લાં સાતેક વર્ષથી કેન્સર હતું છતાં તેઓ કોઈને પણ આ જટીલ અને જીવલેણ બિમારીનો આણસાર સુધ્ધા કળાવા દેતાં નહીં. સમાજનાં ઉત્કર્ષ માટે છેક સુધી તન, મન, ધનથી સક્રિય રહેલાં કિશોરભાઈ પર એકાદ માસથી આ મહાબલા ઘિરાવી થતાં પરિવાર ઉપરાંત સમાજ તેમજ એમનાં નિકટનાં સ્નેહીઓ મિત્રોને કિશોરભાઈ જેવા કર્મઠ મોભી ગુમાવવા પડ્યા છે.



મુઠ્ઠી ઉંચેરા એવા જ્ઞાતિ અગ્રણી કિશોરભાઈ છેલ્લાં પાંચ વર્ષથી ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિનાં અધ્યક્ષ પદે હતાં. કન્યા કેળવણીનાં હિમાયતી અને પરિવર્તનનાં પ્રણેતા એવા કિશોરભાઈ સમાજ ઉત્તરોત્તર સિધ્ધીનાં સોપાનો સર કરે એ માટે સતત પ્રયત્નશીલ હતા. તેઓ કદાપી સિધ્ધાંતો સાથે બાંધછોડ કરતાં નહિં. કચ્છનાં નોધાર્યા ભૂકંપ વખતે તેમણે તન-મન-ધનથી ખડે પગે કરેલી સમાજ સેવા સરાહનીય હતી. તેઓ આર્થિક રીતે નબળા જ્ઞાતિજનો કે અન્ય કોઈ પણ જ્ઞાતિના ભાઈઓને નાત-જાતનાં ભેદભાવ વગર મદદરૂપ થતાં હતાં.

સ્વ. જટુભાઈ અને સ્વ. મગનભાઈ વેલજી આણંદજીના ૪૦ સભ્યોનાં વિશાળ પરિવારનાં મોભી એવા કિશોરભાઈની વસમી વિદાય સૌને દુઃખદ આંચકો આપી ગઈ, એમનાં જવાથી સમાજમાં ખાલીપો સર્જાયો છે. એમની ખોટ સમાજને સદાય સાલશે એવું જ્ઞાતિનાં મોભીઓ પ્રભુદાસભાઈ ગુજરાતી, પ્રેમજીભાઈ સોની, અમૃતલાલ સોલંકી, દિલીપભાઈ બગ્ગા, બકુલભાઈ સોની, શૈલેશભાઈ કંસારા, સુશીલ પોલ, પ્રાણલાલ સોની, નિતીન હેડાઉ, મહિલા પ્રમુખ લતાબેન સોલંકી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, ઈન્દુબેન સોલંકીએ સખેદ જણાવ્યું હતું.

સદ્‌ગતની સમાધાન યાત્રામાં વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનો ઉપરાંત અન્ય જ્ઞાતિનાં અગ્રણીઓ પણ જોડાયાં હતાં. એમનાં માનમાં સોના-ચાંદીનાં વેપારીઓ તથા કારીગરોએ પોતાનાં ધંધા રોજગાર બંધ રાખ્યાં હતાં.

**જ્ઞાતિસેતુ**

**શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ**
અમદાવાદ



**સ્વ. શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી**

## સ્મરણાંજલી

શ્રી કચ્છી મારુ કંસારા સોની જ્ઞાતિ ભુજના પ્રમુખ **સ્વ. શ્રી કિશોરભાઈ જટુભાઈ ચનાણી**ના અકાળે દુઃખદ અવસાનની સેતુ પરિવાર શોકાશ્રુ સાથે સખેદ નોંધ લે છે.

પ્રગતિશીલ વિચાર સરણીના પોષકશ્રી કિશોરભાઈ ચનાણી જ્ઞાતિસેતુના પ્રકાશનના પ્રારંભથી જ પ્રેરક અને પ્રોત્સાહક રહ્યા હતા. જ્ઞાતિસેતુને તેઓશ્રીનું મજબુત પીઠબળ હતું.

સદ્‌ગતના 'પરમ' આત્માને ઈશ્વર 'ચરમ' શાંતિ અર્પે અને એમના 'સ્વજનો' (જેમાં એમના પરિવારના, સભ્યો ઉપરાંત સમસ્ત જ્ઞાતિ પરિવારો પણ સામેલ છે) સર્વેને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી અમદાવાદ જ્ઞાતિ તથા જ્ઞાતિસેતુ પરિવાર પ્રભુને પ્રાર્થના કરે છે.

**– શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ-અમદાવાદ** **– 'જ્ઞાતિસેતુ' પરિવાર**

# સ્વર્ણિમ-સમાજ સ્થિતિ પૂર્વ દર્શન

સેતુના પ્રથમ વિશેષાંક સ્વર્ણિમ સમાજમાં આપણા નાનકડા સમાજના અનેક પરિવારો કચ્છ ઉપરાંત દેશના અનેક ભાગોમાં છુટાછવાયા વસેલા આર્થિક, વ્યવસાયિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક વર્તમાન જાણવાનો પ્રાથમિક પ્રયાસ થયો હતો.

સેતુ દશાબ્દી નિમિત્તે એ સમયની સ્થિતિના પુનઃ વાંચન સાથે ગતવર્ષ દરમ્યાન થયેલી પ્રગતિની તેમજ સાંપ્રત સ્થિતિની નોંધ લેવાનો આ પ્રયાસ છે. અમારી વિનંતી છે કે પ્રત્યેક ઘટક સમાજ એની હાલની સ્થિતિની વિગતો આગામી અંકમાં પ્રકાશન હેતુ મોકલે..

| **ગામ** | **પરિવારો** | **સભ્યો** |
|---|---|---|
| ભુજ | ૧૨૦૦ | ૫૫૦૦ |
| અંજાર | ૩૪૮ | ૧૨૦૫ |
| ગાંધીધામ | ૯૦ | ૪૦૦ |
| નખત્રાણા | ૧૩૭ | ૬૦૦ |
| માંડવી | ૭૯ | ૩૫૦ |
| માધાપર | ૨૦૦ | ૬૦૦ |
| રાયપુર (છત્તીસગઢ) | ૧૦૧ | ૪૫૦ |
| મુંબઈ | ૧૩૫ | ૬૦૦ |
| સાબરકાંઠા (તલોદ) | ૪૦ | ૧૮૦ |
| રાજકોટ | ૧૬૬ | ૬૪૦ |
| નાગપુર | ૧૫ | ૭૦ |
| અમદાવાદ | ૯૦ | ૩૧૮ |

## આર્થિક સ્થિતિ

સમાજ અગ્રણીઓનું પારિવારિક અવલોકન

| સ્થળ | સાધન સંપન્ન | ઉચ્ચ મધ્યમ % | મધ્યમ % | ગરીબ % |
|---|---|---|---|---|
| અંજાર | ૩૦ | ૧૫ | ૪૫ | ૧૦ |
| માંડવી | ૩૦ | ૩૫ | ૨૦ | ૧૫ |
| નખત્રાણા | ૬૦ | ૧૦ | ૨૮ | ૨ |
| ગાંધીધામ | ૨૦ | ૩૮ | ૩૦ | ૧૨ |
| રાયપુર | ૫૦ | ૧૫ | ૨૫ | ૧૦ |
| અમદાવાદ | ૧૫ | ૩૦ | ૪૦ | ૩ |
| રાજકોટ | ૧૫ | ૪૦ | ૪૦ | ૫ |
| સાબરકાંઠા | ૧૦ | ૧૦ | ૭૫ | ૫ |
| સમગ્ર સ્થિતિ | ૨૯% | ૨૪% | ૩૮% | ૯% |

## શૈક્ષણિક સ્થિતિ

શિક્ષણ ક્ષેત્રે કોઈ વિશેષ સર્વેક્ષણ થયું નથી. પરંતુ થોડા મંડળોએ એમના વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ હેતુ પ્રાપ્ત વિગતો મોકલી છે, જે પ્રસ્તુત છે.

| **ગામ** | **પ્રાથમિક** | **માધ્યમિક** | **સ્નાતક** | **કુલ** |
|---|---|---|---|---|
| અંજાર | ૧૩૭ | ૮૫ | ૩૫ | ૨૫૭ |
| માંડવી | ૨૫ | ૩૦ | ૧૫ | ૭૦ |
| નખત્રાણા | ૬૦ | ૨૨ | — | ૮૨ |
| ગાંધીધામ | ૭૦ | ૪૦ | ૩૦ | ૧૪૦ |
| અમદાવાદ | ૪૩ | ૫૮ | ૨૧ | ૧૨૨ |
| સાબરકાંઠા | ૫૫ | ૫૦ | ૧૫ | ૧૨૦ |
| **કુલ** | **૩૯૦** | **૨૮૫** | **૧૧૬** | **૭૯૧** |

## વ્યવસાયિક સ્થિતિ

સ્થળ સાપેક્ષ વ્યવસાયકર્તા (%)

| ગામ | પરંપરાગત | | અન્ય | વ્યવસાયિકો | નોકરીયાત | | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| | કારીગર | વેપારી | સ્વરોજગાર | પ્રોફેશનલ | સરકારી | ખાનગી | નિવૃત્તો સહિત |
| ગાંધીધામ | ૫ | ૧૦ | ૮ | ૭ | ૧૦ | ૧૦ | ૧૦ |
| માધાપર | ૮૦ | ૧૦ | — | — | — | — | ૧૦ |
| અંજાર | ૩૩ | ૪૫ | ૯ | ૨ | ૨ | ૩ | ૬ |
| માંડવી | ૪૫ | ૧૫ | ૫ | — | ૫ | ૧૦ | ૧૦ |
| નખત્રાણા | ૨૨ | ૩૩ | ૫ | ૫ | ૫ | ૧૦ | ૨૦ |
| રાજકોટ | ૧૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૨૦ | ૧૫ |
| મુંબઈ | ૬ | ૧૨ | ૨૫ | ૧૫ | ૨૦ | ૧૨ | ૧૦ |
| રાયપુર | ૧૫ | ૧૫ | ૫ | — | ૫ | ૪૫ | ૧૫ |
| સાબરકાંઠા | ૧૦ | ૫૦ | ૩૦ | — | ૫ | — | ૫ |
| અમદાવાદ | ૮ | ૧૨ | ૧૦ | ૧૬ | ૧૪ | ૩૦ | ૧૦ |
| નાગપુર | — | ૩૫ | ૩૫ | — | — | — | ૩૦ |
| કુલ | ૨૩૪ | ૨૯૭ | ૧૪૫ | ૫૫ | ૮૧ | ૧૩૨ | ૧૫૧ |
| કુલ પ્રતિશત | ૨૧ | ૨૭ | ૧૩.૫ | ૫ | ૭.૫ | ૧૨ | ૧૪ |

## સમાજ પ્રગતિ પ્રેરક / રોધક પરિબળો

**પ્રેરક પરિબળો** : સમાજ અગ્રણીઓના મતે ● દહેજ પ્રથાનો સદંતર અભાવ ● ભ્રુણ હત્યા પ્રત્યે વિરોધી વલણ અને ● કન્યા કેળવણી પ્રોત્સાહન આપણા સમાજની વિશિષ્ટતા છે.

**રોધક પરિબળો** : સમાજ અગ્રણીઓના મતે, પ્રાથમિક મુજબ સમાજની સમસ્યાઓ ● રોજગારલક્ષી અલ્પ શિક્ષણ ● રોજગાર વિકલ્પો વિશે અલ્પ જ્ઞાન ● લગ્ન વિચ્છેદના બનાવોમાં વૃદ્ધિ ● આંતરજ્ઞાતિય લગ્નો ● વ્યસનોની વ્યાપકતા ● જુગારની બદી **અનુસંધાન પાન નં. ૮**

# પ્રગતિશીલ મહિલાઓ-પૂર્વ દર્શન

– કુ. એકતા કટ્ટા-અંજાર

જ્ઞાતિને ગૌરવ અપાવનાર મહિલાઓમાં સૌ પ્રથમ છે. ભુજના ચંદ્રાબેન બુદ્ધભટ્ટી તેઓ જ્ઞાતિના સૌપ્રથમ પાયલોટ છે. આજે ૭૫ વર્ષની વયે ચંદ્રાબેન મુંબઈ અને લંડનમાં રહે છે.

ભુજના ડો. મૃદુલા પરમાર હાલ વડોદરા ખાતે રહે છે. તેમણે ફિલોસોફી વિષયમાં મહિલા ઉત્કર્ષ સંબંધી મહાનિબંધ લખી પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે. તેમના ૧૮ જેટલા આ વિષય પરના અન્ય સંશોધનપત્રો પણ પ્રકાશિત થયા છે. જેમાં મુખ્યત્વે 'ભારતીય મહિલાઓનું ટાઈમ મેનેજમેન્ટ', 'મહિલાઓના હક્કો', 'સયાજીરાવના સમયમાં મહિલાઓની સ્થિતિ' અને 'સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું યોગદાન' એ પ્રમુખ છે.

ભુજના, આપણી જ્ઞાતિના અગ્રણી ભાઈશ્રી પ્રાણલાલ નરભેરામ સોનીના સુપુત્રી કુ. માનસીબેન જ્ઞાતિના સૌપ્રથમ આર્કિટેક્ટ છે. ભુજના નવનિર્મિત હિલગાર્ડનની ડિઝાઈન તેમણે તૈયાર કરેલી છે.

કુ. હેતલ એન. બારમેડા યુવા વિકાસના કાર્યોમાં અગ્રેસર છે. ગુજરાતમાં યોજાયેલા રાષ્ટ્રીય એકતા શિબિરમાં તેઓ એકમાત્ર મહિલા પ્રતિનિધિ હતા. યુવા જાગૃતિના કાર્યો બદલ તેઓને ભારત સરકાર દ્વારા 'યુથ એવોર્ડ' પણ મેળલો છે. ધરતીકંપ પછી ઈ.સ. ૨૦૦૩માં નાઈજીરીયા ખાતે યોજાયેલા કોમનવેલ્થ યુથ ફોરમમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર તેઓ ગુજરાતના એકમાત્ર યુવા અગ્રણી હતા. આ બદલ તેમને રાષ્ટ્રપતિ તથા ગુજરાતના રાજ્યપાલ તરફથી ખાસ સન્માનવામાં આવ્યા છે.

ચિત્રકળા અને ટેક્ષટાઈલ ડિઝાઈનીંગ ક્ષેત્રે જ્ઞાતિનું નામ ઉજળું કરનાર શ્રીમતી પ્રવિણાબેન મેવચા ચિત્રકળા અને માનસશાસ્ત્ર એમ બંને વિષયોમાં અનુસ્નાતક થયા છે. કચ્છની પ્રાચીન અને પરંપરાગત વનસ્પતિજન્ય રંગો વડે થતી અને લુપ્ત થઈ રહેલી છાપકાની ચિત્રકળાને જીવંત રાખવામાં તેઓ કાર્યરત છે. તેઓ વિવિધ વનસ્પતિજન્ય રંગો પર સંશોધન કરી રહ્યા છે. આ બદલ તેઓને એવોર્ડ પણ મળેલો છે.

એમના નાના બેન પ્રીતિબેન મેવચા ટેક્ષટાઈલ ડિઝાઈનર છે. અમદાવાદ રાષ્ટ્રીય ડિઝાઈન સંસ્થાનમાંથી તેમણે પોસ્ટ ગ્રેજ્યુએટ કરેલું છે. તેઓ વિભિન્ન દેશોમાં સિલ્ક કાપડની નિકાસ કરતી બેંગ્લોરની ભારત સિલ્ક મિલ્સના ચીફ ડિઝાઈનર તરીકે કાર્ય કરી રહ્યા છે. તેઓને 'કોલાજ' વર્ક માટે રાષ્ટ્રીય એવોર્ડ પણ મળેલો છે. ભારતીય નૃત્ય કુચીપુડીના પણ જાણકાર છે.

મૂળ ભુજના અને હાલે મુંબઈ સ્થાયી થયેલા શ્રીમતી આનંદીબેન મેવચાએ 'બિઝનેસ મેનેજમેન્ટ' ક્ષેત્રે કચ્છને અને જ્ઞાતિને ગૌરવ અપાયેલું છે. માર્કેટિંગ વિષયમાં ડિસ્ટીંકશન સાથે એમ.બી.એ. થયેલા આનંદીબેન જ્ઞાતિના પ્રથમ મહિલા છે. હાલે તેઓ મુંબઈમાં રિલાયન્સમાં માર્કેટીંગ એક્ઝીક્યુટીવ છે. તેમના પિતા શ્રી કાંતિભાઈ હેડાઉ કસ્ટમ ઓફિસર છે.

અંજાર નિવાસી માનસીબેન વીસાપરમાર ભારતીય નૃત્ય કળામાં પારંગત છે. એમણે ભારત નાટ્યમમાં સ્નાતક કરેલું છે.

ભુજના શ્રીમતી બીનાબેન કંસારા જ્ઞાતિના પ્રથમ ટેક્સ કન્સલ્ટન્ટ તરીકે કાર્ય કરતા મહિલા છે.

ભુજના શ્રીમતી લતાબેન સોલંકી ભુજ નગરપાલિકામાં કાઉન્સિલર તરીકે તથા નગરપાલિકાના ઉપપ્રમુખ રહી ચૂક્યા છે.

ભુજના તેજલ અને હીના રામદાસ પોમલ ફોટોગ્રાફી કળા ક્ષેત્રે પ્રગતિશીલ છે.

આ સિવાય પણ જ્ઞાતિની અનેક મહિલાઓ શિક્ષણ, મહિલા ઉત્કર્ષ, આધ્યાત્મિક અને સમાજસેવાના કાર્યોમાં અગ્રેસર છે. તદુપરાંત ઘરેણામાં સાંકળની ચેઈન બનાવવી, ઘુઘરીઓ બનાવવી, આંકડાઓ ખોલવા જેવા કાર્ય કરતી મહિલાઓ આપણા સમાજની કળાકુશળ મહિલાઓનું પ્રતિબિંબ છે.

**ઉપરોક્ત લેખ સ્વર્ણિમ વિશેષાંકમાં પ્રકાશીત થયો હતો. હવે આજની પરિસ્થિતિ વિષે વિગતો મોકલવા વાચકોને વિનંતી.**

---

**અનુસંધાન પાન નં. ૭નું ચાલુ...**

**ઉપસંહાર :** ઉપરોક્ત વિશ્લેષણ 'સ્થળ સ્થિતિ સાપેક્ષ' છે. એટલે સમગ્ર સમાજ માટે એનું સામાન્યીકરણ ન થઈ શકે. એ માટે ગહન અને વિસ્તૃત અભ્યાસ આવશ્યક છે. આપણા ત્રણ સમાજો (રાયપુર, અંજાર અને અમદાવાદ) એ પરિવાર પુસ્તિકા પ્રકાશિત કરેલી છે, જેમાં વિસૃત માહિતી છે. બીજા સમાજો જ્યારે એવી પરિવાર પુસ્તિકાઓ પ્રકાશિત કરશે ત્યારે તેના વિશ્લેષણ દ્વારા સમગ્ર સમાજની વાસ્તવિક તસવીર ઉભારી શકાશે. છતાં આવા 'સ્થળ સ્થિતિ સાપેક્ષ' અભ્યાસો પણ સમાજની સમસ્યાઓ તેમજ પ્રગતિલક્ષી વલણો તરફ ધ્યાન અવશ્ય દોરી શકે.

આ અભ્યાસ માટે વિવિધ સમાજ અગ્રણીઓ, યુવા સાથીઓ અને સહયોગીઓને માહિતી પ્રદાન કરી તે બદલ 'જ્ઞાતિસેતુ પરિવાર' તેમનો હાર્દિક આભાર માને છે.

# દશમાં વર્ષે 'સેતુ'ને વધામણા

**– પી. જી. સોની 'દાસ'**

આપણા 'જ્ઞાતિસેતુ' ને ઉછેરવામાં જેમનો સિંહ ફાળો છે એવા આદરણીય તંત્રીશ્રી હંસરાજભાઈ કંસારા, સેતુને શણગારવામાં જેઓ સતત ચિંતન કરતા અને તંત્રીમંડળના મનભરીને માવજત કરતા અતુલભાઈ સોની, મનુભાઈ કોટડિયા, તુલસીભાઈ કંસારા તથા તંત્રી મંડળ, જાહેરાત - લવાજમ વિભાગ, સૌ માનદ્ સંયોજકો, પ્રતિનિધિઓ, જ્ઞાતિના મોભીઓ તથા બહોળો વાચક વર્ગ ધરાવતા એવા સૌના સહિયારા સથવારે આજે સેતુ સશક્ત બન્યું છે. સેતુ હવે ઉંમરલાયક થયું છે ત્યારે આજે દશમા વર્ષના અવસરે સેતુનું ફલક ઓર વિસ્તરે એવી એક ઉમદા તક આવી છે અને સેતુ પરિવાર આ તકને અણમોલ અવસરમાં પલટાવીને સૌ સુજ્ઞ જ્ઞાતિજનોના સથવારે આગામી સમયમાં સેતુ હજુ વધારે સિદ્ધીના સોપાનો સર કરે એવી મનોકામના. મને લાગે છે કે એના માટે સેતુના સર્વે મોભીઓ કટિબદ્ધ છે, આશાવાદી છે, ઉત્સાહી છે.

સેતુ દશાબ્દી નિમિત્તે કાર્યક્રમોના વાચકો તેમજ શુભેચ્છકોના આયોજન માટે તંત્રીમંડળે, વિચારો માગ્યા છે, તે 'સેતુ'ની ઉચ્ચ પ્રણાલીનું દ્યોતક છે. આ અંગે હું મારા વિચારો અત્રે જણાવું છું. આશા છે એનો યોગ્ય પ્રતિસાદ મળશે.

● સેતુ પરિવારના નેજા હેઠળ આગામી દિવસોમાં કચ્છમાં ભુજ અથવા આસપાસના વિસ્તારમાં (સંભવીત સ્થાન વાંઢાય) એક સેમીનારનું આયોજન કરવા નખત્રણાના ભરતભાઈ બગા તથા કોઠારાના અગ્રણી મા, ચુનિભાઈ પોમલે પણ આવનારા આ અવસર માટે સુર પુરાવતો જણાવ્યું હતું કે આમ તો ઘણા સમય પહેલાં આવો સેમિનાર યોજવાની જરૂર હતી અને આ અંગે સેતુના મોભીઓ તેમજ જ્ઞાતિ અગ્રણીઓ સાથે પણ અવાર-નવાર ચર્ચા વિચારણા થતી રહેતી હતી પણ હવે સેતુના દશમાં વર્ષે આ તક પ્રાપ્ત થઈ છે ત્યારે આપણે સૌએ સાથે મળીને સેતુ માટે કંઈક કરી છૂટવું જોઈએ એવું આ બંને મોવડીઓ ઉમેર્યું હતું.

● એક સૂચન પ્રમાણે કચ્છ- અમદાવાદ વિગેરે સ્થળેથી અંદાજે ૧૦૦ જ્ઞાતિ અગ્રણીઓને આમંત્રિત કરીને આખા દિવસનો કાર્યક્રમનો આયોજન કરીને ૩ સત્રમાં સેતુ માટે મને મુક્ત-ચિંતન અને ચર્ચા કરવી જોઈએ. સેતુ માટે અભિપ્રાયો - મંતવ્યો મેળવવા જોઈએ અને એ બેઠકનાં અંતે કંઈક નક્કી અને ઠોસ પગલાં ભરાય એવું સર્વાનુમતે નક્કી થવું જોઈએ. 'સેતુ'ને આપણા સમસ્ત સમાજે માનભર સ્થાન આપ્યું છે ત્યારે આવા ચિંતન શિબિર થકી જ્ઞાતિ સમસ્તના મોભીઓ-એમના જ્ઞાતિલક્ષી કાર્યક્રમોમાં સેતનું સ્થાન અને અપેક્ષિત યોગદાન નક્કી કરી શકશે.

● સેતુ દરેક જ્ઞાતિજનોના ઘર-ઘરમાં નિયમિત પહોંચે અને હાલમાં જે બે માસે પ્રકાશિત થાય છે તેને દર માસે પ્રસિદઘ કરવું જોઈએ એવું સૂચન ભુજમાં અમુક અગ્રણીઓએ કરતા જણાવ્યું હતું કે દરેક શહેર કે મુખ્ય ગામોમાં આપણા સેતુના જ્ઞાતિના માનદ્ પ્રતિનિધિ હોવા જરૂરી છે. સેતુના માધ્યમથી સમાજ વધારે નિકટ આવશે, જાણ-પહેચાન વધશે. સેતુમાં દરેક નાના મોટા જ્ઞાતિજનો પોતાની વાત વિગતે મુક્ત મને કહી શકે સેતુ દરેકની વાતને વાચા આપશે એવો સેતુનો અભિગમ છે અને કાયમી રહે એવી સમયની માંગ છે. સેતુ સમાજલક્ષી સાથે સેવાલક્ષી પણ બની શકશે.

● સેતુના પ્રગતિશીલ દાયકાની ઉજવણી પ્રસંગે અને સેતુને છાજે એ ઢબે આ અવસરે કોઈ કચાસ રહેવી જોઈએ નહીં આ પ્રસંગે સેતુને સહયોગ આપનારા, વિજ્ઞાપન આપનારા, સમાજના શ્રેષ્ઠીઓ, તેમજ દાતાશ્રીઓનું પણ યથાયોગ્ય સન્માન થવું જરૂરી છે. આ અવસરે ભલે પ્રતિકરૂપે પણ આપણી જ્ઞાતિના સૌથી વયોવૃધ્ધ વડીલોનું સન્માન શિક્ષણ તેમજ અન્ય ક્ષેત્રે કાઠું કાઢ્યું હોય એવા વિદ્યાર્થીઓનું પણ પ્રતિકરૂપે સેતુ દ્વારા સન્માન થવું જોઈએ. એવું સૂચન પણ અમુક અગ્રણીઓએ કરેલ છે.

● આ પ્રસંગે સેતુનો એક ખાસ વિશેષાંક પણ બહાર પડવો જોઈએ. એમાં અન્ય જ્ઞાતિઓના સાહિત્યકારો - સંપાદકો - લેખકોના આ સંબંધે મંતવ્યો - લેખો સમાવવા જોઈએ.

● સેતુના સંગાથે સેમિનાર સ્થળે સવારે ૧૦ થી સાંજે ૬ સુધીમાં ૩ સત્ર રાખવા જોઈએ. સવારે ૧૦ થી ૧માં આમંત્રિત જ્ઞાતિજનો - અગ્રણીઓ સાથે સેતુ માટે ચર્ચા - વિચારણા - ચિંતન - સૂચનો - અભિપ્રાયો મેળવીને - નિર્ણયાત્મક રીતે કાર્યસૂચિ અને પ્રણાલી નક્કી કરવી જોઈએ.

● બપોર પછી ૩ થી ૫ના સત્રમાં મારા મંતવ્ય મુજબ જ્ઞાતિજનો ઉપરાંત અન્ય લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારો - લેખકો સંપાદકો વિગેરે વિ. વિશેષ ઉપસ્થિતિમાં એમનું માર્ગદર્શન લેવું જોઈએ.

● છેલ્લે ૧ કલાક ૫ થી ૬ સુધી સમાપન સત્ર રાખવું જોઈએ. જેમાં સેતુના મોભીઓ દ્વારા ઉપસંહાર થવું જોઈએ જેથી સેતુ માટે સમગ્ર દ્રષ્ટિકોણથી સેતુ માટે યોગ્ય અને નક્કર કાર્યવાહી થઈ શકે.

આપણા મહામંડળ ઉપરાંત ભુજ જ્ઞાતિ મંડળ, અંજાર, નખત્રાણા, માંડવી, સમગ્ર પશ્ચિમ કચ્છ તેમજ કચ્છ બહાર વસતા જ્ઞાતિજનો તરફથી પણ સેતુને સદાય હુંફ અને હિંચારી મલતા રહે છે અને મળતા રહેશે એવો સેતુને વિશ્વાસ છે.

# દશાબ્દી સંદર્ભે સૂચનો

**રોહીણી ભરત બુદ્ધભટ્ટી**

સૌ પ્રથમ તો જ્ઞાતિસેતુના સમગ્ર પરિવારને નવ વર્ષ પૂરા કરીને દશમાં વર્ષમાં પ્રવેશ નિમિત્તે શુભેચ્છા. નવ-નવ વર્ષ સુધી સમગ્ર મારૂ કંસારા સમાજ જે સારાયે ભારતવર્ષમાં વસવાટ કરી રહ્યો છે તેમજ ભારતની બહારના કુટુંબોને પણ એક તાંતણે બાંધી વિચારોના આદાન-પ્રદાનની સેવા સૂપેરે નિભાવનાર - જ્ઞાતિસેતુ આજે ગર્વથી, શાનથી, દસમાં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. ત્યારે મારા થોડા વિચારો સૂચનો આ સાથે લખું છું. આશા છે વાચકોને ગમશે.

● સૌ પ્રથમ આપણે આપણી જાત ને સવાલ પૂછીએ હું કોણ છું ? ● હું મારા માટે શું કરી શકું ? ● સમાજ માટે શું કરી શકું ? ● કદાચ આપને નવાઈ લાગશે આ શું પૂછી રહી છું. પરંતુ જ્યારે આપણે આપણી જ ઓળખ ભૂલી ગયા હોઈએ તો ત્યારે સમાજને આપણે શું આપવાના ?

અત્રે ક્ષમા ચાહીશ, કદાચ વધુ પડતું લાગતું હોય તો ? પરંતુ આજે માનવી ફક્ત 'સ્વ'નો જ વિચાર કેર છે. આમ થયું તો એમાં મને શું ફાયદો ? અથવા આનું આવું થયું એમાં મારે શું ?

આજે જ્યારે કૌટુંબિક ભાવના, પ્રેમ, લાગણી એવી વ્યક્તિ સમાજ માટે શું કરશે ? અહીં વ્યક્તિમાં (સ્ત્રી-પુરુષ) બંને આવી જાય છે.

જ્યારે કુટુંબના મોભી જ કુટુંબ પ્રત્યેની જવાબદારીમાંથી છટકી જઈ પોતાનું જ પેટડું ભરવાની પેરવી કરે છે ત્યારે તે મોભી કે વડીલ કુટુંબ તરફથી પ્રેમ કે સન્માનની આશા રાખે તે સદંતર ખોટી છે.

આ વડીલો કે મોભી કંઈ કળિયુગના પહેલાના નથી કે સમસ્ત કુટુંબબ તેમના અન્ડરમાં જ રહીને કહે તો કુવામાં પણ ઠેકી જાય. આજનો મનુષ્ય પોતાના માટે સમાજ માટે કંઈક કરવાની ખેવના રાખે જ છે પરંતુ ધનથી નહી તો તનથી કે મનથી પણ સમાજ માટે કરેલું યોગદાન એળે નથી જતું. કદાચ સારા વિચારો પણ એણે રોપ્યા હશે તો એ વિચારોમાંથી નવું માળખું આજના યુવાવર્ગને ઉપયોગી થઈ પડશે.

સમાજ હંમેશા વ્યક્તિ સમુદાયથી બને છે અને વ્યક્તિ સમુદાય માટે વ્યક્તિએ પોતે સહજે પોતાના આચરણ વિશે વિચારવાનો સમય આવી ગયો છે.

જો સમાજને મજબુત કરવો હશે તો દરેકે દરેક વ્યક્તિએ પોતાના વિચારસરણીમાં ફેરફાર કરવો પડશે.

શિસ્તપાલન, પરસ્પર પ્રેમની ભાવના, કૌટુંબિક વલણ વગેરે અંગે ફરીથી વિચારવાની જરૂર છે. કયાંક આપણે જે બધી આશાઓ બીજા પ્રત્યે રાખીએ છીએ એમાં આપણે તો ઊણા નથી ઉતરતાને આમ વિચારવાની જરૂર છે

**વિશેષ સૂચનો :** ● ડિફેન્સની સર્વિસ અંગે માહિતી જ્ઞાતિસેતુમાં આપવી અને યુવાનોને તેમાં જોડાવા માટે પ્રોત્સાહન પુરુ પાડે તે અંગેની માહિતી પુરી પાડવી.

● આપણી વ્યવસ્થાપન અંગેની માહિતી પુરી પાડવી.

● હેલ્થ અંગેના લેખોનો સમાવેશ કરવો.

● પોસ્ટ ગ્રેજ્યુએશન પછીના કોર્સિસ અંગેના લેખોનો સમાવેશ કરવો તેમજ સરકારી અથવા કોર્પોરેટ તેમજ અન્ય ક્ષેત્રે નોકરીઓની ઉપલબ્ધી અંગે સર્વિસીસ અંગેની માહિતી સમયાંતરે પ્રસ્તુત કરવી.

● ધો. ૧૦-૧૨ પછીના કોર્સિસની માહિતી તેમજ કારકિર્દી ઘડતરના લેખો છાપવા વગેરે.

● બહેનો માટેના ખાસ અભ્યાસ અંગેના લેખો અંગે તજજ્ઞો દ્વારા માહિતી મેળવવી.

● ઘરગથ્થુ ઉદ્યોગો તેમજ તે અંગેની ટ્રેનિંગ, સ્થાપના માટે લોન વગેરેની વ્યવસ્થા અંગેના લેખો તજજ્ઞો દ્વારા છણાવટ વગેરે અંગેના લેખો.

વધુ ન કહેતા લખતા ફરીથી જ્ઞાતિસેતુ પરિવારને 'દશાબ્દી વર્ષ પ્રવેશ' અંગે ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

**રોહીણી ભરત બુદ્ધભટ્ટી-મંત્રી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

## વિશિષ્ટ પ્રતિભાને સો સો સલામ...



**સોની મિતલબેન જયસુખભાઈ ગોહિલ,** જાતે 'વિકલાંગ' 'મુકબધીર' હોવા છતાં નોર્મલ સ્કુલ, શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ, ભુજમાં અભ્યાસ કરીને, ધો.૧૦ની પરીક્ષા આપીને ૫૦% માર્ક સાથે પાસ થયેલ છે તે પણ વગર ટ્યુશને અને પોતાની જાત મહેનતે તેમણે આ સિદ્ધી પ્રાપ્ત કરેલ છે. તેણીએ આ સિદ્ધી પ્રાપ્ત કરીને પોતાનું તથા પોતાના પરિવારનું નામ રોશન કરેલ છે. આપણા સમાજની એક વિકલાંગ (Physically Challange) દિકરીએ સ્વ-પ્રયત્નથી જે સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. તેની નોંધ સમસ્ત સમાજ લેશે તેવી આશા સહ.. જ્ઞાતિસેતુ પરિવાર તરફથી કુ. મિતલને સો સો સલામ...

# દશાબ્દી સંદર્ભે સૂચનો

– લત્તા સોલંકી-ભુજ

જ્ઞાતિસેતુનો આગામી અંક 'દશાબ્દી પ્રવેશાંક' એ જ્ઞાતિસેતુની 'અવિસ્મરણીય અને મનભર યાત્રાનો પડાવ છે. આશા છે દશાબ્દી દરમ્યાન સેતુના બધા આગામી દરેક અંક વિશેષાંક બની રહેશે. આગામી અંકો વિશિષ્ટ બનશે આ અંગે નમ્ર સૂચનો........

(૧) જ્ઞાતિજનોમાં પ્રેમ, એકતા, સમર્પણની ભાવના ઉજાગર તેવા લેખ, વાર્તા, કવિતા, સત્ય ઘટનાનું આલેખન કરતા લેખો રચનાઓ લઈ શકાય અને તેના લેખકોને પ્રોત્સાહન આપવા પ્રથમ, દ્વિતીય ઈનામો આપી શકાય. આપણા જ્ઞાતિ વડિલો શ્રેષ્ઠીઓ આ માટે સેતુને પ્રોત્સાહન આપી શકે છે.

(૨) સામાજીક ચેતનામાં જાગૃતિ આવે એવી ચર્ચા, વિચારણા અને ઉકેલના લેખ, સમાજને રાહ ચિંધતી કોઈ ઘટનાનો વિસ્તારપૂર્વક ઉલ્લેખ.

(૩) યુવા વર્ગ માટે જ્ઞાતિસેતુએ વિશેષ ધ્યાન ખેંચતા આર્ટીકલ્સ જેમાં શિક્ષણ અને રોજગાર મુખ્ય હોય. શિક્ષણ માટે જ્ઞાતિસેતુ એજ અગાઉના અંકોમાં પહેલા જે લેખો આપેલ છે તેનો વ્યાપ વધારી વિદ્યાર્થીઓ માટે જુના નવા કોર્સની સંપૂર્ણ જાણકારી મળે, તેની ફી, સ્થળ, સ્કોલરશીપ લોન કઈ રીતે મળી શકે એવી વિસ્તૃત માહિતી દરેક અંકમાં મળતી રહે. રોજગારી માટેની કોલમમાં નોકરી, વ્યવસાય અને ઉદ્યોગો વિશેના લેખ જેમાં યુવાઓ માટે કેટલો સ્કોપ છે તેની જાણકારી મળતી રહે. ઉદ્યોગો ઘણા સ્થપાયા છે તો તેની ટ્રેનિંગ ક્યા અને કઈ રીતે મળી શકે તેની વિશિષ્ટ જાણકારી મળે. જેથી યુવાઓને લાભ થશે.

(૪) બહેનો માટેની કોલમમાં સ્ત્રીઓને સાંકળતા વિષયોની જીણવટ ભરી છણાવટ, જેથી સ્ત્રીઓના સામાજિક, માનસીક અને આર્થિક વિકાસના દ્વારો ખૂલે.

(૫) ધાર્મિક કોલમમાં ધર્મદર્શનનો વ્યાપ વધારી ધાર્મિક પુસ્તકો અને સંતોના પ્રેરણાદાયી પ્રસંગોનો ખાસ ઉલ્લેખ થાય તો આપણું મનોબળ અને કાર્યક્ષમતામાં વધારો થશે.

(૬) બાળકો માટે એક નાનકડો 'શબ્દ બાગ' જેમાં બાળગીત, બાળવાર્તા, ટુચકાની હિંચકાને લસર પટ્ટી હોય. દરેક અંક જો વિશેષાંક હોય તો તે વિષયને લગતા ચિત્રો, બાળકો દ્વારા દોરાય એને ઈનામ આપી પ્રોત્સાહિત કરી શકાય.

(૭) રાષ્ટ્રીય તહેવાર સમયના અંકમાં રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરે તેવા આર્ટીકલ લઈ શકાય.

(૮) ધંધા, ઉદ્યોગ, શિક્ષણ, કલા, સાહિત્ય, રમતગમત અને અન્ય ક્ષેત્રે વિશેષ યોગ્યતા ઝળહળતી સફળતાને વરેલ વ્યક્તિના ઈન્ટરવ્યુની એક કોલમ..

આવા અનેક સમાજોપયોગી કાર્યમાં જ્ઞાતિસેતુ પોતાની કલમને નિરંતર વાચા આપતી રહી છે અને આપતી રહેશે. એવા દૃઢ વિશ્વાસ સાથે જ્ઞાતિસેતુ હંમેશા અગ્રેસર રહે એવી શુભેચ્છા સહ...

***લત્તાબેનના સર્વે સૂચનો આવકારદાયક અને વિચાર પ્રેરક છે. 'સેતુ પરિવાર' આ સૂચનોનો અમલ કરવા યથા સંભવ પ્રયાસ કરશે જ. સાથે સાથે સેતુ પરિવાર પણ ઉપરોક્ત સૂચનો સંદર્ભે, એની મનોકામના વ્યક્ત કરે છે. આશા છે, વાચકો, સમાજના પ્રબુદ્ધ વડિલો, શ્રેષ્ઠીઓ તેમજ બૌદ્ધિકો એનો યોગ્ય પ્રતિસાદ આપશે. – મુખ્યતંત્રી***

***સેતુ - દશાબ્દી વર્ષથી કેટલાક સ્તંભો, ખાસ કરીને 'મહિલા વિશ્વ' અને બાળ વિભાગ, કાયમી કરવા ઈચ્છે છે, જેનું આયોજન, સંકલન, સંપાદન મહિલા મંડળની પ્રબુદ્ધ બહેનો સંભાળે તો આ મહિલા વિશ્વ અને 'શબ્દ બાગ' સેતુના મજબૂત સ્થંભો બની શકે. આદિ ભુજના ઉત્સાહી પત્રકાર અને સામાજીક કાર્યકર શ્રી પી. જી. સોની 'દાસ' એ પ્રવાસન / પર્યટન / વિરાસત કોલમ નિયમીત રીતે આપવા ઈચ્છા વ્યક્ત કરી છે, જેનો પ્રથમ મણકો આ અંકમાં સામેલ છે. આશા છે, વાચકો આ વિભાગને વહાલથી વધાવશે.***

***અન્ય બાબતો જેવી કે શિક્ષણ / વ્યવસાય / અધ્યાત્મ / સત્સંગ અને સાંપ્રત સમસ્યાઓ તેમજ તહેવારો આદિ અંગે વાચકોને વિનંતી છે કે તેઓ તેમના રસ અને રુચિ તેમજ જાણકારી અનુસાર એમના લેખો મોકલે અથવા સ્થંભરૂપે - પ્રતિ અંકમાં આપવા ઈચ્છા વ્યક્ત કરે તે માટે સેતુ પરિવારનું તેમને હાર્દિક આમંત્રણ છે આશા છે યોગ્ય પ્રતિસાદ મળશે. 'સેતુ'નું સ્વપ્ન તો એવું છે કે સેતુ સમસ્ત સમાજનું બને. આપણા સમાજના પ્રબુદ્ધ વડિલો સામાજીક સંગઠન અંગે એમના વિચારો આપે, મહિલામંડળો - એમની પ્રગતિ વિષે, તેમજ યુવા મંડળો યુવાનોને ઉપયોગી હોય તેવી વિગતો આપી સેતુને સમૃદ્ધ કરે.***

– મુખ્યતંત્રી

# દશાબ્દી સંદર્ભે સૂચન

**– જીનલ સોલંકી (માંડવી) કચ્છ**

પા - પા પગલી કરતા કરતા આપણી 'સેતુ' આજ દસમાં વર્ષમાં પગરવ લેવા માંડી છે, ત્યારે જ્ઞાતિજનોને એનો ઉમળકો હોવો વાજબી જ છે. 'સેતુ' આજ એ માર્ગ પર આવીને ઉભું છે કે તેની સામે વિશાળ ફલર વિસ્તરેલું છે એનો રાજીપો છે આથી સમયે એ ખાસ જરૂરી છે કે સામે વિસ્તરેલ ફલક પર ચાલીને જ મુકામે પહોંચવું. ટૂંકમાં મારો કહેવાનો અર્થ છે આપણને માર્ગ વિસ્તારવાનો છે. માર્ગ અન્ય દિશાએ ફંટાવવાનો નથી. જમવાનું બનાવતા તો આવડી જ ગયું છે. ફક્ત વધારે સ્વાદિષ્ટ બનાવતા શીખવાનું છે... આ માટે ...

મારા મતે પ્રથમ તો 'સેતુ' ના દસ વર્ષ પુર્ણ કરવાની ઉજવણી ખૂબ જ જોર-શોરથી ઉજવવી જોઈએ. શક્ય હોય તો સેતુમાં પ્રત્યક્ષ પરોક્ષ રીતે જોડાયેલા માટે 'સ્નેહ કાર્યક્રમ' ગોઠવવો જોઈએ. દા.ત. અમારા જેવા કવિઓ માટે 'કવિ સંમેલન' રાખી શકાય. 'સેતુ'ના દરેક અંક વિશિષ્ટ હોય છે એમાં બેમત નથી પણ 'સેતુ' માં એકરૂપતા જળવાવી જ જોઈએ. દા.ત. પહેલા આપણા જુના અંકમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનારને મુખપુષ્ઠ પર સ્થાન આપ્યું હતું. આવું દર વર્ષે એકાદ અંકમાં કરવું જોઈએ.

બીજું 'સેતુ' માં જે લેખો લખે છે તે લેખકના નામ જોડે તેનો નાનો ફોટો આવે તો સોનામાં સુગંધ ભળે. 'સેતુ' દ્વારા અમુક કોલમો કાયમી કરો તો ખૂબ જ સારું દા.ત. એવી કોલમ હોય કે જેમાં એવી વ્યક્તિનો પરિચય આપવામાં આવે કે જેમણે ખૂબ જ સંઘર્ષ કર્યો છે. ખૂબ આગળ આવ્યા છે તો આવો પરિચય દર અંકમાં હોય. કોઈ લેખક ન મળે તો 'સેતુ' આહ્‌વાન કરે કે તમે જ તમારી 'ગાથા' લખો તો અન્યને પ્રેરણા મળે.

ત્યાર પછી 'સેતુ'ના પરિવાર સાથેનો વર્ષમાં એકવાર મેળાવડો ગોઠવો. વાર્ષિક સંમેલન થાય, ઉજવણી થાય તો નિકટતા વધે **બાકી તો 'સેતુ'ની આખી ટીમને બિરદાવવી જ રહી કારણકે તેમની મહેનતના કારણે જ આપણી 'સેતુ'ને આજ દસમું બેઠું છે.** ***Salute whole team..***

જીનલબેનનું સૂચન સ્વીકારી હવેથી લેખકનો નાનકડી તસ્વીર લેખ સાથે અવશ્ય મુકશું. બધા લેખકોને એમના લેખ સાથે સાથે માત્ર એક જ વખત પાસપોર્ટ સાઈઝ તસવીર મોકલવા અનુરોધ છે. **– મુખ્યતંત્રી**

## શ્રદ્ધાંજલી

**જન્મ તા. ૧૬-૧૦-૧૯૭૬**



**સ્વ. તા. ૨૫-૬-૨૦૧૩**

**સ્વ. ક્રિષ્ના અનીષ મેવચા (૩૬ વર્ષ)**

આપ ગયા પણ આપનો માયાળુ સ્વભાવ, કૌટુંબિક પ્રેમ અને સદ્‌ગુણો હંમેશા યાદ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સમસ્ત પરિવારની શ્રદ્ધાંજલી..

**આપનો શોકાતુર પરિવાર**

અનીષ જમનાદાસ મેવચા (પતિ)
જમનાદાસ ડી. મેવચા (સસરા)
રાજીવ અનિલભાઈ કંસારા-કેનેડા (નણદોઈ)
લક્ષ્મીકાંત જે. કોટડીયા-મુંબઈ-ઘાટકોપર (પિતા)

ધ્રુમીલ અનીષ મેવચા (પુત્ર)
સુશીલાબેન જમનાદાસ મેવચા (સાસુ)
જેતલ રાજીવકુમાર કંસારા-કેનેડા (નણંદ)
ભારતીબેન એલ. કોટડીયા (માતા)

**રહેઠાણ : જમનાદાસ ડી. મેવચા,**
બી-૧૬, વિષ્ણુપાર્ક સોસાયટી,
બંગલા સ્ટેન્ડ નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦.
(ઘર) ૦૭૯-૨૨૮૧૧૧૫૬

**ફર્મ : સિદ્ધાર્થ ડીજીટલ સ્ટુડિયો**
એ-૨, રાજ કોમ્પલેક્ષ, દેવી સિનેમા પાસે,
નરોડા બેઠક, અમદાવાદ.
મો. ૯૮૭૯૦૯૧૨૩૩, ૯૯૯૮૨૨૩૪૯૦

# દશાબ્દી સંદર્ભે સૂચન

**– બાબુભાઈ એન. સોની-મુંબઈ**

જ્ઞાતિ સેતુનો આગામી અંક 'દશાબ્દી પ્રવેશાંક' હશે આ વાંચીને અતી આનંદ થયો. ગત વર્ષ દરમ્યાન જ્ઞાતિસેતુ દ્વારા જ્ઞાન, માહિતી અને માર્ગદર્શન તો આપ્યું છે. તદ્ઉપરાંત જ્ઞાતિજનોના હૃદયના ખૂણામાં પડેલી વિચારશક્તિને ઉજાગર બુદ્ધિ વિકાસનું ઉત્તમ સેવાનું કાર્ય કર્યું છે.

આવા ઉત્તમ બૌદ્ધિક કાર્ય માટે જ્ઞાતિ સેતુના ત્રિદેવ એવી ત્રિપુટીને શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી અતુલભાઈ સોની અને શ્રી મનુભાઈ કોટડીયાને આવા કઠીન કાર્ય માટે લાખ લાખ અભિનંદન.

હું પોતે પણ તેમના જ આદર્શ વિચાર પરિવારનું પાત્ર છું એટલે સમજી શકું છું કે આ કાર્ય આસાન નથી. આ કાર્યમાં ઈન્ટરવલ જ નથી એટલે ફરીથી તેમને અને તેમની ટીમને અભિનંદન આપું છું.

મને યાદ આવે છે એ દિવસો, જ્યારે હું અને હંસરાજભાઈ વીસેક વર્ષના હતા. ૧૯૫૨ની પાવાગઢ પરિષદમાં અમારી વિશેષ ઓળખાણ થઈ. ત્રણ ચાર દિવસ સાથે રહ્યા. વૈચારીક તાલમેલને કારણે અમે ખાસ મિત્રો બની ગયા. પરિષદના બીજા દિવસે કચ્છ વિભાગના ભાઈઓની મિટીંગ લેવામાં આવી, તેમાં પણ અમે બંને જણ સક્રિય રહ્યા. જ્ઞાતિજનો સમક્ષ બોલવાનો અમારો પ્રથમ પ્રયાસ હતો.

'ઉન્નતી' માસિકના પરિષદનાં વિશેષ અંક માટે મારો લેખ 'મારું સ્વપ્ન' અને હંસરાજ ભાઈનો 'ઉન્નતી એટલે શું ?' આ બંને લેખ છપાયા. એ વખતે ઉન્નતીના માનનીય મંત્રી કપિલાબેન ખાંડવાળા હતા.

મારા લેખની ઓરિજનલ અંકની પ્રત મારી પાસે છે. આ દશાબ્દી વર્ષ દરમ્યાન જ્ઞાતિસેતુમાં જરૂર મોકલાવીશ વાંચીને આપને આનંદ થશે કે કાલીઘેલી ભાષામાં અમારા મનમાં જ્ઞાતિ વિકાસના કેવા કેવા સ્વપ્ન હતા.

મનુભાઈ કોટડીયા સાથે ભુજમાં ઓળખાણ થઈ, ત્યાર પછી હું અમદાવાદ ગયો એમની મહેમાનગતિ માણી એમના જ્ઞાતિ સેવાના ઉચ્ચ વિચારોથી હું પ્રભાવિત થયો. અતુલભાઈને તો પરોક્ષ ઓળખતો હતો. એમના પિતાજીના સમયથી હું જ્યારે પણ અંજાર જાઉં ત્યારે શંકરભાઈને જરૂર મળતો.

૨૦૦૪માં જ્ઞાતિસેતુ શરૂ થયું અમદાવાદ જ્ઞાતિ સમાજે આ ઉમદા કાર્ય શરૂ કર્યું. તેને સૌથી વધુ આનંદ મને થયો છે. પરંતુ આનંદ વ્યક્ત કરવાનો અવસર મને આજ મળ્યો છે. કારણકે છેલ્લા ૬૬ વર્ષથી મુંબઈમાં વસું છું. મુંબઈ અને મહારાષ્ટ્ર લેવલ પર ઘણા સામાજીક, ધાર્મિક શૈક્ષણિક કાર્યો કરું છું. ઘણુ બધુ લખું છું. કૌટુંબિક - ધંધાકીય જવાબદારીઓ ખરી, સાથે 'મુંબઈ જ્ઞાતિ સંગઠન' માટે પાયોનિયર બની બે વર્ષની સખત મહેનત પછી આજથી ૩૭ વર્ષ પહેલા શુભ મુહુર્તમાં મંડળની સ્થાપના થઈ અને તે અવિરત ચાલુ રહી છે. તે પછી ૧૯૬૩માં ગોલ્ડ કંટ્રોલ આવ્યો અને હું સુવર્ણકારોની સેવામાં જોડાયો જે આજ પણ ચાલુ છે. ૧૯૮૩-૮૪માં મુંબઈ જ્ઞાતિનું પહેલું 'વસ્તી પત્રક' બનાવ્યું આખા ભારતમાં આપણી જ્ઞાતિનું આવું સાહિત્યીક વસ્તીપત્રક પ્રથમ જ બન્યું. ત્યાર બાદ જુદા જુદા પ્રદેશોના વસ્તીપત્રકો બન્યા. એટલું જ નહિં આપણી સમસ્ત જ્ઞાતિનું પિતૃ પ્રદેશ મારવાડનું વસ્તીપત્રક પણ ૧૯૯૦-૯૧માં બન્યું. આમ ઘણું બધુ કાર્ય મુંબઈમાં થયું. પરંતુ આપ લોકોએ તેમજ આપની ટીમે જે ઉમદા કાર્ય કર્યું તે ખરેખર અનુકરણીય છે. અભિનંદનીય છે તે બદલ ફરીથી આપ સર્વેને ધન્વાય અને બહુહેતુક જ્ઞાતિ સેવાના કાર્યમાં સફળતાના શિખરો સર કરો તેવા હૃદયપૂર્વકની શુભેચ્છા અભિનંદન ધન્યવાદ....

તા.ક. વસ્તીપત્રકની વાત કરતા મને યાદ આવ્યું. આપણી સમસ્ત જ્ઞાતિનું વસ્તીપત્રક બનવું જોઈએ. મને વિશ્વાસ છે કે આ કામ જ્ઞાતિસેતુ જ કરશે એવી અભિલાષા...અસ્તુ.

## 'જ્ઞાતિસેતુ' દશાબ્દી વર્ષ ઉજવણી માટે લોગો ડિઝાઈન પ્રતિયોગિતા

'જ્ઞાતિસેતુ' દ્વારા દશાબ્દી વર્ષની ઉજવણી થઈ રહેલ છે. સમગ્ર વર્ષ દરમ્યાન દશાબ્દી વર્ષ ઉજવણીના કાર્યક્રમો તથા આગામી અંકોમાં દશાબ્દી વર્ષ સંદર્ભે સંદર્ભના લેખો સાથે પ્રસિદ્ધ કરવાના હેતુથી જ્ઞાતિના ગ્રાફિક્સ ડિઝાઈનર, ચિત્રકારો, આર્ટીસ્ટ તથા વાચકોને દશાબ્દી વર્ષ ઉજવણીનો યોગ્ય લોગો ડિઝાઈન કરવા એક પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવેલ છે. આપ આપની ડિઝાઈન કોમ્પ્યુટર ગ્રાફિક્સ દ્વારા અથવા આર્ટ પેપર ઉપર દોરી આગામી તા. ૩૧-૧૦-૨૦૧૩ સુધીમાં જ્ઞાતિસેતુના નીચેના સરનામે મોકલી આપવા વિનંતી છે. લોગો પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામેલ લોગો ડિઝાઈનના આર્ટીસ્ટને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

**અતુલ સોની** ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**ઈ-મેલ** : editor@gnyatisetu.com

# ભુજ, સેતુ અને આપણે

– તુલસી કંસારા

નવ વર્ષનો સમય એટલે ત્રણ હજાર બસો અને પંચ્યાસી (૩૨૮૫) દિવસો... જે દરમિયાનમાં બે-પાંચ વિચારવંત લોકો, પોતાના કામકાજ કરતા કરતા, સમાજ સેવા તરીકે, ધારે તો શું કરી શકે.. તેઓ સિમેન્ટ-ક્રોંકીટ વિના પણ એક વિશાળ પુલ રચી શકે.. જેનો એક છેડો કચ્છની મધ્યમાં ભુજ સાથે સંકળાયેલ હોય અને બીજો છેડો અમદાવાદમાં સેટેલાઇટથી લઈને મણીનગર તેમજ અન્ય વિસ્તારોમાં વિસ્તરેલો હોય અને એ જગ્યાએથી શરૂ થયેલ આ નવતર રસ્તાને જોડતા કેટલાય સેતુઓ રચાયા હોય !

આ દિવસો દરમ્યાન. જ્ઞાતિસેતુનો પ્રથમ અંક મેં જ્યારે જોયેલ ત્યારે પહેલી નજરે મને તે કોઈ અલંકારોનું આલ્બમ હોય તેવું લાગેલ. પરંતુ આજે ઉભું થયેલ નેટવર્ક જ્યારે નિહાળું છું ત્યારે લાગે છે કે આમાં તો કચ્છની ધરાના અનેક રંગો પ્રદર્શિત થઈ રહેલ છે. આપણી ત્રણ-ચાર પેઢીઓના રંગબેરંગી મિજાજો જાણવા મળે છે. જાણે યુવા પેઢી અને સિનીયર સીટીઝનો કદમથી કદમ મિલાવી એક સાથે ચાલી રહેલ છે.

કેન્દ્રમાં દિલ્હી, તેની એક તરફ, કલકત્તા, રાયપુર, નાગપુર, સિંકરાદબાદ વગેરે અને બીજી તરફ કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને તેને ફરતા એક મોટા વર્તુળમાં હિન્દુસ્તાન બહાર આફ્રિકા, યુ.કે. અમેરિકા, સ્વિટ્ઝરલેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે અનેક બિંદુઓને સાંકળતા કેડીયમની રેણ જેવા શુદ્ધ અને મજબુત બનાવેલ એક સુંદર, નકશીદાર નયનરમ્ય નવલખા હાર જેવો આજે આ 'જ્ઞાતિસેતુ' બની ગયેલ છે.

આજ તો હતો સેતુનો હેતુ.. એક મેકને ઓળખવાનો... રૂબરૂ મળો ન મળો પરંતુ નામથી જાણો, લખાણથી ઓળખો, એક બહોળા પરિવારના છૂટા છવાયા અને એકબીજાથી દૂર દૂર વસેલા આપણા પરિવારોને વસવાટના સ્થળે બનતી બીનાઓથી વાકેફ રહો, દિકરા-દિકરીની પૂછપરછ માટે એક પ્લેટફોર્મ મળે, વિસ્તરતા અને વિખરાતા સમાજના ઢીલા પડતા તાણા-વાણા થોડા મજબૂત બને.

**એકમેકને ઓળખવાનો છે હેતુ, રચાયો છે મળવાનો સુંદર સેતુ.**

અમદાવાદમાં મંડળની શરૂઆત થઈ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૨ને દિવસે અને પ્રથમ પ્રોજેક્ટ હાથ પર લીધો. પરિવાર-પરિચય નિર્દેશિકા (વસ્તી-પત્રક) ૨૦૦૩, જેને જન્મ લેતાં નવેક મહિનાનો સમય લાગ્યો... કારણ પ્રથમ બંધારણ બન્યું. ત્યારબાદ બ્રેઈન-સ્ટોમીંગ મિટીંગો ચાલી અને એ વલોણામાંથી ઉભરીને આવેલ માખણ જેવુ સરળતાથી પચી જાય તેવું એક સૂક્ષ્મ 'એકમેકને ઓળખવાનો હેતુ, રચાયો છે મળવાનો સુંદર સેતુ' જે ખરેખર તો બન્યો સ્થાનિક સેતુ, જેમાં હતી આજના સેતુની પંચ લાઈન (એકમેકને ઓળખવાનો..) અને આમ નંખાયો સેતુનો પાયો અને ત્યાર બાદ શરૂઆત થઈ, 'જ્ઞાતિસેતુ' ઓગષ્ટ-૨૦૦૪ ના પ્રથમ અંકથી. સમય અને સાધનની મર્યાદાને કારણે તેની સંખ્યા દ્વિમાસિક સ્વરૂપે દર વર્ષે છની કરવામાં આવી.

તે અરસામાં મનુભાઈ કોટડીયાની ઓફિસમાં કરેલી કવાયતો અને આ નિર્દેશિકામાં દેખાતો લોગો કે આઈકન બનાવવામાં મળેલ આર્ટીસ્ટ ભાઈ શ્રી જયેશનો સથવારો... તે બધું આજે પણ... નજર કે સામને હૈ ! આ નિર્દેશિકા ભાઈશ્રી ગિરીશભાઈ અને રાજેન્દ્રભાઈ બારમેડાના પિતાશ્રી કાંતિલાલભાઈની પ્રેરણા અને ઉદારદિલ આર્થિક સહાયને કારણે જ શક્ય બનેલ. બાકી બધો ઈતિહાસ છે.. પાયાના પત્થરો હજુ આજે પણ સતત દસ વર્ષોથી કાર્યરત છે.

શ્રી હંસરાજભાઈ કંસારાની પ્રેરણા પ્લસ પરિશ્રમ સાથે મનુભાઈ, અતુલભાઈ અને શૈલેષભાઈની ગમે તેવા સંજોગોમાં કાર્યરત રહેવાની તત્પરતાથી થયેલ એક શુભ શરૂઆત અવિરતપણે વિસ્તરતી રહેલ છે જે આ લખનાર માટે ગૌરવની વાત છે.

**સાયબર યુગમાં સેતુ :** પુરાણોમાં નોંધાયેલ કલિયુગ પુરો થવામાં છે. અને હવે આપણે સાયબર યુગમાં પ્રવેશી ચુક્યા છીએ. તેણે દુનિયા નાની બનાવી દીધેલ છે. આજે લાગતા-વળગતા ચેટ પર અને નેટ પર એક બીજા સાથે રોજ ગુફ્તેગુ કરી લે છે ત્યારે પણ સમાજ, જ્ઞાતિ અને તેની પેટાજ્ઞાતિઓ દરેક નાના ગ્રુપને એક અલગ ઓળખ આપે છે. વિદેશમાં સ્પેસ છે, જગ્યા છે, કચ્છના રણ જેટલી વિશાળ જમીનો છે, લોકો કદાચ શાંતિથી પણ રહે છે... પરંતુ તેઓ એક જ વસ્તુ મીસ કરે છે, જેનો ખાલીપો અનુભવે છે, તે છે પોતાના લોકો, પોતાનો પરિવાર, પોતાના દોસ્તો, પોતાનું મંદિર. પોતાની નવરાત્રી, પોતાના ઘરમાં બેસીને લેવામાં આવતી પત્તા રમવાની મજા, પોતાની બોલી, પોતાનાઓ સાથે જલેબી-ગાંઠીયા ખાવાનો આનંદ, આવી અનેક બાબતો જે પોતાપણાને મહેસુસ કરાવે છે, તેને તેઓ ઝંખે છે, તેના માટે તેઓ ઝૂરે છે અને આવા દૂર-સુદૂર વસતા લોકોને જ્યારે સેતુ નામની આ પત્રિકા, મેગેઝીન, ચોપડી કે અંક ટપાલમાં કે નેટ ઉપર મળે છે ત્યારે તેઓ ખુશખુશાલ થઈ જાય છે. જાણે દૂર વસતા પોતાના ભાઈનો કાગળ આવ્યો હોય તેવી રીતે તેને ત્રણચાર વખત વાંચે છે, સાચવે છે અને ફરી ફરીને રેફરન્સ માટે જુએ છે.

**ભુજ સાથે મહા-જોડાણ :** જુન-જુલાઈ-૨૦૧૩નો સાબરકાંઠા વિશેષાંક જોતાં જણાશે કે મહામંડળની સ્થાપનામાં 'જ્ઞાતિસેતુ' એ એક મહત્વની ભૂમિકા અદા કરેલ. હાલમાં જ ભુજમાં જ્ઞાતિના એક ઉત્સાહી કાર્યકર, હોદ્દેદાર અને ભુજ મ્યુનિસિપાલીટીમાં લાંબા સમયનો કાઉન્સીલર તરીકે વિવિધ કમિટીઓમાં જવાબદારી સાથેનો ઊંડો અનુભવ ધરાવતા

સુનિલભાઈ પોમલને મળવાનું થયું અને તેમના મારફતે 'સ્મરણીકા વસ્તીપત્રક - ૨૦૦૯' નામક દળદાર ૩૩૬ પેજનું સંભારણું મને પ્રાપ્ત થયું. જેમાંથી ચૂંટેલી કણિકાઓનો સહારો આ લેખને આગળ ધપાવવા માટે લીધેલ છે.


**તમારા ઉદ્દેશમાં નિષ્ઠા એજ સફળતાનું રહસ્ય છે :** (પેઈજ નં. ૨) ભુજ-અંજાર-ભચાઉને ભયંકર નુકશાન પહોંચાડી ગયેલ ભુકંપના એક વર્ષ પછી, ૨૬ જાન્યુઆરી ૨૦૦૨ના દિવસે શ્રી શૈલેષભાઈની દિલ્હી પ્રેસની ઓફિસમાં કચ્છી મારૂ કંસારાઓએ અહીં અમદાવાદમાં હાલના મંડળની સ્થાપના કરી ત્યારે તેનો સ્પષ્ટ હતો કે આ શહેરમાં રહેતા સો કરતા પણ ઓછા પરિવારો એક-મેકને ઓળખે અને વરસમાં એક વખત મળે તેવું પ્લેટફોર્મ ઉભું કરવું તેમજ કોઈ પ્રોજેક્ટ નક્કી કરીએ ત્યારે જ તેના માટેનું ફંડ ભેગું કરવું. પ્રથમ પ્રોજેક્ટ જ્ઞાતિની વસ્તી ગણતરીનો સંપન્ન કર્યો અને બીજો પ્રોજેક્ટ સેતુનો શરૂ કર્યો. સતત ચાલતો આ પ્રોજેક્ટ આજે દસમાં વર્ષમાં પ્રવેશી રહેલ છે તે આપણા સમાજ પર માતાજીની કૃપા અને વડીલોના આશીર્વાદ સાથે અમદાવાદ મંડળના ઉદ્દેશની નિષ્ઠાનું પ્રમાણ છે. આ મંડળે અહી અનુસરેલ છે તેજ સ્મરણિકાની એક બીજી કણિકા સારું કામ કરવા માટે ધન કરતા પણ વધુ જરૂર છે સરળ હૃદય અને સંકલ્પની'' (પેઈજ નં. ૨૧)

**સામાજિક રીતરિવાજો :**

**ઢોલ ભરો - લગ્ન કરો (પેઈજ ૧૩૯) જેવા કુરિવાજોથી ... સમુહ લગ્ન સુધી :** ભુજની જ્ઞાતિમાં ૧૧૩૬ લાણેદાર કુટુંબો નોંધાયેલ છે. (સ્મરણીકા-૨૦૦૯) અને તેમની પાસે ૧૯૯૫ થી અત્યાર સુધી જ્ઞાતિજનો તરફથી દાનમાં મળેલ અને અન્ય રીતે આવેલ નવેક મિલકતોની વહીવટ છે. (પેઈજ નં. ૧૬૧ અને ૧૬૫) આ મંડપ આ વર્ષે ભુજમાં ૨૮મો સમુહ લગ્ન ડિસેમ્બરમાં યોજાશે ત્યારે પ્રથમ સમુહ લગ્ન તા. ૧૩-૩-૧૯૮૬ના રોજ યોજાયેલ જેનો ૧૧૪માં પેઈજ ઉપર આપેલ હિસાબ જાણવો રસપ્રદ બની રહેશે. લગ્ન ખર્ચ માત્ર રૂ. ૨,૧૭૨-૦૦ ભોજન ખર્ચ ૧૨,૧૭૭-૦૦, પરચુરણ ખર્ચ ૭,૨૮૧ અને પુરાંત ૯,૦૧૯-૫૦ જેની સામે મુખ્ય આવક વધાવો, ચાંદલો કે ભેટ રૂ. ૧૬,૨૨૮-૫૦ (ત્યારે લગ્ન પ્રસંગે બે, પાંચ કે વધારેમાં વધારે અગિયાર રૂપિયાનો ચાંદલો કરવામાં આવતો અને વધેલી મિઠાઈ તથા કાચા માલના વેચાણ પેટે રૂ. ૩,૨૬૧-૦૦ આમ જોઈએ તો ત્યારે ૮૦૦૮ રૂપિયાની વર-કન્યા પક્ષના ફોર્મ ભરવાની આવક કરતા પણ થોડી વધારે રકમ બચેલ હતી. આ સ્મરણિકામાં દરેક પ્રસંગોના કે પ્રોજેકટોના હિસાબો છાપવામાં આવેલ છે જે દરેક જ્ઞાતિજનો જોઈને સમજી શકે તેવા સરળ છે અને જ્ઞાતિનું કાર્ય કરતા હોદ્દેદારોની પારદર્શકતા દર્શાવે છે.

**આઝાદી પહેલા એકત્રીકરણ અને ઓળખ :** પોત-પોતાની કારીગરી ઉપરથી ઓળખ બનાવી ચૂકેલ આ સમાજમાં ધાતુને લગતા મુખ્ય બે પ્રકારના કામો કરવાની આવડત હતી અને તેમાંથી જે લોકો સોના-ચાંદીના કામમાં હતા તેમની વાડી કે મળવા માટેના એક સ્થળનું નામ હતું મારૂ સોનીની વાડી જેના ટ્રસ્ટીઓ આ કામની મંજુરી કે વેચાણ કરનાર વર્ગમાંથી હતા, જ્યારે જે લોક તાંબા-પિત્તળના કામો કરતા હતા તેમનું મિલન સ્થળ હતું મારૂ કંસારાની વાડી, પરંતુ આ બંને સમુહોના મારવાડથી સાથે આવેલ મા કાલિકાની પ્રતિમા તેમજ તેમના ગોર-પુરોહિત કે બ્રાહ્મણ તો એક જ હતા. બેટા-બેટીનો વ્યવહાર અને રીતરિવાજો સરખા જ હતા કહો કે ડીવિઝન ઓફ લેબરના સિદ્ધાંત પ્રમાણે, કામકાજ ને લગતી ચર્ચા - વિચારણા માટે કદાચ આ અલગ નામો રાખેલ હશે. આ બંને ટ્રસ્ટોના તા. ૫ માર્ચ ૧૯૪૭ના રોજ થયેલ એકત્રીકરણને કારણે કાયદેસર રીતે ત્યારથી આપણો સમાજશ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ તરીકે ઓળખ પામ્યો જેના પ્રથમ પ્રમુખ હતા વેલજી સંગજી કંસારા (પેઈજ નં. ૧૦) સફેદ ખાદીના ધોતિયા અને ઝભ્ભા ઉપર નહેરુ ઝાકીટ અને શિરમોર સમી સફેદ ટોપી એ તેમનો હંમેશનો પહેરવેશ. તેઓ વંદેમાતરમ્‌નું ગીત પ્રસંગોપાત સરસ રીતે તેમના ઘેરા અવાજમાં ગાતા.

**શિક્ષણનું સ્તર :** આ ધાતુના કામ સાથે સંકળાયેલ પરિવારોમાં અક્ષરજ્ઞાનથી લઈને પોસ્ટ-ગ્રેજ્યુએશન સુધી પહોંચેલ વ્યક્તિઓનું અંક-શાસ્ત્ર મુજબ વિશ્લેષણ જોતા અંગુઠા છાપ કે માત્ર ચાર કે સાત ચોપડી સુધી પહોંચેલાઓની સંખ્યા વસ્તીના પોણાભાગને આવરે છે, જ્યારે માત્ર દશ ટકા લોકો જ હાઈસ્કુલના પગથીયા જોયેલ હોવાનું જણાય છે. અને ગ્રેજ્યુએશન - પોસ્ટગ્રેજ્યુએશનના શિક્ષણ મેળવેલ નસીબદારોની સંખ્યા દર સો વ્યક્તિએ માત્ર પંદરનીજ દેખાય છે. આ બાબતમાં ચાર વર્ષ પછીનો લેઈટેસ્ટ અંદાજ તો ભુજથી જ મળી શકે, પરંતુ અવારનવાર સેતુમાં આપવામાં આવતા પરિચયોમાં આપણી યુવા પેઢી, આઈ.એ.એસ. કક્ષા સુધી પહોંચી શકેલ છે. ઓટોમોબાઈલ, મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ કે સીવીલ એન્જીનીયરીંગમાં આગળ રહેલ આપણી જુની પેઢીના ઘણા પરિવારો સાથે હવે એન્જીનીયરીંગની છેલ્લા દાયકામાં વિકસેલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી તો આ પેઢીએ બરાબર પચાવી જાણેલ છે. ડોક્ટરો, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો જેવા પ્રોફેશનલો જ્ઞાતિને પોતાના સમાજમાંથી જ હવે મળી રહે છે, જે શિક્ષણના ઉંચા જતા સ્તરને દર્શાવે છે. અલબત્ત ટકાવારીની રીતે આપણે આ બાબતમાં હજુ પછાત જ કહેવાઈએ, પરંતુ ભુજ તેમજ જામનગરનું મંડળ આ દિશામાં જાગૃત છે અને પદ્ધતિસર યોગ્ય પગલા લઈ રહેલ છે જે પ્રગતિને પંથ આગળ વધતા સમાજનું પરિમાણ છે. ભુજના જ્ઞાતિમંડળની સતત ચાલતી આઠ પ્રવૃત્તિઓ જોતા જણાય છે કે તેમાં ધોરણ-૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો તથા નોટબુકનું વિતરણ, જરૂરીયાતમંદોને સ્કૂલ ફી તથા શૈક્ષણિક સહાય માટે કાયમી ફંડની વ્યવસ્થા કરેલ છે. તદુપરાંત સરસ્વી સન્માનના કાર્યક્રમમાં યુવાપેઢીને પ્રોત્સાહક ઈનામો આપી અન્ય વિદ્યાર્થીઓને આગળ રહેવાની પ્રેરણા પુરી પાડવામાં આવે છે.



**મા કાલિકાના મંદિરનું નવનિર્માણ :** મુસીબતમાં લોકો એકબીજાની વધારે નજદીક આવે છે. કચ્છમાં કાળો કેર વર્તાવી ગયેલ કીલર ક્વેક, એ ગોઝારા ધરતી કંપની નીપજ એટલે અમદાવાદમાં કચ્છી કંસારાના મંડળનો આવિષ્કાર અને ભુજમાં જ્ઞાતિમંડળ દ્વારા ઉપાડવામાં આવેલ સૌથી મોટામાં મોટો પ્રોજેક્ટ, મા કાલિકાના મંદિરના નવનિર્માણનું કાર્ય જે અનેક વિટંબણાઓ પછી માતાજીના આશિર્વાદને એકત્વની ભાવનાને કારણે સંપન્ન થયેલ. તેટલું જ નહીં પરંતુ કચ્છની દેવી મા આશાપુરાના ભુજ મંદિરથી ભીડ બજારને જોડતા રીંગ રોડ મધ્યે આવેલ આ રસ્તો પણ હવે કાલિકા રોડ તરીકે ઓળખાય છે.

**ઈન્ફોર્મલ પસંદગી મેળો :** પરંપરાગત રીતે છોકરા-છોકરીઓ કુમારાવસ્થામાં પગ મૂકે એટલે તેમને મેળાઓ ગમવા લાગે અને યુવાનીનો કેફ ચડે ત્યારે તો મેળામાં જવા માટે દોટ મુકે ! ટાઢી સાતમ અને કૃષ્ણ જન્મ સુધી આઠમના ઉપવાસ સાથે પત્તાની રમતમાંથી નવરી પડેલ નાત ભુજમાં ભુજીયાની તળેટીમાં શ્રાવણ વદ-૯ના રોજ ભરાતા ખેતરપાડ દાદાના મેળામાં હતી - મળીને અનેરો આનંદ લૂંટતી હોય છે. એક રીતે જોઈએ તો આ મેળાનું વિશેષ મહત્વ છે, કારણકે એક તો તે માત્ર કંસારાઓનો મેળો છે. અહીં વાલીઓ પોતપોતાના ગ્રુપમાં બેસીને પોતપોતાના મોટા થયેલ છોકરા-છોકરીઓ માટે પાર્ટનર શોધી રહેલ હોય છે. આમ શ્રાવણમાં થતી સગાઈઓ સમુહ લગ્નના દિવસ સુધીમાં બે પરિવારો વચ્ચે સેતુઓ રચતી હોય છે.

દશાબ્દી પ્રવેશાંકના આ લેખ દ્વારા ભુજ જ્ઞાતિમંડળની સ્મરણિકાની કણિકાઓ મારફત મહામંડળ દ્વારા આવરી લેવાયેલ દરેક મંડળો અને જ્યાં જ્યાં સેતુ પહોંચે છે ત્યાં ત્યાં પદ્ધતિસર રીતે જ્ઞાતિના હબ સમાન ભુજમાં પરંપરાગત રીતે ચાલતા રીતરિવાજો અને તેમાં બદલાતા સમય સાથે જ્ઞાતિમંડળ દ્વારા ભજવાતા રોલની રૂપરેખા આપવાનો એક નમ્ર પ્રયાસ કરેલ છે, જેમાંથી કદાચ કંઈક અન્ય મંડળોને અનુસરવા જેવું લાગે તો તેનો પ્રચાર - પ્રસાર કરી શકે છે.

## શ્રદ્ધાંજલી



**સ્વ. શ્રી કિશોરભાઈ જદુભાઈ ચનાણી**

માનવતા અને વાત્સલ્યમૂર્તિ
સમા સ્વ.શ્રી કિશોરભાઈને
હૃદયથી વંદન સહ... શ્રદ્ધાંજલી...


**હેમેન્દ્ર દામજી કંસારા પરિવાર**
**અંજાર-કચ્છ**

# વૈશ્વિક સંસ્કૃતિને જોડતી કેડી...

**– શાંતિલાલ સોની**



શ્રી શાંતિલાલ સોની



શ્રી અરવિંદ નાથાણી

કચ્છની અણમોલ વિરાસત - પુસ્તકના સંપાદક આપણી સ્વર્ણીમ મારૂ કંસારા સોની જ્ઞાતિના અગ્રણી શ્રી શાંતિલાલ સોની (બારમેડા) હાલમાં જીલ્લા માહિતી અધિકારીશ્રી તરીકે ભુજ ખાતે ફરજ બજાવે છે. તેઓશ્રીએ BSc. LLB. સુધીનો અભ્યાસ કરેલ છે. ઉપરાંત પત્રકારત્વ ક્ષેત્રે તેઓ આગવી હથોટી ધરાવે છે. દૈનિક કચ્છમિત્રની 'પરાગ' પૂર્તિમાં તેઓ વર્ષોથી 'રંગેરમત' નામે કોલમ લખે છે. તેમાં તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરના ક્રિકેટ સહિત ખેલ ક્ષેત્રના વિશાળ ફલકને બખૂબી આવરી લે છે. મિડીયા જગતથી નેહ-નાતો ધરાવતાં શાંતિલાલ સોની એ ભુજ અગાઉ પંચમહાલ, સુરત, ગાંધીનગર ખાતે માહિતી ખાતામાં ફરજ બજાવેલ છે.

વિથોણ (તા. નખત્રાણા) ના વતની શાંતિલાલ સોનીએ ''શિલ્પ સ્થાપત્ય કચ્છની અણમોલ વિરાસત'' નામના અદ્ભુત અને ઉત્કૃષ્ટ પુસ્તકનું કાબીલે તારીફ સંપાદન કર્યું છે. જેનું પ્રકાશન જીલ્લા વહીવટી તંત્રે કર્યું છે. તા. ૧૪-૮-૨૦૧૩ના રોજ આ મોંઘેરા પુસ્તકનું વિમોચન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભુજ ખાતે કર્યું હતું. કચ્છીયતની વિરાસતને ઉજાગર કરવા આવા દાર્શનિક પુસ્તક જેવું અન્ય કોઈ પુસ્તકનું કોઈ પણ જિલ્લામાં સરકારી રાહે - માહિતીખાતા દ્વારા પ્રકાશિત થયાનું જાણમાં નથી. કચ્છની ધરોહર સમા આ પુસ્તકને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ શુભેચ્છા સંદેશ સાથે માહિતી કચેરી- ભુજને અભિનંદન પાઠવ્યા છે.


કચ્છના સુપ્રસિદ્ધ યુવા **ફોટોગ્રાફર અરવિંદ નાથાણી**ના આ અલગ અને ઉમદા ફોટોગ્રાફ્સ સહિતની માહિતી આપણા સેતુમાં ક્રમશ પ્રગટ કરવામાં આવશે. આ અંકમાં નારાયણ સરોવર - કોટેશ્વર તિર્થથી એના શ્રીગણેશ કર્યા છે. આશા છે કે સેતુના પીઢ તંત્રી તેમજ સેતુ પરિવારના આ 'જરા હટકે' કહી શકાય એવા, એક વૈશ્વિક 'સંસ્કૃતિને જોડતી કડી...' સાહસને વધાવી લેશે. – અસ્તુ આભાર. **– પી.જી. સોની 'દાસ'-ભુજ**

## નારાયણ સરોવર તીર્થ : તા.લખપત-કચ્છ

કચ્છના પશ્ચિમ સમુદ્ર કિનારે આવેલું પુરાણ પ્રસિદ્ધ નારાયણ સરોવર ગામ ભારતનું મહાન તીર્થ સ્થાન ગણાય છે. જ્યાં હિન્દુસ્તાના પાંચ પવિત્ર સરોવરો (માનસરોવર, પમ્પા સરોવર, પુષ્કર સરોવર, બિન્દુ સરોવર) છે. કચ્છના આ પવિત્ર તીર્થ સ્થાનની યાત્રા વિના અને નારાયણ સરોવરમાં સ્નાન કર્યા વિના ભારતની અન્ય તીર્થધામોની યાત્રા અધૂરી ગણાય છે એવી માન્યતા છે. હિન્દુસ્તાનના જુદા જુદા ભાગોમાંથી હજારો યાત્રાળુઓનો અવિરત પ્રવાહ આ સ્થાને વર્ષભર ચાલુ રહેતો હોય છે.

કચ્છના રાવશ્રી દેશળજી પહેલાનાં મહારાણી મહાકુંવર બા એ સંવત ૧૭૯૦ના દ્વારાકાની યાત્રા વખતે પંડાઓના થયેલા કડવા અનુભવ પછી અહીં દ્વારકાના મંદિરો જેવા શ્રી ત્રિકમરાયજી આદિ દેવોના મંદિરો બંધાવેલા છે. શ્રી ત્રિકમરાયજી ના મુખ્ય મંદિર સાથે પાંચ મંદિરો (આદિ લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથ, દ્વારીકાનાથ અને લક્ષ્મીજી) નું યાત્રાધામ છે. જેમાં સુવર્ણરાયજી (રણછોડરાય-કલ્યાણરાય)નું સુવિખ્યાત ઐતિહાસિક મંદિર પણ આવેલું છે. એ નોંધવા જેવું છે કે ભાગવત, બ્રહ્મવૈવર્ત, મત્સ્ય પુરાણોમાં આ તીર્થ નારાયણ સરોવર અને કોટેશ્વરના મહાત્મ્યનો ઉલ્લેખ જોવા મળે છે. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીની ભારતમાંની ૮૪ બેઠકોમાંની એક સુપ્રસિદ્ધ બેઠક અહીં આવેલી છે.

કારતક સુદ અગિયારસને દેવદિવાળીના દિવસે તુલસીના ઠાકોરજી સાથે વિવાહ પ્રસંગે અને દર કાર્તિકી પૂનમના યોજાતા મોટા મેળા દરમ્યા આ પ્રસંગે દર્શન કરવા, પવિત્ર સ્નાન કરવા અને પિતૃઓને પિંડદાન કરવા તીર્થરાજ નારાયણ સરોવરમાં હજારો યાત્રિકો ઉમટે છે. કચ્છના યાત્રાધામોમાં નારાયણ સરોવર સૌથી પ્રાચીન, પવિત્ર અને દાર્શનિક સ્થાન છે. મેળો : કાર્તિકી પુર્ણિમાએ, અંતર : લખપતથી ૩૭, દયાપરથી ૪૭, નલિયાથી ૭૨ અને ભુજથી ૧૬૦ કિ.મી.



## કોટેશ્વર



અરબી સમુદ્રના કિનારે કોરી ક્રિકનાં નાકા ઉપર અને પવિત્ર તીર્થધામ નારાયણ સરોવર પાસે સાગર તટે પુરાણ પ્રસિદ્ધ કોટેશ્વર મહાદેવનું પ્રાચિન મંદિર ભારતનુ એક સુવિખ્યાત અને પવિત્ર યાત્રાધામ છે. રાવ ધુરારાનાં પત્ની ગૌડ રાણીએ રા'ધુરારાને પામવા લીધેલી પ્રતિજ્ઞા પુરી થતા તેણે આ મંદિરની પ્રતિષ્ઠા કરી હોવાનું કહેવાય છે.

તેની સ્થાપના પાછળ એક પૌરાણિક કથા સંકળાયેલ છે. લંકાપતિ રાવણે આકરૂ તપ કરી ભગવાન શંકરને પ્રસન્ન કરી પોતાની સાથે શંકરનું લિંગ લઈ જઈ ત્યાં તેની પ્રતિષ્ઠા કરવાનું વરદાન માગ્યું આ વખતે શંકરે એવી શરત કરી કે લંકા સુધી પહોંચતા ક્યાંય પણ લિંગ જમીન પર મુકવું નહીં અને જ્યાં પણ લિંગ જમીન પર મુકાશે ત્યાં તેની પ્રતિષ્ઠા કરવી પડશે. રાવણ હાથમાં શિવલિંગ લઈ લંકા તરફ ઉપડ્યો આથી દેવોમાં ગભરાટ ફેલાયો. આખરે બ્રહ્માએ ગાયનું રૂપ લઈ નારાયણ સરોવર પાસે એક ફસાયેલી ગાયનું સ્વરૂપ લીધું. આ સમયે ત્યાંથી પસાર થતા રાવણે પાણીમં ફસાયેલી ગાય માની તેને બચાવવા હાથમાનું લિંગ જમીન પર મુકી ગાયને બચાવી, પણ તેણે પાછળ જોયું તો જમીન પર કરોડ લિંગ થઈ ગયેલા, આમાંથી અસલ લિંગ શોધવું મુશ્કેલ હોઈ અહીં જ શંકરના મંદિરની પ્રતિષ્ઠા કરી. એ આજનું કોટેશ્વર આમ એક કરોડ લિંગ પૈકીના કારણે આ મહાદેવના સ્થાનનુ નામ કોટેશ્વર મહાદેવ પડ્યું.

ઈ.સ. ૧૮૧૯ના ધરતીકંપ વખતે આ મંદિરને વ્યાપક નુકશાન થતા કચ્છના એ સમયના દાનવીર સુંદરજી શિવજી સોદાગરે ઈ.સ. ૧૮૨૦માં તેનો જિર્ણોદ્ધાર કરાવ્યો.

નારાયણ સરોવરથી આ સ્થાન ૩ કિમી. છે અને ભુજ થી ૧૬૩ કિમી. છે.

---

**વ્યક્તિ વિશેષ**

## ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી દિલીપભાઈ બગ્ગા

**– અતુલ સોની**



**શ્રી દિલીપભાઈ બગ્ગા**

આપણી જ્ઞાતિના સૌથી મોટા ઘટક સમાજ ભુજ જ્ઞાતિના પ્રમુખ સ્વ. કિશોરભાઈ ચનાણીના દુ:ખદ અવસાન થતા ભુજ જ્ઞાતિના પ્રમુખપદે યુવા કાર્યકર શ્રી દિલીપભાઈ બગ્ગાની વરણી થયેલ છે.

ભુજ જ્ઞાતિના નવા પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા સ્વભાવે સાલસ અને બહુમુખી પ્રતિભા ધરાવે છે. સમગ્ર દેશ જ્યારે જાહેર જીવનમાં યુવા નેતૃત્વ પ્રાધાન્ય મળે તેવું ઈચ્છી રહ્યા છે ત્યારે સમાજના સૌથી મોટા ઘટકના પ્રમુખ સ્થાને એક યુવા નેતાની વરણી એક આવકારદાયક બાબત છે. શ્રી દિલીપભાઈ ભૌતિકશાસ્ત્રના સ્નાતક છે તેમજ તેઓ આપણા પરંપરાગત વ્યવસાય ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરેલ છે. તેઓનો પરિવારની સમાજના પ્રતિષ્ઠિત પરિવારોમાં થાય છે. તેઓ વર્ષોથી ભુજ જ્ઞાતિમાં સામાજીક કાર્યો સાથે સંકળાયેલા છે. ગત વર્ષોમાં જ્ઞાતિના માનદ્મંત્રી તરીકે રહી તેમણે ઉમદા કામગીરી કરેલ છે. સમાજના શૈક્ષણિક, આરોગ્યલક્ષી, તેમજ સમુહલગ્ન જેવા કાર્યોના આયોજનમાં તેઓ સદા અગ્રેસર રહેલ છે. તેઓનો પરિવાર એક સુશિક્ષિત પરિવાર છે. તેઓના ધર્મપત્ની શ્રીમતી પ્રિતીબેન ભુજ મહિલા મંડળના સક્રિય સભ્ય છે.

પરિવારના શિક્ષણ પ્રત્યેના અભિગમનો નિષ્કર્ષ એ છે કે તેમના બંને પુત્રો હાલમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલ છે. જ્યેષ્ઠ પુત્ર કેવન હાલમાં અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી કોલેજમાં બેચલર ઓફ એન્જીનીયરીંગ (મીકેનીકલ) ના સાતમા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલ છે જ્યારે નાનો પુત્ર પુજન ગાંધીનગર સ્થિત પ્રતિષ્ઠિત પંડિત દીનદયાલ પેટ્રોલીયમ યુનિવર્સીટીમાં BBA (Hons.) ના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહેલ છે.

શ્રી દિલીપભાઈ બગ્ગાના નેતૃત્વ હેઠળ ભુજ જ્ઞાતિ અને સમગ્ર સમાજ ખૂબ પ્રગતિ કરે તેવી જ્ઞાતિસેતુ પરિવારની શુભકામના....

# જયંતીલાલ સોની

## આમઆદમીની ખુશી જ મારું મહેનતાપણું

– નરેશ અંતાણી, ભુજ



આપણા નાનકડા સમાજમાં એવી અનેક વ્યક્તિઓ છે, જેઓ કોઈપણ પ્રકારની વાહવાહીની અપેક્ષા વિના, મુંગે મ્હોંએ એનાથી થાય તેટલું નાનું-મોટું સેવાકાર્ય કરતી હોય છે. ખાસ કરીને સરકારી નોકરીઓ, ભલે ગમે તેટલી નાની હોય, તો પણ પ્રભુ સાથે સીધો સંબંધ ધરાવતો હોય તેમાં વફાદારીપૂર્વક નોકરી કરતા છતાં લોકોને શુદ્ધ અને નિર્દોષ ભાવે મદદ કરે છે. આપણા સમાજના આવા જ એક સેવાભાવી વ્યક્તિ શ્રી જયંતીલાલ સોનીનો પરિચય અત્રે પ્રસ્તુત છે.

આજે આપણે કેટલાય એવા કિસ્સા જોવા મળે છે કે, નાગરિકો મહેસુલી આંટીઘૂંટી ન સમજવાને કારણે સરકારના કેટલાય લાભોથી વંચિત રહી જતા હોય છે એમાંય સમાજનો નીચલો વર્ગ તો રેશનકાર્ડ, આધારકાર્ડ કે ચુંટણીકાર્ડ કઈ બલા છે ? તે પણ જાણતો નથી હોતો. આવા વર્ગને સાચું માર્ગદર્શન સમયસર મળી રહે અનેક ન મળતા લાભો મળતા થાય ત્યારે આ વર્ગ કેટલો ખુશ થાય અને એ ખુશીને જ પોતાનું મહેનતાણું માનતા 'સોનીભાઈ' તરીકે જાણીતા ભુજના જયંતીલાલ સોનીએ સરકારી સેવામાંથી નિવૃતિ મેળવી આવા વર્ગને સરકારી આંટીઘૂંટી સમજાવી જટીલ મહેસુલી પ્રશ્નો ઉકેલી આપનાવી સેવાનો અનેખો યજ્ઞ આરંભ્યો છે.

ભુજના વતની જયંતીલાલ મગનલાલ સોની ૧૯૬૪માં સરકારી સેવામાં જોડાયા ત્યારથી નિવૃતિ સુધી મહેસુલી વિભાગમાં જ જુદી જુદી શાખાઓ અને જુદી જુદી કામગીરી સંભાળતા રહ્યા. પરિણામે સરકારી જટીલ મહેસુલી પ્રશ્નો અને આંટીઘૂંટી ધરાવતી સમસ્યાઓના સારા એવા જ્ઞાતા થઈ ગયા અને તેમના આ જ્ઞાનનો લાભ સરકારી સેવા દરમ્યાન તો કેટલાય લોકો લીધો જ છે પરંતુ હવે નિવૃતિ પછીએ તેમણે સમાજના આમવર્ગ માટે નિસ્વાર્થ કાર્ય ચાલુ રાખી નિવૃતિની એક ઉમદા પ્રવૃતિ આરંભી છે.

૧૯૬૪માં પોતાની નોકરીનો આરંભ એમણે નખત્રાણાથી કર્યો, આ પછી ૧૯૭૨માં તત્કાલીન લોકપ્રિય જિલ્લા કલેક્ટર એન. ગોપાલસ્વામીએ એમને ખાસ ભુજ બોલાવી પોતાની પાસે જ મેજીસ્ટ્રીયલ શાખામાં ફરજ પર લીધા. આ દરમ્યાન ૧૯૭૫માં કટોકટી વખતે પ્રેસ સેન્સરશીપ અને મીસાના કાયદા અંગેની ખાસ કામગીરી તેમણે સંભાળી.

આ પછી છેક ૨૦૦૩માં નિવૃત થયા ત્યાં સુધી મહેસુલ વિભાગમાં દુષ્કાળ, પુર રાહત, વાવાઝોડું, ધરતીકંપ, ચૂંટણી, મનોરંજન, ચૂંટણી ઓળખપત્ર, વગેરે જેવી અનેક કામગીરી તેમણે સંભાળી, વિશાળ અનુભવ મેળવ્યો. આ દરમ્યાન સમાજના તમામ વર્ગનાં સંપર્કમાં તેઓ રહ્યા જેને કારણે ભુજ અને ભુજ તાલુકામાં તેઓ સોનીભાઈ તરીકે લોકપ્રિય પણ બન્યા. નિવૃતિ પછી પણ વિશાળ મહેસુલી અનુભવને કારણે તેમની સેવાઓ ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા લેવાઈ અને ભુજ શહેરના નવસર્જન દરમ્યાન જમીન સંપાદનની મુશ્કેલ કામગીરી તેમણે સંભાળી.

હાલ પણ તેઓ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા તૈયાર કરાઈ રહેલા કંડલા-મુંદ્રા વચ્ચેના ચાર અને છ માર્ગીય રસ્તા માટે જમીન સંપાદન માટેની જટીલ કામગીરી મદદનીશ કલેક્ટર આનંદ પટેલની દેખરેખ હેઠળ સંભાળે છે.

આ કામગીરીમાં તેઓને એટલા માટે પસંદ કરવામાં આવ્યા છે કે નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના મોટાભાગના અધિકારી અને કર્મચારીઓ બિન ગુજરાતી હોઈ જમીન માલિકો અને સરકારી તંત્ર વચ્ચે તેઓ મધ્યસ્થી બની શકે, નાના ખેડૂતો અને નાના વર્ગને પોતાની જમીનનું યોગ્ય વળતર મળી રહે અને ગૂંચવણભરી મહેસૂલી સમસ્યાનું ઝડપી નિવારણ પણ લાવી શકાય.

સોનીભાઈ પોતાની આ કામગીરી ઉપરાંત સમાજનો નીચલો વર્ગ કે જે મહેસુલી આંટીઘૂંટી સમજતો જ નથી પરિણામે કેટલાય લાભોથી વંચિત રહી જાય છે તેઓને લાભ મળતા થાય એ માટે હાલ પોતાની મહેસૂલી કામગીરીના અનુભવ કામે લગાવી આવા લોકોને નિસ્વાર્થ ભાવે યોગ્ય માર્ગદર્શન, સલાહ અને સૂચન આપે છે.

આ વર્ગને રેશનકાર્ડ, આધારકાર્ડ, ઓળખકાર્ડ કે ચૂંટણીકાર્ડ મેળવી આપવામાં તેઓ માર્ગદર્શક બને છે. ખાસ કરીને રખડતી ભટકતી જાતિઓ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકે એ માટે પણ તેઓને રેશનકાર્ડ, આધારકાર્ડ, ઓળખકાર્ડ કે ચૂંટણીકાર્ડ મેળવી આપવામાં મદદ કરી રહ્યા છે. તો બહુરૂપી, કિન્નરો વગેરે પણ સમાજમાં પોતાનું સ્થાન મેળવી શકે પોતાની ઓળખ ઉભી કરી શકે એ માટે તેઓને રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ મેળવવામાં નિસ્વાર્થ કાર્ય કર્યુ છે. પરિણામે આ વર્ગને અનેક સરકારી લાભો મળતા થાય છે તેનો સોનીભાઈને સંતોષ છે. જયારે નાનો કારીગર પગ ભર થશે ત્યારે જ સમાજમાં ક્રાંતિ આવશે. આ બધી બાબતો એક-બીજાના સહકારથી જ શક્ય થાય છે.

*– સૌજન્ય : કચ્છમિત્ર*

## ૨૮ મા સમુહલગ્નનું આયોજન

સને ૧૯૮૬માં ગુઢ સંકલ્પ સાથે આપણી જ્ઞાતિમાં શરૂ થયેલા સમુહલગ્ન જેવી સામાજિક પ્રવૃત્તિ જ્ઞાતિજનો માટે આશીર્વાદ પુરવાર થયેલ છે. લગ્નપ્રસંગે જ્ઞાતિજનોને આર્થિકરૂપે, સમયરૂપે કે કાર્યકરોના અભાવરૂપે વિટંબણાઓ હોય છે. સમુહલગ્નએ સામાજિક કવચ પુરુ પાડી આવી મુશ્કેલીઓ દૂર કરે છે.

આપણી જ્ઞાતિએ ૨૭ સમુહલગ્નો સફળતાપૂર્વક પાર પાડી આગામી માગસર સુદ-૬, રવિવાર તા. ૮-૧૨-૨૦૧૩ ના રોજ ૨૮માં સમુહલગ્નનો આયોજન કરેલ છે. તે સમયે અમારે સમાજનું ધ્યાન દોરતા જણાવવાનું કે આ સામાજીક ઉત્સવમાં જોડાનાર જ્ઞાતિજનોની સંખ્યા ઉતરોત્તર વધી રહી છે.

આપણા સમાજમાં અઢી દાયકાથી નિર્વિઘ્ને સળંગ સફળતા પ્રાપ્ત આ સમુહ૨૮ મા સમુહલગ્નનું આયોજન લગ્ન જેવી સામાજિક પ્રવૃત્તિ ૨૭ સમુહલગ્ન પૂર્ણ કરી ૨૮માં સમુહ લગ્નના આયોજન માટે પ્રેરણા આપે છે. આ સહિયારા સામાજિક સેવાના કાર્યના ફળ સ્વરૂપે સમાજના સભ્યોની કડવાશો દૂર થઇ એકતા વધી. સંપ સહકાર વધ્યા. એકીકરણ થયા. શૈક્ષણિક મેડીકલ ધાર્મિક પ્રવૃત્તિ વિકાસ પામી જેના કારણે એકંદરે સમાજ ઉન્નતિ અને વિકાસના માર્ગે ગતિ કરી રહ્યો છે.

સ્વ. પ્રમુખશ્રી કિશોરભાઈ ચનાણી દ્વારા રજત જયંતિ સમુહલગ્ન સમયે રચના કરવામાં આવેલ સમુહ લગ્ન કાયમી ફંડનો જે ઉદ્દેશ છે તે મુજબ ૨૬માં સમુહલગ્નમાં કન્યાઓને પ્રવેશફીના ૫૦% રાહત આપેલ. તેમજ ૨૭માં સમુહલગ્ન પ્રસંગે સર્વે કન્યાઓને સંપૂર્ણ પ્રવેશ ફી આપવામાં આવેલ છે. ઉપરાંત લગ્ન નોંધણીના રૂ. ૫૦૦/- પણ કન્યાઓ પાસેથી ન લેવાનું નિર્ણય સમુહ લગ્ન સમિતિએ કરેલ. આગામી ૨૮મી સમુહલગ્નમાં કન્યાઓને ફી તેમજ વરપક્ષ પાસેથી ૫૦% પ્રવેશ ફી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. કાયમી ફંડની આવક વધતી જશે તેમ વધુ રાહત આપવામાં આવતી જશે. સમુહલગ્ન કાયમી ફંડનો ઉદ્દેશ બહાર પાડવા આ વર્ષે પણ દાતાઓને દાન સંબંધી કેટલીક ઓફરો કરવામાં આવે છે. જેમાં આપશ્રીને ઉદારતાથી આર્થિક સહયોગ આપવા જ્ઞાતિ ટ્રસ્ટ તથા સમુહલગ્ન સમિતિ તરફથી નમ્ર અપીલ કરીએ છીએ. સમુહ લગ્ન આપણી જ્ઞાતિનો રાષ્ટ્રીય તહેવાર જાહેર કરેલ છે. જેમાં સમસ્ત ક્ષેત્રમાંથી જ્ઞાતિજનો જોડાઇ શે છે. આશા છે, આપના તરફથી પુરતો સહકાર મળી રહેશે.

આપસૌના સાથ સહકારથી ૨૮ મો સમુહલગ્ન ભવ્ય રીતે પાર પાડવા અમો સૌ કટિબદ્ધ છીએ. આ સાથે એ પણ વિનંતી કરવાની કે અગાઉ ૧ થી ૨૭ સમુહલગ્નમાં જોડાઇને સમાજ સેવા કે સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાનું ચુકાઇ ગયેલ હોય તો આ વર્ષે યથાયોગ્ય ઓફર, સેવા સ્વીકારી ધન્યતા અનુભવવા તક ઝડપી લેશો. બધા સમુહ લગ્નો અરસપરસના વિશ્વાસ અને સહકારથી જ સફળતાને વરેલા છે. દરેક ગામે-ગામથી પધારતા જ્ઞાતિજનો તેમાં એકરૂપ બની ખભે ખભા મિલાવી ઉત્સાહ સાથે સહયોગ આપી સફળતાના યશભાગી બનશો તેવા વિશ્વાસ સાથે....

**નોંધ :** લગ્ન ફોર્મ ભરવાની તા. ૫-૧૦-૨૦૧૩ થી તા. ૮-૧૧-૨૦૧૩ સુધી

**દાન સૌજન્ય આપનાર માટે સમુહલગ્નોત્સવનો અંદાજીત ખર્ચ**

- સંપૂર્ણ ખર્ચ આપનાર દાતાશ્રીનું યોગ્ય ઈલકાબ સાથે સન્માન અને મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૭ થી ૮ લાખ)
- ભોજનખર્ચ આપનાર દાતાશ્રીનું યોગ્ય ઈલકાબ સાથે સન્માન અને મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૩.૫ થી ૪ લાખ)
- મંડપખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૧.૫ લાખ)
- ધાર્મિકખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૪૦ હજાર)
- જાહેરાત ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૪૦ હજાર)
- કંકોત્રીખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૩૦ હજાર)
- પ્રોગ્રામખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૫૦ હજાર)
- ભેટ-સોગાદ-સન્માન ખર્ચ આપનાર દાતાશ્રીનું જાહેર સન્માન તથા મોમેન્ટો (અંદાજીત ખર્ચ રૂ. ૫૦ હજાર)
- કંકોત્રીમાં ફોટો આપવાના (રૂ. ૧૧ હજાર)
- કંકોત્રીમાં નામ આપવાના (રૂ. ૫ હજાર)
- લગ્ન સ્થળ ઉપર સ્ટોલ (રૂ. ૨૫૦૦, ૧૫'×૧૫') જ્ઞાતિજનો માટે
- લગ્ન સ્થળ ઉપર સ્ટોલ (રૂ. ૫૦૦૦, ૧૫' × ૧૫') ઈતર જ્ઞાતિજનો માટે
- લગ્ન સ્થળ પર શુભેચ્છા જાહેરાત બેનરના રૂ. ૧,૦૦૦
- આપની ઈચ્છાનુસાર સમુહલગ્ન કાયમીફંડમાં દાન આપી શકો છો.

**વિશેષ નોંધ :** કંકોત્રીમાં આપના દાનના સહયોગ ફોટા સ્વરૂપે રજુ કરવા માટે દાન યોજના - સૌજન્યો લાભ લેવા માંગતા દાતાશ્રીએ પોતાની ઓફર મોડામાં મોડી તા. ૮-૧૧-૧૩ સુધી જણાવવાની રહેશે.

આ સાથે રજુ કરવામાં આવેલ દાન યોજનામાં જણાવ્યા સિવાય કોઈપણ દાતાશ્રી પોતાના વિચાર પ્રમાણે દાન આપવા ઈચ્છતા હોય તેઓએ વહેલી તકે જ્ઞાતિ ટ્રસ્ટ અથવા સમુહલગ્ન કન્વીનરશ્રીનો સંપર્ક કરવો.

કચ્છ બહારના પક્ષકારો માટે ઉતારા વ્યવસ્થા રાખવામાં આવી છે. તે માટે વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦/- ચાર્જ આપવાનો રહેશે.

સમુહલગ્ન અંગેની વધુ માહિતી માટે નીચે જણાવેલ સ્થળોએ સંપર્ક કરવો.

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ - મહિલા સેલ - મેરેજ બ્યુરો

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ - મહિલા સેલ દ્વારા મેરેજ બ્યુરોની રચના થયેલ છે. મેરેજ બ્યુરોમાં રાષ્ટ્રીય કક્ષાએ ફોર્મ સ્વીકારવામાં આવશે. મેરેજ બ્યુરો દ્વારા લાભાર્થીઓને જાણકારી આપવામાં આવશે. અને ટૂંકી માહિતી જ્ઞાતિસેતુમાં પ્રગટ કરવામાં આવશે. જેથી પસંદગીનો અવકાશ વધે અને જ્ઞાતિજનો નિઃસંકોચ મેરેજ બ્યુરોનો લાભ મેળવી શકે. મેરેજ બ્યુરોના ફોર્મ જે તે વિસ્તારના પ્રમુખશ્રી પાસેથી મેળવવાના રહેશે.

### મનગમતા જીવનસાથી મેળવો

**યુવતી રજી. નં. ૧૦૧ :** અટક-ગુજરાતી, ઉં. ૨૮ વર્ષ, ઊંચાઈ-૫.૫, શિક્ષણ : B.A. PGDMCA બ્યુટીપાર્લર વ્યવસાય : બ્યુટીપાર્લર (નોકરી) માસિક આવક ૯૫૦૦, કુંવારા

**યુવક રજી. નં. ૧૦૨ :** અટક-પરમાર, ઉં. 33 વર્ષ, ઊંચાઈ-૫.૫, શિક્ષણ : SSC વ્યવસાય : રેડીમેડ કાપડની દુકાન, માસિક આવક ૬૦,૦૦૦, કુંવારા

**યુવક રજી. નં. ૧૦૩ :** અટક-પરમાર, ઉં. ૨૮ વર્ષ, ઊંચાઈ-૫.૩, શિક્ષણ : 9 પાસ, વ્યવસાય : નાસ્તાની હોટલ, માસિક આવક ૨૦,૦૦૦, કુંવારા

**યુવતી રજી. નં. ૧૦૪ :** અટક-પોમલ, ઉં. ૨૭ વર્ષ, ઊંચાઈ-૫.૧, શિક્ષણ : MA.B.Ed. વ્યવસાય : શિક્ષિકા, માસિક આવક ૫,૦૦૦, કુંવારી

**યુવક રજી. નં. ૧૦૫ :** અટક-પોમલ, ઉં. ૨૯ વર્ષ, ઊંચાઈ-૫.૭, શિક્ષણ : 8 પાસ, વ્યવસાય : જ્વેલર્સ શો રૂમ, માસિક આવક ૨૫,૦૦૦, કુંવારા

**યુવક રજી. નં. ૧૦૬ :** અટક-પોમલ, ઉં. 30 વર્ષ, ઊંચાઈ-૫.૫, શિક્ષણ : 12 પાસ, વ્યવસાય : જ્વેલર્સ, માસિક આવક ૨૦,૦૦૦ / છુટાછેડા નિઃસંતાન માટે યુવતી

વિશેષ માહિતી માટે પરિવારજનો સંપર્ક કરે.

**સંપર્ક : લત્તાબેન સોલંકી -** અંજારીયા ફળિયા, કંસારા બજાર, ભુજ-કચ્છ

● શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ઓફીસ : કંસારા બજાર, ભુજ. મો. ૭૮૭૪૧૬૭૭૫૨ ● પ્રમુખશ્રી દિલીપભાઈ કાનજીભાઈ બગ્ગા : શરાફ બજાર, ભુજ, મો. ૯૮૨૫૨૨૬૬૧૭ ● મંત્રીશ્રી રાજેશ નાનાલાલ સોલંકી : કંસારા બજાર, ભુજ મો. ૯૮૨૫૨ ૦૦૨૫૨ ● સમુહલગ્ન સમિતિ : કન્વીનર શ્રી અનિલભાઈ કેશવલાલ છત્રાળા : કંસારા બજાર, ભુજ-મો. ૯૮૭૯૦ ૪૨૬૯૬ ● મંત્રીશ્રી : ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડાઃ મો. ૯૮૭૯૨ ૮૬૯૬૪.

## યુવા પ્રતિભાને અભિનંદન



● શ્રી ઈશ્વરલાલ માવજી બારમેડા (ભડલી) વાળાના સુપુત્ર **શ્રી ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા (B.Sc. B.Ed. M.Ed. M.Phill.)** શ્રીમતી પી. સી. વી. મહેતા સાર્વજનિક હાઈસ્કુલ - ભુજમાં આચાર્યશ્રી તેમજ અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિના ચેરમેનશ્રી ભુજ જ્ઞાતિના શિક્ષણ સાંસ્કૃતિક સમિતિના ચેરમેનશ્રી, અખિલ કચ્છ કેળવણી મંડળના કાયમી આમંત્રીત, જેઓ હવે કચ્છ યુનિ.ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયનું સાતત્ય અને શોધ નિબંધ રજુ કર્યો હતો. જેમાં ગાઈડ, પ્રોફ. એન્ડ એચ. ઓ. ડી. શ્રી ભગવાનભાઈ એસ. પટેલ હતા. તેમના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરેલ જેમાં યુનિ.માં દ્વિતીય ક્રમે M.Phill. પૂર્ણ કરેલ જેમાં 79% (ફસ્ટ કલાસ વીથ ડીસ્ટીકશન) સાથે પાસ કરેલ છે.



● મૂળ માનકુવા અને હાલે ભુજ વસતા **વિવેક પરેશભાઈ ગુજરાતી**એ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે અભ્યાસ કરી પ્રો. એમ.પી. દેશપાંડેના માર્ગદર્શન હેઠળ ફિઝિક્સમાં 'ગ્રોથ એન્ડ કેરેક્ટેરાઈઝેશન ઓફ સિંગલ ક્રિસ્ટલ્સ ઓફ ગ્લાયસીન મેટલ સોલ્ડ એન્ડ સેમિ ઓર્ગેનિક એન્ડ એલઓ મટેરિયલ' વિષય પર સંશોધન કરી એમ.ફીલની પદવી પ્રાપ્ત કરી પરિવાર અને જ્ઞાતિનું નામ રોશનું કરેલ છે. હાલ તેઓ વલ્લભવિદ્યાનગર ખાતે Ph.D. કરી રહ્યા છે.



● મૂળ માનકુવા અને હાલે ભુજ વસતા **કિશન પરેશભાઈ ગુજરાતી**એ અમદાવાદ રહી અભ્યાસ કરી CS. એક્ઝીક્યુટીવ લેવલની પરીક્ષા પ્રથમ પ્રયત્ને ઉત્તિર્ણ કરેલ છે. સાથે તેઓ C.A. Finalની (Nove. 2013)માં લેવાનાર પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે. પરિવાર અને જ્ઞાતિવતી ખૂબ ખૂબ અભિનંદન.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

**રોહિણી બી. બુદ્ધભટ્ટી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજની તા. ૭-૯-૨૦૧૩ના રોજ જનરલ મિટીંગમાં બહેનો માટે રમત-ગમત તેમજ સાડીની વિવિધ સ્ટાઈલનું ડેમોસ્ટ્રેશન રાખવામાં આવ્યું હતું.

સાંજે ૪-૩૦ કલાકે જ્ઞાતિની વાડીમાં ચેરપર્સન નીલાબેન પોમલ તેમજ ભાવનાબેન ચનાણીના નિદર્શન હેઠળ કુલ ૨૫ બહેનોએ રમતમાં ભાગ લીધો હતો. અસ્મિતાબેન ત્રિવેદી એ સાડીની વિવિધ સ્ટાઈલનું નિદર્શન કર્યું હતું. જેમાં મહિલા મંડળની બહેનોનો સાથ સાંપડયો હતો. અસ્મિતાબેને વેસ્ટર્ન બંગાળી, સાઉથ ઈન્ડિયન તેમજ ગુજરાતી સ્ટાઈલમાં વિવિધ રીતે સાડી પહેરવાની રીત બતાવી હતી. બધાએ તેમને ખૂબ જ સરાહના કરી હતી. અસ્મિતાબેનનુ સુવેનિયર આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન રોહિણી બુદ્ધભટ્ટીએ કર્યું હતું. વિવિધ રમતોમાં બહેનોએ ખૂબ જ ઉમંગભેર ભાગ લીધો હતો. વિજેતાઓના નામ નીચે મુજબ છે.

- ગેમ-૧ : બંગડી તથા સેફ્ટીપીનની રો બનાવવી. પ્રથમ વિજેતા - શિતલબેન અરૂણભાઈ બુદ્ધભટ્ટી, દ્વિતીય વિજેતા - વર્ષાબેન બુદ્ધભટ્ટી
- ગેમ-૨ : સ્ટ્રો માથામાં ભરાવવી, પ્રથમ વિજેતા - રીટાબેન બુદ્ધભટ્ટી, દ્વિતીય વિજેતા - જયશ્રીબેન છત્રાળા
- ગેમ-૩ : પત્તા થાળીમાં નાખવા, પ્રથમ વિજેતા - પ્રિતી બગ્ગા, દ્વિતીય વિજેતા - લત્તાબેન આઈ. સોલંકી

પ્રમુખ શ્રીમતી લત્તાબેનની આભારવિધિથી કાર્યક્રમ સમાપ્ત જાહેર કરવામાં આવ્યો.

## રાયપુર મહિલા મંડળ

**શિવાંગી પંકજભાઈ પોમલ**



તા. ૫-૮-૨૦૧૩ના શ્રાવણ વદ અમાસના દિવસે પારંપરીક વર્ષોથી ચાલી આવેલ આ વર્ષે સ્થળ હોલી ડે રીસોર્ટમાં ઉજવણીનો કાર્યક્રમ પુરા દિવસનો હોય કે જેમા સમાજના દરેક વ્યક્તિની હાજરી હતી.

મહિલા મંડળ રાયપુર દ્વારા આ દિવસને ભરપુર આનંદમય બનાવવા અલગ-અલગ કાર્યક્રમનો આયોજન કરેલ હતો. જેમાં 'કળશ નારીયેળ' સજાવટની પ્રતિયોગિતા તેમજ છોકરાઓ અને જેન્ટસ લોકો માટે 'મટકા ફોડ' પ્રતિયોગિતા સાથે નાના નાના બાળકો માટે ભુલ ભુલૈયા પ્રતિયોગિતાનું આયોજન હતું. આ ઉપરાંત ખુરશી દોડની સાથે સાથે આવેલ જ્ઞાતિજનોને સરપ્રાઈઝ પ્રશ્નો પૂછ્યા હતા. તેની સરપ્રાઈઝ ગીફ્ટ આપેલ હતી. કળશ નારીયેલ સજાવટમાં બ્રિન્દા જતીનભાઈ બુદ્ધભટ્ટી વિજયી થયેલ હતા. ભુલ ભુલૈયામાં તોરલ ટાંક અને વિધિ ટાંક વિજય થયા હતા. ખુરશી દોડમાં જીજ્ઞેશ બારમેડા અને સિદ્ધી સોની વિજય થયા હતા. તે ઉપરાંત મોટા લોકોની ખુરશી દોડમાં હર્ષદભાઈ મગનલાલભાઈ પોમલ પ્રથમ સ્થાને આવ્યા. કપલ ગેમ રમાડવામાં આવ્યા હતા જેમાં હર્ષાબેન હર્ષદભાઈ પોમલ વિજય થયા હતા.

આખા દિવસનો સૌથી રોમાંચક અને આકર્ષણ ગેમ્સ 'મહાનબોલા' રમાડવામાં આવી હતી. જેમાં બમ્પર પ્રાઈઝમાં Induction Gas ચુલો પુજા હિતેશભાઈ પોમલ વિનર રહ્યા હતા. ત્યારબાદ પ્રથમ ફુલ હાઉસ વિદ્યાબેન પરેશભાઈ બારમેડા, દ્વિતીય ફુલ હાઉસમાં સંદિપભાઈ ગિરધરભાઈ બારમેડા, તૃતીય ફુલ હાઉસમાં જીજ્ઞાબેન બીજલાણી રહ્યા હતા. તે ઉપરાંત ત્રીજા ત્રણ વિનર (૧) હર્ષદભાઈ પોમલ (૨) સરોજબેન (૩) ઉષાબેન ગીરધરભાઈ બારમેડા થયા હતા.

આ ઉપરાંત શૈક્ષણિક કાર્યક્રમ રાખેલ હતો જ્ઞાતિજનો એ પુરા દિવસને ખૂબજ આનંદમય પસાર કર્યો.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ

## સરસ્વતી સન્માન સમારોહ

દિલીપભાઈ કે. બગ્ગા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩માં ઉત્તીર્ણ થયેલા જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનવા 'સરસ્વતી સન્માન સમારોહ'નું આયોજન કરવામાં આવેલ. સમારંભના અધ્યક્ષ પદે જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ કાનજી બગ્ગા તથા અતિથી વિશેષ પદે શ્રી ભરતભાઈ બી. બગ્ગા, ભુપેન્દ્રભાઈ બુદ્ધભટ્ટી, કિશોરભાઈ એન. બારમેડા (કે.વી.), શ્રી શૈલેષભાઈ એસ. કંસારા, રાજેશભાઈ વીસા પરમાર (અંજાર પ્રમુખ), સુરેશભાઈ સોલંકી (માંડવી પ્રમુખ), શ્રી અમુભાઈ સોલંકી (અ.ક.કે.મં. ટ્રસ્ટી), લત્તાબેન સોલંકી (મહિલા મંડળ પ્રમુખ), લાલજીભાઈ પરમાર, રસિકભાઈ બુદ્ધભટ્ટી, પ્રેમજીભાઈ સોલંકી (અ.ભા.મહામંત્રી) સહિત ઉપસ્થિત રહેલ. મંચસ્થ મહાનુભાવોને પુષ્પગુચ્છથી સ્વાગત. શિક્ષણ સમિતિ ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા તેમજ જ્ઞાતિમંત્રી રાજેશ સોલંકી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ સ્વ. કિશોરભાઈ જે. ચનાણી જે ભુજ જ્ઞાતિ પ્રમુખ તથા જ્ઞાતિ શિરોમણી પરિવાર જેષ્ઠપુત્ર તેમજ સ્વ. વાલજીભાઈ ગુજરાતી ભુજ જ્ઞાતિ માજી પ્રમુખને સ્મરણાંજલી આપવામાં આવી અને મંચસ્થ મહાનુભાવોના હાથે દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત કુ. આશના ડી. બારમેડા એ સ્વાગત ડાન્સ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ધો. ૧ થી કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા. જેમાં ધો. ૧ થી ૯ ગુજરાતી માધ્યમ સન્માન કાર્યક્રમ રાજેશભાઈ સોલંકી, હિતેષ પોમલ દ્વારા સંચાલન કરવામાં આવ્યું.



શિક્ષણ સમિતિ ચેરમેન ચેતનભાઈ આઈ. બારમેડા શૈક્ષણિક અહેવાલ રજૂ કર્યા. તેમણે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા અને આ વર્ષ અંદાજીત ૪૦૦ વિદ્યાર્થીઓની માર્કશીટ આવી તેમાંથી ૧૮૦ વિદ્યાર્થીઓને સન્માન થશે તેવું જણાવ્યું. શૈક્ષણિક કાયમી ફંડના મંત્રી શ્રી પ્રદિપભાઈ બિજલાણી દ્વારા વિદ્યાર્થીઓને મફ્ત નોટબુક ઉપરાંત કંપાસની વસ્તુની વહેંચણી અંગે જણાવેલ અને તેનો અહેવાલ રજૂ કરેલ.

નખત્રાણાના રહેવાસી શ્રી ભરતભાઈ બી. બગ્ગા જેઓ ભાજપમાં ગુજરાત રાજ્યના ડેટાસેલના કન્વીનર પદે નિમણુંક થયેલ. ભુજ જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ બગ્ગા દ્વારા તેમનું સાલ તેમજ પ્રમાણપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું.



ત્યારબાદ ભરતભાઈ બગ્ગા એ તેમના પ્રવચનમાં જણાવેલ કે જ્ઞાતિજનોના વિકાસ કાર્યમાં રાજકારણ જરૂરી છે. તે માટે તેમણે ભાવિ વિકાસ માટે રાજકારણમાં આવવા જણાવ્યું તથા તેમના દ્વારા સમુહલ લગ્ન કાયમી ફંડના ૨૫,૦૦૦/- દાનની જાહેરાત કરવામાં આવી હતી.

ભુજમાં જ્ઞાતિના નવા પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગા તથા તેમની કારોબારીની જાહેરાત રાજેશ સોલંકી દ્વારા કરવામાં આવી. કૈલાસ માનસરોવર યાત્રા કરનારનું સાલ ઓઢાડી સન્માન મુળજીભાઈ કટ્ટા તેમજ હર્ષદભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

કિશોરભાઈ એન. બારમેડા એ જ્ઞાતિના વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરી વધુ સક્ષમ થવા જણાવેલ તેમજ મહિલા માટે હોસ્ટેલ હોય તે જરૂરી છે તે જણાવેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગા દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા. ત્યારબાદ ઉચ્ચ અભ્યાસમાં અભ્યાસપૂર્ણ થયા બાદ જ્ઞાતિજનોને ઉપયોગી થવા જણાવેલ તેમજ જ્ઞાતિ દ્વારા થઈ રહેલ પ્રગતિના કામકાજો અંગે જણાવેલ.

જ્ઞાતિજનોને સમાધાન મંચ રાખવું જોઈએ અને છુટાછેડા અને સગાઈ વિચ્છેદનથી દૂર રહેવા જણાવેલ. જ્ઞાતિમાં એકતા અને સંગઠીતતા અંગે જણાવ્યું.

ધો. ૧ થી કોલેજ કક્ષાના તમામ ઈનામના દાતાશ્રી પ્રભુદાસ ખેતશી ગુજરાતી તેમજ ખેતશી ખેંગાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ.

ધો. ૧ થી ૧૨ અંગ્રેજી માધ્યમના ઈનામો સ્વ. લાડુબેન નરભેરામ સોલંકી હસ્તે પ્રાણલાલ નરભેરામ સોલંકી દ્વારા આપવામાં આવેલ હતા.

અન્ય પ્રોત્સાહિત ઈનામ વસંતભાઈ પોમલ તેમજ ક્રિષ્ના જ્વેલર્સ દ્વારા આપવામાં આવેલ. જેમાં અમૃતલાલ વાલજી હેડાઉ, વાલજી નારાણ હેડાઉ, વિજયભાઈ બુદ્ધભટ્ટી, વાલજીભાઈ ગુજરાતી, દિલીપભાઈ બગ્ગા, સ્વ. માવજી ખીમજી બારમેડા દ્વારા ઈનામો આપવામાં આવ્યા.

ત્યારબાદ અભ્યાસક્રમમાં ઉચ્ચ ડિગ્રી મેળવનારનું સન્માનપત્ર ચાંદીના મેડલ આપી, શ્રી દિલીપભાઈ બગ્ગાના હાથે સન્માન કરવામાં આવ્યુ.

**સન્માનિત વિદ્યાર્થીઓ :-** ● શ્રી ડો. હેત યોગેશ સોલંકી - MBBS - રશિયા ● શ્રી ડો. હીર યોગેશ સોલંકી - MBBS - રશિયા ● શ્રી ડો. પલક સુરેશચંદ્ર સાકરીયા - MBBS - ગુજરાત ● શ્રી વિવેક પરેશભાઈ ગુજરાતી - M.Phill - ફિઝીક્સ ● શ્રી ચેતનભાઈ આઈ. બારમેડા - M.Phill - Education ● શ્રી ભાવિની આર. બીજલાણી - M.E. Mechanical ● મોનીકા જી. બારમેડા - સેમીનાર જર્મની મુકામે

આમ, ઉપરાંત વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

**ચાલુ કાર્યક્રમમાં જેમના દ્વારા દાન મેળવેલ :** ● સ્વ. કિશોરભાઈ જે. ચનાણી પરિવાર તરફથી રૂ. ૫૧,૦૦૦/- શૈક્ષણિક કાયમી ફંડને ● સ્વ. ઝવેરીલાલ શિવજી બુદ્ધભટ્ટી રૂ. ૪૦,૦૦૦/- 'સમુહલગ્ન' જાહેરાત સ્ટેશનરી ખર્ચ. ● શ્રી ભાવિન રમણીકલાલ જસમતિયા રૂ. ૪૦,૦૦૦/- 'સમુહલગ્ન' ધાર્મિક ખર્ચ ● શ્રી ભાવિન રમણીકલાલ જસમતિયા રૂ. ૩૦,૦૦૦/- 'સમુહલગ્ન' પત્રિકા ખર્ચ ● શ્રી ભરતભાઈ બેચરલાલ બગ્ગા રૂ. ૨૫,૦૦૦/- 'સમુહલગ્ન' કાયમી ફંડને સહયોગી દાતા. આમ ઉપરોક્ત મુખ્ય દાન સિવાય અને દાતાશ્રીઓ દ્વારા દાન જાહેર કરવામાં આવેલ.

ઉપરોક્ત વિવિધ વિદ્યાર્થીઓને ઈનામ જ્ઞાતિના અગ્રી શ્રી નિતીનભાઈ હેડાઉ, કિશોરભાઈ ચૌહાણ, કિશોરભાઈ બારમેડા વિગેરે દ્વારા આપવામાં આવેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગાના માર્ગદર્શન હેઠળ શિક્ષણ સાંસ્કૃતિક સમિતિ કન્વીનર સી.આઈ. બારમેડા, મંત્રી સંજયભાઈ બુદ્ધભટ્ટી, હિતેષભાઈ પોમલ, દિપકભાઈ પોમલ, મહેશભાઈ ગુજરાતી, મુળજીભાઈ કટ્ટા, સુનિલભાઈ પોમલ, શિશીરભાઈ હેડાઉ, મનસુખભાઈ બુદ્ધભટ્ટી, ચંદુભાઈ ચનાણી, રાજેશભાઈ સોલંકી, હર્ષદભાઈ ઝેડ. બુદ્ધભટ્ટી, અશોકભાઈ બુદ્ધભટ્ટી કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેનત ઉપાડેલ.

સંચાલન મંત્રીશ્રી સંજીવ એ. બુદ્ધભટ્ટી, રાહુલભાઈ ચનાણી, હિતેષ પોમલ, રાજેશ સોલંકી, ચેતન બારમેડા તેમજ આભાર વિધિ અશોકભાઈ બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવેલ.

## શ્રદ્ધાંજલી



**ગં.સ્વ. કંચનબેન કેશવલાલ વિશાપરમાર**

સાદગી અને સમર્પણ તણા પ્રતિબિંબ
સમા વ્યક્તિત્વને હાર્દિક શ્રદ્ધાંજલી

**હેમેન્દ્ર દામજી કંસારા પરિવાર**
**અંજાર-કચ્છ**

# શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ફંડ ટ્રસ્ટ-ભુજ

કુ. એકતા કટ્ટા

આપણી જ્ઞાતિમાં કચ્છ સ્તરનું એક ટ્રસ્ટ 'શ્રી અખિલ કચ્છ કેળવણી ફંડ ટ્રસ્ટ' કાર્યરત છે. જેની સ્થાપના ૧૯૬૩માં થયેલ ભવિષ્યની જરૂરિયાતને ધ્યાને લઈ તે સમયેના સમાજના દીર્ઘદ્રષ્ટા મુરબ્બીઓ અને શ્રેષ્ઠીઓએ આપણા સમાજમાં ભણતર નહીંવત્ જોતાં આપણો સમાજ વધુ શિક્ષીત બને અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધે તે માટે આ ટ્રસ્ટની સ્થાપના કરી. કચ્છના શૈક્ષણિક ક્ષેત્રે પણ ભુજ કેન્દ્ર બિંદુ હોતા આપણા સમાજના કચ્છભરના વિદ્યાર્થીઓને ઉપયોગી થવાના હેતુસર ભુજ મધ્યે બોર્ડીંગની વ્યવસ્થા પણ આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ હતી. બદલાતા સમયના પ્રવાહ સાથે તે બોર્ડીંગ બંધ થઈ અને ટ્રસ્ટે વધુ અભ્યાસ કરવા ઈચ્છતા કચ્છના વિચાર્થીઓને છાત્ર શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) રોકડમાં આપવાનું શરૂ કરેલ. દોઢ દાયકાના ભૂતકાળની નિષ્ક્રીયતા દૂર કરી આ ટ્રસ્ટ છેલ્લા ચાર વર્ષથી નિયમીત સ્કોલરશીપ વિતરીત કરવાનું શરૂ કરેલ છે અને તેમાં દર વર્ષે વિદ્યાર્થીઓનો વધારો થતો રહે છે. ટ્રસ્ટ મૂડીની જે વાર્ષિક વ્યાજની આવક થાય છે તે કચ્છના આર્થિક નબળા / જરૂરિયાતવાળા ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉપલબ્ધ રકમ મુજબ સ્કોલરશીપ તરીકે રોકડ રકમ આપી દેવાય છે.

આટલી પ્રાથમિક ભૂમિકા પછી આ નિવેદન દ્વારા આપ સૌ જ્ઞાતિજનોને વિનંતી કરવાની કે, આપણા સમાજનાં વિદ્યાર્થીઓ જો સમકાલીન શિક્ષણ નહીં મેળવે તો દરેક ક્ષેત્રે પાછળ રહી જવાની નોબત આવશે. જે સમાજને વિકાસથી વંચિત રાખી શકે છે. આજના સમયની માંગ જ દરેક ક્ષેત્રી જ્ઞાન પ્રાપ્ત કરવાની છે. તે પછી વેપારની બાબત હોય કે રોજિંદી રહેણી-કહેણીની બાબત હોય તેમાં શિક્ષણ ખૂબ જરૂરી બની રહ્યો છે. તેથી સમય સાથે ડગ ભરવા શિક્ષણનું સ્તર ઊંચું લાવવું પડશે. હાલે દિવસો-દિવસ શિક્ષણ મોંઘું થતું જાય છે. સમાજના શિક્ષણ ઈચ્છીત પરંતુ, આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની ધગશને અવરોધે છે. જે જ્ઞાતિ માટે ભવિષ્યની મોટી સમસ્યા બની શકે છે, ત્યારે શિક્ષણ ખર્ચાળ હોવાના કારણે કે અપૂરતા માર્ગદર્શનના કારણે આપણી જ્ઞાતિના કોઈ તેજસ્વી વિદ્યાર્થીનું શિક્ષણ આર્થિક બાતબોના કારણે અટવાય નહીં, જ્ઞાતિનું ભવિષ્ય જોખમાય નહીં તેને ધ્યાને લઈ જ્ઞાતિ સ્તરે આર્થિક બાબતે કોઈ વ્યવસ્થા કરવી આ સમસ્યાનું ઉપાય થઈ શકે છે.

આમ તો આપણી જ્ઞાતિ સમયની માંગને સમજી જાગૃત રહી જ છે અને તેથી શિક્ષણની બાબતે પણ વિવિધ ઘટકોમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ થતી જ રહી છે પણ બધા જ ઘટકો આર્થિક રીતે સક્ષમ બને તે જરૂરી છે. જે માટે મોટું ભંડોળ રચવું પડે. જે માટે સર્વે જ્ઞાતિજનો સહકાર જોઈએ. તેમાંય ખાસ કરીને જ્ઞાતિના અંતરિયાળ વિસ્તારમાં આવી પ્રવૃત્તિ ખૂબ જરૂરી છે ત્યારે આપણી જ્ઞાતિનું 'કચ્છ સ્તર'નું આ એકમાત્ર શૈક્ષણિક ટ્રસ્ટ આપ સૌ જ્ઞાતિજનોને ક્ષમતા મુજબ સ્વૈચ્છિક દાન આપવા નમ્ર નિવેદન કરે છે. જેથી ટ્રસ્ટનું 'કોર્પસ ફંડ' (ટ્રસ્ટ ભંડોળ) વધારી જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકાય.

તા. ૭-૭-૧૯૬૩ના રોજ સંસ્થાના સ્થાપકો ભેગા મળી સંસ્થાની સ્થાપના કરેલ. **ઉદ્દેશ :** જ્ઞાતિના ભાઈબહેનો કેળવણી તથા હુન્નર ઉદ્યોગ દ્વારા ઉન્નતી, પ્રગતિ સાધી શકે તેમાં મદદરૂપ થવું.

**સંસ્થાના સ્થાપકો :** હર્ષદરાય કરશનદાસ મૈયા (ભુજ), મગનલાલ કાનજી પોમલ (અંજાર), ધારશીભાઈ જાદવજી પરમાર (ભુજ), મોતીલાલ રણછોડ બુદ્ધભટ્ટી (ભુજ), હંસરાજ લાલજી બારમેડા (સુખપર), જેરામભાઈ ઉમરશી બુદ્ધભટ્ટી (ભુજ), પુરૂષોત્તમ લખમશી વિશા પરમાર (અંજાર), જટાશંકર વેલજી ચનાણી (ભુજ), નરભેરામ રવજી સોલંકી (ભુજ), કેશવજી માધવજી પોમલ (ભુજ), વાલજીભાઈ ડોસા બગ્ગા (ઢોરી)

**સંસ્થાના પ્રથમ ટ્રસ્ટીઓ :** હર્ષદરાય કરશનદાસ મૈયા (ભુજ), મોતીલાલ રણછોડ બુદ્ધભટ્ટી (ભુજ), ધારશીભાઈ જાદવજીભાઈ પરમાર (ભુજ), કેશવજી માધવજી પોમલ (ભુજ), મગનલાલ કાનજી પોમલ (અંજાર), પુરૂષોત્તમ લખમશી વિશા પરમાર (અંજાર), દયારામ મનજી બુદ્ધભટ્ટી (ભુજ)

**સમય સમય પર ફેરફાર થયેલા ટ્રસ્ટીઓએ સેવા આપી :** માધવજી આર. બારમેડા (વિથોણ), વેલુબેન જી. બુદ્ધભટ્ટી (ભુજ), તુલસીદાસ ઓ. બુદ્ધભટ્ટી (ભુજ), વાલજીભાઈ ખેતશી ગુજરાતી (ભુજ), હિરાલાલ દેવશી બુદ્ધભટ્ટી (ભુજ), અમૃતલાલ વાલજી હેડાઉ (ભુજ), વેલજીભાઈ કાનજી હેડાઉ (અંજાર).

**હાલનું ટ્રસ્ટી મંડળ (તા. ૨૧-૨-૨૦૧૦ થી) :** અમૃતલાલ જેઠાલાલ સોલંકી (મેનેજીંગ ટ્રસ્ટી) ભુજ, ચંદ્રકાંત જટુભાઈ ચનાણી (મેનેજીંગ ટ્રસ્ટી) ભુજ, જગદીશ દયારામ ચૌહાણ (ટ્રસ્ટી) ભુજ, અનિલ કાન્તિલાલ બારમેડા (ટ્રસ્ટી) ભુજ, ધર્મેન્દ્ર ઓધવજી બારમેડા (ટ્રસ્ટી) ભુજ, કમલેશ કાન્તિલાલ બુદ્ધભટ્ટી (ટ્રસ્ટી) ભુજ, દિનેશ જેઠાલાલ બગ્ગા (ટ્રસ્ટી) નખત્રાણા, કુ. એકતા હેમેન્દ્ર કટ્ટા (ટ્રસ્ટી) અંજાર.

**કાયમી આમંત્રીત :** ચેતન ઈશ્વરલાલ બારમેડા (ભુજ) પ્રદીપ જીવરામ બીજલાણી (ભુજ), કિશોર દયારામ ચૌહાણ (ભુજ), મુરજી નાનાલાલ કટ્ટા (ભુજ)

**દાન મોકલવાના સરનામા :** અમૃતલાલ જેઠાલાલ સોલંકી - કંસારા બજાર, ભુજ-૩૭૦૦૦૧ (કચ્છ), ● ચંદ્રકાંત જટુભાઈ ચનાણી - **C/o.** મે. જટુભાઈ વેલજીભાઈ એન્ડ સન્સ જ્વેલર્સ હોસ્પિટલ રોડ, ભુજ-૩૭૦૦૦૧ (કચ્છ) ● શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની કેળવણી ફંડ ટ્રસ્ટ ના નો ચેક લખવું.

# સમસ્ત બારમેડા પરિવારના ખેતરપાળ દાદાનું મંદિર પુનઃનિર્માણ

– ચેતન બારમેડા

સમસ્ત બારમેડા પરિવાર દ્વારા તા. ૬-૯-૨૦૧૩ અને તા. ૭-૯-૨૦૧૩ એમ બંને દિવસ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો. આ મહોત્સવમાં સમગ્ર ભારતમાંથી બારમેડા ભાઈઓ સહપરિવાર પધાર્યા હતા. સૌ પ્રથમ તા. ૫-૯-૨૦૧૩ ગણેશ સ્થાપના પ્રાણજીવનભાઈ ઓ. બારમેડાના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ વિજયભાઈ જે. બારમેડા, રાજેશભાઈ કે. બારમેડા, વિઠ્ઠલભાઈ બી. બારમેડા, મુળજીભાઈ જી. બારમેડા, અરવિંદભાઈ પી. બારમેડા, ભૌતિક ડી. બારમેડા, હસમુખભાઈ પી. બારમેડા તેમજ કિરીટભાઈ વી. બારમેડા આ તમામ પરિવાર દ્વારા વિવિધ વિધિઓમાં સ્થાપના કરાઈ હતી.



સવારે ૧૦ કલાકે ભવ્ય શોભાયાત્રામાં અંદાજીત ૧૫૦૦ ભાઈઓ જોડાયા હતા. આમાં ઘોડા, બગી, ટાંગા ઘોડી, ઊંટ ગાડી, બેન્ડ પાર્ટી, ભજન પાર્ટી અને તમામ નિયાણિઓ કળશ લઈને આ શોભાયાત્રામાં જોડાઈ હતી. જેમાં ખેતરપાળ દાદાની મૂર્તિનું હાટકેશ્વરના મંદિરમાં દશવિધિ સ્નાન કરવામાં આવ્યું હતું. આ યાત્રા છઠ્ઠીબારી રીંગ રોડ ઉપરથી પસાર થઈ ભીડ ગેઈટ દાદાની દેરીએ પ્રસ્થાન કર્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય તરીકે સુમનભાઈ ટી. વ્યાસ હાજર રહ્યા હતા.

આ સમગ્ર શોભાયાત્રા મંદિરે આવ્યા બાદ મંદિરમાં ધાન્યાધિવાસ મૂર્તિનું કરવામાં આવેલ આ નગરયાત્રામાં ચંદ્રકાંતભાઈ ઓ. બારમેડા, ધમેનભાઈ બારમેડા, સત્યમભાઈ પી. બારમેડા, મનોજભાઈ બારમેડા, ચેતનભાઈ બારમેડા તમામ ભાઈઓએ નગરયાત્રાની કામગીરી સંભળાવેલ હતા.

આ નગરયાત્રા બાદ બધા જ ભાઈઓની ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમની કામગીરી ઘનશ્યામભાઈ ઓ. બારમેડા, રાજેશભાઈ આઈ. બારમેડા, ધીરજભાઈ બારમેડા તેમજ અન્ય ભાઈઓએ આ કામગીરી સંભાળેલ.

સ્વ. માવજી ખીમજી બારમેડા પરિવાર હસ્તે ઈશ્વરલાલભાઈ તથા ઘનશ્યામ બારમેડા પરિવાર તરફથી પછી દાદાના જીવન ચરિત્રની પુસ્તક દરેક જણને આપવામાં આવી હતી.

તા. ૬-૯-૨૦૧૩ના રાત્રે સંગીત સંધ્યાના કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના જેઠાલાલ પરિવાર તરફથી સુગમ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં રાજેશભાઈ પઢારીયા ગ્રુપ ખૂબ જ સુંદર ભજનો રજુ કર્યા હતા. જેમાં અંદાજીત ૩૦૦૦ બારમેડા પરિવારના હાજર રહ્યા હતા.



બીજા દિવસે ખૂબ જ ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ હવનમાં તમામ યજમાનો દ્વારા ધાર્મિક વિધિમાં તેઓ જોડાયા હતા. જેમાં સતચંડી હવન અને પૂજા પૂર્ણ થયા બાદ નાળિયેર સાથે ચાર વાગે નાળિયેર વિધિ કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહી કાર્યકરો દ્વારા તેમજ વિવિધ દાતાશ્રીઓમાં મુખ્ય દાતા સમગ્ર કાર્યક્રમ બે દિવસના ભોજન ખર્ચના દાતાશ્રી એક પંછીદાદાના ભક્તશ્રી તરફથી આપવામાં આવ્યું હતું. વિડીયોગ્રાફી કંકોત્રી સ્વ. ગોપાલભાઈ દામજી બારમેડા, સ્વ. સાવિત્રીબેન ગોપાલભાઈ બારમેડા, રમેશ ગોપાલભાઈ બારમેડા પરિવાર મુળજીભાઈ તથા નવિનભાઈ બારમેડા અને આ કાર્યક્રમમાં આવેલ તમામ નિયાણીઓને શ્રી ઈશ્વરલાલભાઈ નેણશી બારમેડા (દહિસરા) વાળા તરફથી લાણી આપવામાં આવેલ જેમાં ૮૦૦ જેટલી નિયાણીઓને લાણી આપવામાં આવી હતી.

ત્યારબાદ મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ જેમાં કમલેશભાઈ બારમેડા માધાપર મુળજીભાઈ બારમેડા, નવીનભાઈ બારમેડા (મેઘપર) વાળા પરિવાર તેમજ જેઠાલાલ બારમેડા પરિવાર (મથલવાળા) હાજર રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં સહયોગ દરમ્યાન જાહેરાત ખર્ચના દાતાશ્રી ચંદ્રકાંત ઓધવજી બારમેડા અને અન્ય દાતાશ્રીઓ તરફથી દાન આપવામાં આવેલ નીચેના કાર્યકરો એ જયમત ઉઠાવી હતી જેમાં જેન્તીલાલ મોતીલાલ બારમેડા, સનતભાઈ બારમેડા, રાજેશભાઈ આઈ. બારમેડા, દિનેશભાઈ બારમેડા, જેન્તીલાલભાઈ મણીલાલ બારમેડા, નરેન્દ્રભાઈ બારમેડા, કલ્પેશભાઈ બારમેડા, પુનિતભાઈ એન. બારમેડા, રાજેશભાઈ વી. બારમેડા, નિશીતભાઈ આર. બારમેડા, ચંદ્રેશભાઈ બારમેડા, મહેન્દ્રભાઈ બારમેડા, તરૂણભાઈ બારમેડા, અનિલભાઈ કે. બારમેડા આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# ભારતીય સંસ્કૃતિમાં ઘરેણાનું સ્થાન

**બાબુભાઈ એન. સાકરીયા - મુંબઈ**

સુવર્ણ અલંકારો અને સુવર્ણનો સર્વાંગી ઈતિહાસ આપણા સમાજના મુંબઈ સ્થિત શ્રી બાબુભાઈ સોનીએ ૨૩ વર્ષ પૂર્વે લખેલ જે દિલ્હીથી પ્રગટ થતા અંગ્રેજી દૈનિક 'સન્ડે મેલ'માં પ્રસિદ્ધ થયેલ હતો. તેઓશ્રીએ લેખના અંશ પ્રકાશન હેતુ મોકલ્યા છે જે અત્રે પ્રસ્તુત છે. **– મુખ્ય તંત્રી**

ગામડાની ગોરી હોય કે શહેરની ફેશનેબલ સુંદરી કે પછી આદિવાસી મહિલા હોય પરંતુ ઘરેણાં એ ભારતીય મહિલાઓ માટે સહજ અને સ્વાભાવિક છે. બહુજ મુશ્કેલીથી મજુરી કરી પોતાનું ગુજરાત ચલાવતા. ગરીબ ઘરની મહિલાઓ પણ પોતાની આવકમાં બચત કરી નાના મોટા ઘરેણાં ખરીદતી હોય છે. ગરીબ કે તવંગર કુટુંબોમાં ઘરેણાંઓની ખરીદી મોટે ભાગે મહિલાઓ જ કરતી હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં સોના-ચાંદી ઝવેરાતને પરંપરાગત અને વાર્ષિક ચોકઠામાં એવું મજબુત જડી લેવામાં આવ્યું છે કે આવતા સેંકડો વર્ષો સુધી તેમાં કોઈ ફેરફારની શક્યતા દેખાતી નથી. બીજું પણ એ કારણ છે કે મહિલાઓની કલાપ્રિયતા સુંદરતા પ્રત્યેની અભિરૂચિ, નયનરમ્ય ઘરેણાનું આકર્ષણ સંગ્રહવૃત્તિ, બચત, સલામતીની ભાવના અને પરંપરા.

ભારતીય પરંપરામાં જન્મથી મૃત્યુ પર્યંત આભુષણોને વ્યવસ્થિત ગોઠવી દેવામાં આવ્યા છે. બાળકના જન્મ પછી છઠ્ઠે દિવસે, વિધીમાં બાળક માટે નાની વીંટી, ચેન, કંદોરો, રમકડા ચાંદીના વગેરે ખરીદવામાં આવે છે. તેમજ સંબંધીઓ તરફથી પણ ભેટ મળે છે તેજ પ્રમાણે મૃત્યુ સમયે પણ સોના-ચાંદીની સ્વર્ગ સીડી કે સોનાનો ટુકડો મુખમાં મુકાય છે. તેમજ મૃત્યુ પછી પણ સોનાચાંદીના વસ્તુઓ ઘરેણાં બ્રાહ્મણોને દાન અપાય છે.

ભારતના દરેક રાજ્યમાં વસતા બધી જ જાતિ સમાજોમાં ઘરેણાનું ખૂબ જ મહત્વ છે. લગ્ન વિધિમાં કન્યાદાન સમયે બ્રાહ્મણો સંસ્કૃતમાં મંત્રો બોલે છે કે સુંદર વસ્ત્રો અને આભુષણોથી અલંકૃત આ કન્યા અર્પણ કરું છું. બંગાળ અને રાજસ્થાનમાં ઉચ્ચ માધ્યમ ઘરની મહિલાઓ ખૂબ ઘરેણાં પહેરે છે. અમુક સમાજોમાં ઘરેણાં ખૂબ જ પહેરાય છે અને નવા વર્ષે બધા દાગીનાને શુદ્ધ પાણીથી ધોઈને છાપરે સુકવવામાં આવે છે. ભારતમાં દર વર્ષે અંદાજે ત્રણ લાખ લગ્નો થાય છે. સરેરાશ બે તોલા સોનું ગણો તો પણ છ લાખ તોલા સોનું વપરાય છે. ચુડી, ચાંદલો, મંગલસૂત્ર વગેરે મહિલાઓનાં સૌભાગ્ય ચિહ્ન ગણાય છે. આપણા આરાધ્ય દેવ-દેવીઓના આભુષણો પણ હરહંમેશ બનતા હોય છે. એક ઈંચના ઠાકોરથી લઈને વિશાળકાય મૂર્તિઓના મસ્તકથી પગની આંગળીઓ સુધીના સોના-ચાંદી અને હિરામોતીના આભુષણો બનતા હોય છે. નિર્વસ્ત્ર જૈન દેવોને પણ સોના-હીરા ઝવેરાતના શણગાર કરવામાં આવે છે જેને આંગી કહે છે.

આઝાદી પહેલાના જમાનામાં રજવાડાઓમાં ખાસ સોની મહાજનની નિમણુંક કરવામાં આવતી અને કેટલાક રાજરાણીઓ, કુંવરીઓ માટેના ઘરેણાં તેઓ બનાવતા, જુના જમાનામાં તો સોનીઓને રાજમહેલમાં ખાસ જગ્યા અપાતી અને ત્યાં મહિનાઓ સુધી ઘરેણાં બનાવતા. આભુષણોની ડિઝાઈન બાબત ખાસ એક વાત કરવાની છે કે ઘણી નવી ડિઝાઈનો ભારતીય મહિલાઓના દિમાગમાંથી પણ બનતી હોય છે, કહેવાય છે કે લાખ બરેલા પોકળ એમ્બોસ કરેલા દાગીના એક મહિલાની કલ્પનાથી પેદા થયેલ ડિઝાઈન ગણાય છે.

ધાર્મિક ગ્રંથો અને પુરાણોમાં પણ ઘરેણાંનો ઉલ્લેખ હોય છે. રામાયણમાં સીતાહરણના પ્રસંગે સીતાજીએ માર્ગમાં પોતાના આભુષણો એક એક કરીને ફેંક્યાં હતા. હનુમાનજી સીતાની શોધમાં લંકા ગયા ત્યારે સોનાની વીટી સાથે લઈ ગયા હતા. મહાભારતમાં પણ ઘરેણાઓનો ઉલ્લેખ છે. આપણા દેવી દેવતાઓના ફોટામાં ખૂબ જ હીરાજડીત મુગટ વગેરે દેખાય છે.

પુરાતત્વવિદોના મત પ્રમાણે ધાતુ ઓગાળવાની શોધ પ્રથમ તુર્કીમાં ત્રણ હજાર વર્ષ પૂર્વે થઈ હતી. ત્યારે પછી ક્યાંક જમીનમાં ખોદકામ કરતા વીંટી જેવી વસ્તુ મળી હતી. એવો ઉલ્લેખ છે. આપણી સિંધુ સંસ્કૃતિના અવશેષો મળ્યા છે તેમાં સોના-ચાંદીના કોઈ ઘરેણા મળ્યા નથી પરંતુ કોડી, હાડકા, લાકડા, પત્થરના મણકા-માળા વગેરે મળ્યા છે. ઈલોરા-અંજટાની ગુફાઓમાં શિલ્પો અને ચિત્રોમાં ઘણા કલાત્મક આભુષણો કંડારેલા છે. પ્રાચીન મિસ્રમાં ઈ.સ. પૂર્વે ૧૪મી સદીમાં તુતેન ખામેન નામનો રાજા થઈ ગયો. સને ૧૮૨૦માં એની કબર ખોદવામાં આવી હતી. ઉપરાંત તેના અંગ ઉપર મુકેલ સોનાના પતરાના આભુષણ જેવી વસ્તુઓ મળી છે. ૫૦૦૦ વર્ષ પૂર્વે રાજા કોશીયસે સોનાના સિક્કા બનાવ્યા હતા. ઈજીપ્તના પીરામિડોમાંથી પણ સોનાના ઘરેણાં મળ્યા છે. તેવું વાંચ્યું હશે. રશિયાના ઝાર રાજા પાસે ભારતમાં બનેલો સોનાનો હાર છે ઋગ્વેદમાં પણ સોનાનું કામ કરવાવાળાને સોની કહેવાતા તેવો ઉલ્લેખ છે. મહાન અર્થશાસ્ત્રી કૌટિલ્યે પણ સોનામાં ભેળસેળ પકડી પાડવાની તથા સોનાની પરખ કરવાની રીતો લખી છે.

ઉપરોક્ત દરેક બાબતનો વિચાર કર્યા પછી કોઈ ચોક્કસ નિર્ણય કરી શકાય નહિ. પરંતુ મને લાગે છે કે ભારતમાં મૂર્તિ પૂજાની શરૂઆત થઈ. ત્યારપછી ઈશ્વરના સાકાર સ્વરૂપની માન્યતા દ્રઢીભૂત થતી ગઈ. ચિંતકો, ધર્મ પ્રવર્તકો, ઋષિ-મુનીઓ, પુરાણકારોના સંશોધન પછી સૌ પ્રથમ આપણા આરાધ્ય દેવ-દેવીઓના આભુષણો પ્રથમ શિલ્પમાં કંડાર્યા હશે અને ત્યારબાદ કોઈ પ્રાપ્ત ધાતુઓ અને ત્યારબાદ સોના-ચાંદીના બન્યા હશે.

# શ્રદ્ધાંજલી



**ગં.સ્વ. કંચનબેન કેશવલાલ વિશાપરમાર**

સ્વ. તા. ૧૩-૮-૨૦૧૩, શ્રાવણ સુદ-૭


તમારું સાદગીભર્યું જીવન એજ તમારો સંદેશ હતો
સત્ય પ્રમાણિકતા પરોપકારીતા વૃત્તિ,
ધાર્મિક અને કૌટુંબિક ભાવના,
માનવતા જેવા આપના ગુણો સૌને પ્રાપ્ત થાય,
તેવી પરમકૃપાળુ પરમાત્મા પાસે હૃદયપૂર્વકની પ્રાર્થના...

**સ્વ. કેશવલાલ લખમશી વિશાપરમાર (મનફરાવાળા પરિવાર)**
**રાજેશ કેશવલાલ વિશાપરમાર (પુત્ર)** **રમાબેન રાજેશ વિશાપરમાર (પુત્રવધુ)**
**મહેશ કેશવલાલ વિશાપરમાર (પુત્ર)**
**સ્વ. દિપક કેશવલાલ વિશાપરમાર (પુત્ર)** **નિરૂપાબેન દિપકકુમાર વિશાપરમાર (પુત્રવધુ)**
**દામિની, ચાંદની, દેવ, પૂજા, પ્રતિક (પૌત્ર-પૌત્રીઓ)**

# પેટનું ચાંદુ (અલ્સર)

**– ડૉ. કે. એસ. પટેલ-અમદાવાદ**


પેટનું ચાંદુ એક શારિરીક રોગ છે. અલ્સર શબ્દથી ઘણા લોકો પરિચીત છે. આ અલ્સર શું છે ? હોજરી તથા પકવાશયની અંદરની સપાટી ખૂબ જ મુલાયમ હોય છે. જેને મ્યુકસ મેમબ્રન કહે છે. ત્યાં ચાંદુ પડી જાય છે. જે પાચનતંત્રને ખોરવી નાખે છે. અંગ્રેજીમાં જેને પેપટીક અલ્સર કહેવામાં આવે છે.




**કારણો :** સંધીવા કે આમવતના રોગીઓ જે લાંબા સમયથી ગરમ દવાઓનું સેવન કર્યા કરે છે. તેનાથી લાંબા ગાળે પેટનું ચાંદુ પડી જાય છે. એસીડીટીના રોગી ખાટી આથાવાળો, તળેલો તીખો અને ગરમ મસાલાવાળો ખોરાક લાંબા સમય સુધી લેતા રહેતો પણ તેને ચાંદુ પડે છે. હોજરીમાં હાઈડ્રોક્લોરીક એસિડનું પ્રમાણ જરૂરી માત્રામાં હોય છે. પરંતુ જ્યારે તે ખાલી હોય છે ત્યારે તેનું પ્રમાણ વધી જાય છે. ખોરાકમાં ક્ષારવાળા પદાર્થો અને કેલ્શીયમવાળા પદાર્થો ઓછા થઈ જાય તો હોજરીમાં એસિડનું પ્રમાણ વધી જાય છે. તેનાથી હોજરીમાં ચાંદુ પડે છે. દારૂ ચાંદુ પડવાનું મુખ્ય કારણ છે. માનસિક તાણ અનુભવતા લોકો માનસિક તાણને ઓછી કરવા માટે દારૂ પીવે છે. આજના હરિફાઈના જમાનામાં ઘણા લોકો નિશ્ચિત સમયે ખાઈ શકતા નથી. એ બે વખતના ખોરાક વચ્ચે લાંબો ગાળો પડવાથી એસિડની માત્રા હોજરીમાં વધી જાય છે. તેનાથી હોજરીમાં ચાંદુ પડવાની શક્યતા રહે છે. બ્રેઈન સ્ટોક તથા લોહી પાતળું કરવાની ગોળી કાયમ લેવાથી આ જાતનું ચાંદુ પડી જાય છે.

**લક્ષણો :** અલ્સરના રોગને પેટમાં સતત બળતરા થાય છે. ભૂખ ઓછી લાગે છે. નાભિના ઉપરના ભાગમાં દુખાવો થાય છે. ગેસ્ટીક અલ્સરમાં જમ્યા પછી તરત દુઃખાવો થાય અને બળતરા થાય છે. ડીયોડીનલ અલ્સરના રોગીને મધ્યરાત્રીએ અચાનક દુખાવો થાય છે. ડીયોનીનલ અલ્સરમાં જમવાના બે થી ત્રણ કલાક પછી દુઃખાવો થાય છે. હોજરીના આહાર નાના આંતરડામાં આવતા ચાંદા સાથે ઘસાય છે. ગેસ્ટ્રીક અલ્સરમાં રોગીને ખોરાક લેતી વખતે પેટનો દુઃખાવો વધી જવાની સતત બીક રહ્યા કરે છે.

**નિદાન :** પેટનો એક્સ-રે, સોનાગ્રાફી અને બેરીયમની દવા પીવડાવીને હોજરી તથા આંતરડાનો એક્સ-રે કરવામાં આવે છે. મોઢાના ભાગથી દૂરબીનથી (એન્ડોસ્કોપી) દ્વારા તપાસ કરવાથી તેમાં કઈ જગ્યાએ ચાંદુ પડ્યું છે તેનું નિદાન થાય છે. ઘણીવાર હોજરીમાં પડેલી ચાંદી કેન્સરની પણ હોઈ શકે છે. તેવા કેસમાં દૂરબીનથી (એન્ડોસ્કોપી)ની મદદથી બાયોપ્સી પણ કરવામાં આવે છે.




**સારવાર :** એન્ટાશીડ પ્રવાહી અને રેબીપ્રાઝોલ, પેન્ટોપ્રાઝોલ અથવા ઓમીપ્રાઝોલ જેવી થવાઓ બે મહિના સુધી આપવામાં આવે છે. ખોરાકમાં સાદો ખોરાક એટલે કે દૂધ, જ્યુસ, દાળભાત, ખીચડી જેવો સાદો ખોરાક આપવામાં આવે છે. તીખુ, તળેલું મરચાવાળો ખોરાક ન લેવાની સલાહ આપવામાં આવે છે. એક સાથે ખોરાક પેટ ભરીને ન જમતા દિવસમાં ત્રણથી ચાર વાર એમ થોડો થોડો આહાર લેવાની સલાહ આપવામાં આવે છે.

ઘણીવાર ચાંદુ જો હોજરીની દિવાલથી અંદર સુધી પડી ગયું હોય તો તેમાં કાણું પડી જાય છે. જેમાં દર્દીઓને ખૂબ દુઃખાવો થાય છે. તથા ઉલટી પણ થાય છે. આ તકલીફમાં દર્દીને ઓપરેશન કરવુ પડે છે. નહીંતર હોજરીમાંથી પેટમાં ચેપ ફેલાઈ જાય છે અને દર્દીની પરિસ્થિતિ નાજુક થઈ જાય છે.

**ડૉ. કે. એસ. પટેલ** એમ.એસ, એફ.આઈ.સી.એસ.
ડાયરેક્ટર - ડીપાર્ટમેન્ટ ઓફ સર્જીકલ ગેસ્ટ્રોઅન્ટ્રાલોજી
**કાઈઝેન હોસ્પીટલ :** ૧૩૨ ફુટ રિંગ રોડ, હેલ્મેટ સર્કલ, મેમનગર, અમદાવાદ-૫૨. ફોન : ૦૭૯-૨૭૯૧૪૪૪૪.
કાઈઝેન હેલ્પલાઈન નં. : મો. ૯૮૨૪૪ ૪૦૦૪૪
www.kaizenhospital.com,
Email : kaizenhospital@gmail.com
Email : dr_kspatel@yahoo.co.in

**મેહુલ જે. સોની (ચરક ફાર્મા મેડિકલ રી-પ્રેઝન્ટેટીવ છે.)**

**મીતા'સ કોર્નર**

# જાણવું અને માણવું ! કેટલો ફર્ક ?

**મીતા નીતિન સોલંકી**



આપણું જીવન કેટલી બધી અનિશ્ચિતતાઓથી ભરપૂર છે. આપણે ધારતા કાંઈક હોઈએ ત્યારે થતું જ બીજું હોય છે ! વિચારતા કાંઈક હોઈએ છીએ અને વર્તનમાં આવે ત્યારે અલગ પરિણામ જોવા મળે છે. સુંદર દેખાતી દરેક વસ્તુ વાસ્તવમાં સુંદર સાબિત થાય એવું જરૂરી નથી હોતું, જ્યારે સામાન્ય લગતી પરિસ્થિતિ ક્યારેક મહત્વની બની જાય છે.

વિચારકો અને ફિલોસોફર આવા અને આનાથી પણ પેચીદા અને મુંઝવતા પ્રશ્નો પોતાની જાતને, પોતાની આત્માને પૂછ્યા કરતા હોય છે. પરંતુ જીવનની અડધી મંજીલ પૂર્ણ કર્યા બાદ પણ અમુક પ્રશ્નોના જવાબ નથી સાંપડતા ત્યારે આપણું મન વળી મુંઝવણ અનુભવે છે અને નવેસરથી વિચારવા મજબુર થાય છે. આ જીવન આખરે શું છે ? આપણે શું છીએ ? કુદરતના હાથના રમકડા માત્ર ? જીવનને જાણવાના પ્રયત્નોમાં કુદરત સામે સાવ પામર, લાચાર અસહયા મહેસુસ કરીએ છીએ ! જે જડ વસ્તુઓનો અનુભવ કરીએ છીએ તે અસર નથી કરતી હોતી અને જે અસર કરેછે તે દેખાતી નથી. આનો જવાબ શું ? વિચારોના વલોણા (બ્લેન્ડર) માંથી માખણ રૂપે જે તારવણી ધ્યાનમાં આવી છે તે રજુ કરતા આનંદ થાય છે.

'મન' નો વિસ્તાર અમાપ છે મન ને કળવુ અતિ મુશ્કેલ છે. આપણું જ લાગતું આપણું મન પણ ક્યારેક ન સમજાય તેવી હરકત જાણ બહાર કરી જ જાય છે. મન બદમાશ છે, મન લુચ્ચો છે ? કહેવાય છે કે મન માંકડા જેવું છે ? તેથી જ આપણી પાસે માંકડા જેવા ખેલ કરાવે છે ? મનને સમજવું તો જ આપણે ખુશહાલ અથવા પ્રસન્ન રહી શકશું ! ઘણા લોકોને સ્વભાવને કારણે નજીવી બાબતોમાં દુઃખી થઈ જવાનો 'શોખ' પાળી રાખ્યો હોય છે, બિચારી બનીને બીજાની સીમપથી મેળવી અટેન્ડશન મેળવવાની કોશીશ કર્યા જ કરતા હોયછે. પરિસ્થિતનું તટસ્થ આકલન કરી તફાવત સમજવામાં આવે તો દુઃખી થવાના મૂળમાં શું હતું તે જોઈ શકાય છે.

નસીબ, સંજોગો, કિસ્મત, કુદરત, ભાગ્ય વગેરે આપણે કેટલા % દુખી કરી શકે છે ? જ્યારે આપણું મન આપણે કેટલા % દુખી કરે છે ?

માત્ર પુસ્તકિયા જ્ઞાનથી જીવનને જાણી નથી શકાતું જેમ કે હિમાલયની સુંદરતાનું વર્ણન વાંચીએ અને હિમાલયને તાદ્દશ નજરોનજર જોઈએ તેટલો ફર્ક છે : આનંદ માણવો હોય તો હિમાલય જાવું જ પડે છે.

જીંદગીને ને જાણ્યા જ કરશું તો માણવાનું ચૂકાઈ જાય તેવું બને. જીંદગીમાં તાલમેલ કરવું ખૂબ જરૂરી છે. પરિસ્થિતિ ને પ્રમાણે રહેવું શીખવા જેવું છે. દા.ત. આઈસ્ક્રીમ જમાવવામાં કાંઈક ભૂલઠ થઈ જાજો નહિ તો દૂધ કોલ્ડ્રિક્સનો સ્વાદ તેમાંથી માણી લેવું આખરે દૂધ કોલ્ડ્રિક્સ આઈસ્ક્રીનું લીકવીડ સ્વરૂપ જ છે ને !

ક્ષમતા વધારી શકાય એમ ન જ હોય તો મનને શાંત રાખી પરિસ્થિતિને અનુકૂળ થવું એ વચલો માર્ગ શ્રેષ્ઠ છે.

આખરે તો દરેક મનુષ્યને સૌથી વધુ પરેશાન પોતાનું મન જ કરે છે. મનના ખેલ અજબ છે. તેમની માયાજાળને સમજી જીંદગીને માણ્યા કરવું એ શ્રેષ્ઠ રસ્તો છે. બાકી તો 'બધાને બધુ નથી મળતું' તે હકીકત છે. જીંદગી ક્યારે 'ગમે એવી' હોય તો ક્યારેક 'ગમે તેવી' હોય છે.

બાકી તો, જીના યહા મરના યહા ઈસકે સીવા જાના કહા ? વટભેર 'દસ'માં પ્રવેશ કરવા બદલ ફરી-ફરી જ્ઞાતિસેતુના તમામ તંત્રીમંડળના લોકોને કાર્યસિદ્ધિના સલામ અને શુભકામના.

**મારું નમ્ર સુચન :** સેતુ દ્વારા જ્ઞાતિ માટે 'સેતુ-રૂપ' એવું કાંઈક કરવું કે જે આપણે સમાજને જોડતી કડી રૂપ બને, તેમજ દૂર રહીને પણ 'નજીક' લાગતુ, પરિચિત રાખતું, 'સેતુ' ને મેગેઝીન રૂપે બહાર પાડી જ્ઞાતિ માટે જે કાર્ય કર્યું છે એ સર્વે સન્માનને પાત્ર છે, આ સર્વશ્રેષ્ઠ કામગીરી બદલ સર્વ તંત્રીમંડળ તેમજ સહયોગી લોકોનું ઉચ્ચતર પ્રકારથી સન્માન થવું જોઈએ. સમાજ પ્રત્યેનું ઋણ અદા કરવાની શ્રેષ્ઠ કામગીરી બદલ ઉત્સાહી, હંમેશા અગ્રેસર, નમ્ર એવા અતુલભાઈ સોનીને વિશેષ અભિનંદન.... જેઓએ મને હંમેશા પોતાના કાર્યોથી લખવા માટે પ્રેરણા આપી છે.

**સેતુ દશાબ્દી-સામાજીક સંવાદ ઉપલબ્ધિ**

# હું મારા સમાજ માટે કેટલું કરી શકું ?

**– છત્રાળા મહેશ તુલસીદાસ-અંજાર**

ગત અંકમાં વ્યવસાયલક્ષી માહિતી આવેલી. જે સમાજના દરેક લોકો તેમજ વિદ્યાર્થીઓને ઉપયોગી થશે. શિક્ષણક્ષેત્રે, કલા, મેડિકલ, સાયન્સ, નર્સિંગ, ફાર્મસી, એન્જીનીયરીંગ અને ખાન-પાન ક્ષેત્રની માહિતી જે લોકોએ આપી તેમને ખૂબ ખૂબ અભિનંદન. ઉચા પદ પર બિરાજમાન જ્ઞાતિજનોની સંપૂર્ણ માહિતી અંકિત કરવા બદલ આભાર. જ્ઞાતિસેતુના માધ્યમથી ધો. ૧૦ અને ધો. ૧૨ના છાત્રોને આગળ અભ્યાસ માટે ખૂબ જ સારું માર્ગદર્શન મળ્યું છે.

સૌ પ્રથમ તો હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મને શ્રી મારું કંસારા સોની સમાજમાં જન્મ મળેલ. સમાજનો વિકાસ થાય ત્યારે જ થશે જ્યારે સમાજનો જ્ઞાતિજન સમાજના વિકાસ માટે કાર્ય કરશે. નાની-નાની બાબતોમાં આપણે એકબીજાને મદદરૂપ થઈ જ્ઞાતિભાવના કેળવી શકીએ છીએ. હું મારું કામ કરીને પૈસા કમાઉ, છાત્રોને ટ્યુશન આપીને ધન કમાઉ, વેપાર કરીને ધન કમાઉ, કોમ્પ્યુટરના માધ્યમથી સારી એવી આવક કરું. પણ બધી પ્રવૃતિમાં હું માત્રને માત્ર મારો જ વિચાર કરું. હું જ ધન સંગ્રહિત કરું. આવી ભાવનાથી દૂર રહીને બીજા ભાઈઓ માટે વિચારીએ જેમકે,

મારે લગ્ન માટે સોના ચાંદીના દાગીના બનાવવા છે, ખરીદવા છે, વાસણ, કપડાં ખરીદવા છે. તો હું આપણી જ જ્ઞાતિના દુકાનદાર પાસેથી ખરીદીશ. જેથી જ્ઞાતિનો પૈસો જ્ઞાતિમાં જ આવે. મારી ખરીદીના માધ્યમથી હું બીજાને ઉપયોગી થઈ શકું. અનાજ લેવું, ફર્નિચર લેવું, મોબાઈલ લેવો, બેલેન્સ વગેરે નાની નાની બાબતોમાં હું બરાબર વિચાર કરીને આપણા જ સમાજના જ્ઞાતિજન પાસેથી ખરીદી કરું. મારો આ વિચાર નાના-નાના વેપારીને સહાયરૂપ થશે. તેમને ધંધામાં મદદ મળશે. આપણે ખરીદી કરવી જ છે તો જ્ઞાતિજન પાસે જ કેમ નહિં ?

રોજબરોજના જીવનની અંદર માનવીને દરેક વસ્તુની જરૂર પડે છે. રસોઈ બનાવવા, ફર્નિચર બનાવવા, મકાન-દુકાન બનાવવા, કપડા સીવડાવવા, ફોટા પડાવવા વગેરે બાબતોમાં હું જ્ઞાતિની ભાઈઓ પાસે કામ કરાવીશ. જ્યારે મંગાવવા છે તો હું જ્ઞાતિના જ દુકાનદાર પાસેથી મંગાવીશ. સાચી જ્ઞાતિ ભાવના કેળવીને મારે એમ વિચારવું જોઈએ કે વસ્તુના પૈસા આપવાનાં જ છે તો અન્યને આપવાં કરતાં સમાજનાં લોકોને આપવાં સારા. મારો જ્ઞાતિજન સુખી તો હું સુખી થઈશ. આવી ભાવનાનો જન્મ થવો જોઈએ. આપણે મધ્યમ હોઈએ તો સમાજને કે સમાજના લોકોને આર્થિક મદદ ન કરી શકીએ, પણ ખરીદી માધ્યમથી, રીપેરીંગના માધ્યમથી મદદરૂપ થઈ શકીએ. આપણી નાની-નાની મદદ જ્ઞાતિજન માટે જીવનનિર્વાહ બની શકે છે. જરૂર છે માત્ર વિચાર કરવાની, અમલ કરવાની.

વેપારીની દૃષ્ટિએ વાત કરીએ તો હું તાંબા-પિતળ કે સોના-ચાંદીનો વેપારી છું. તો મને કામમાં મદદરૂપ થવા માણસોની જરૂર પડવાની જ છે. તો હું મારી દુકાનમાં કામ માટે આપણી જ જ્ઞાતિના ભાઈઓને કામે રાખીશ. જેથી મને કામમાં મદદ મળે, વિશ્વાસુ માણસ મળે અને મધ્યમ વર્ગના માણસને આર્થિક મદદ મળે. મારા ધ્યાનમાં જ છે તેમ અંજાર ખાતે એક સોના-ચાંદીનો શો-રૂમમાં શરૂઆતથી જ આપણા ભાઈઓ કામે રાખેલ છે, અન્ય કોઈ નહિં. જે આપણા માટે ગૌરવની વાત છે.

ટૂંકમાં આપણી જ્ઞાતિનો વિકાસ કરવો હશે, તો દરેક જ્ઞાતિજને જાગ્રત થવું પડશે, પરસ્પર જ્ઞાતિ ભાવના કેળવવી પડશે, એક-બીજાને સહાય રૂપ બનવું પડશે. મા કાલીકાને નમન કરીને એવો સંકલ્પ કરીએ કે આજથી આપણે જે કાંઈ વસ્તુ ચીજ ખરીદવી કરવાના હશે કે રીપેર કરાવવાના હશે તે આપણી જ જ્ઞાતિના ભાઈઓ પાસેથી કરાવશું.

જે જ્ઞાતિજન વસ્તુ વેચનાર છે અથવા બનાવનાર છે તેમણે પણ અન્ય કરતાં આપણા પરિવારો પાસે વ્યાજબી ભાવે વાસણ-ઘરેણા આદિ વસ્તુ આપવી જોઈએ. જેથી પરસ્પર વ્યવહાર જળવાઈ રહે અને જ્ઞાતિજનો અન્ય પાસેથી ખરીદી કરવાને બદલે સ્વજન પાસેજ ખરીદી કરે. હું એક જવાબદાર જ્ઞાતિજન તરીકે વિચારું છું કે મારા સમાજ માટે ઘણું કરી શકું. જ્ઞાતિજનનો વિકાસ એટલે ફરી ફરી ને મારો જ વિકાસ છે. વાચક મિત્રો, આ લેખ અંગે આપના વિચારો જણાવશો.

જ્ઞાતિ સેતુ એના નવ વર્ષ પુરા કરી દસમાં વર્ષમાં પ્રવેશ કરે છે તે જાણી હર્ષ થયો 'સેતુ' શતાયુ થાય તેવી શુભેચ્છા..

વ્યક્તિઓનો પરિવાર અને પરિવારોનો સમાજ. આમ પ્રત્યેક વ્યક્તિ સમાજનો મૂળભુત અવિભાજીત અંગ છે. સમાજ માટે જે કંઈ વ્યક્તિ સારું કે નરસું કરશે તેનો લાભ એ વ્યક્તિને અને એના પરિવારને પણ મળશે જ. આપણા સમાજની ભાવી પેઢી જેને સમાજ તરફથી બિરદાવવામાં આવે કે જેમની પ્રગતિમાં સમાજનો ફાળો હોય, તેમણે પ્રગતિ પંથે સદૈવ સમાજને યાદ રાખવો જોઈએ અને શક્ય તેટલો સહયોગ આપવા તત્પર રહેવું જોઈએ. **– મુખ્યતંત્રી**

# રસોડામાંથી બ્યુટી ટિપ્સ

રોહિણી બુદ્ધભટ્ટી

● દૂધ : અડધો કપ દૂધ નાની અડધી ચમમચી નમક નાખી તેને રૂના પુમડાથી કપાળ, ચહેરા પર લગાવી બે થી ત્રણ મિનીટ સુધી રહેવા દેવું અને ફરી પાછું લગાડવું હળવે હાથે ત્વચાને રગડવી, (એક્સફોલિએટ) અને ત્યારબાદ ધોઈ નાખો ચહેરા પર તરત જ ચમક આવશે દરેક પ્રકારની ત્વચાને લાભકારી છે.

● બદામ : થોડી બદામ (બે-ત્રણ) વાટી લેવી. એક ઈંડાની જરદી ફીણવી તેમાં એક મોટો ચમચો મધ ભેળવવું અને મુલાયમ પેસ્ટ બનાવી કપાળ અને ચહેરા પર લગાડવી સુકાઈ જાય બાદ હૂંફાળા પાણીથી ધોઈ નાંખવું શિયાળાની શુષ્ક ત્વચા માટે ફાયદાકારક છે.

● દહીં, ખીરા : એક ખીરાને ખમણીને તેનો રસ કાઢવો. તેમાં ત્રણ-ચાર મોટા ચમચા ફીણેલું દહીં મીક્સ કરવું. આ પેસ્ટને ગળાથી કરી ચહેરા પર અને કપાળ પર લગાડવું. સુકાઈ જાય બાદ ધોઈ નાંખવું. આ પેસ્ટથી ત્વચા સાફ થાય છે. ટાઈટનેસ આવે છે અને ચહેરા પર ડાઘ-ધબ્બા પણ દૂર થાય છે.

● મધ તથા વિટામીન 'એ' તથા 'ઈ' : અડધો કપ હુંફાળા પાણીમાં એક મોટો ચમચો મધ તેમજ વિટામીન 'એ' અને 'ઈ' ની કેપ્સ્યુલ તોડી તેમાં મીક્સ કરવી તરત જ ચહેરા પર લગાડવું. સૂકાઈ જાય બાદ ધોઈ નાંખવું.

● એક્સફોલિએટ જરૂર કરવું જોઈએ : ચામડી પરથી મૃત કોશિકાઓને સાફ કરવા અને પુર્નજીવીત કરવા માટે એક્સફોલિએટ કરવું જરૂરી છે. અઠવાડિયામાં એક વાર કરવું તેમજ જો ત્વચા વધુ પડતી એક્સફોલિયેટ કરવું.

● ઘઉંનો લોટ : ત્વચા પરથી રૂંવાટી દૂર કરવા માટે ઘઉંના લોટમાં પાણી મિક્સ કરી લાઈ જેવું બનાવી ચહેરામાં જ્યાં રૂંવાટી હોય ત્યાં લગાવી સૂકાય ત્યારે રગડવાથી વધારાની રૂંવાટી નીકળી જાય છે. અને ફરીથી ઉગવાનો સમયગાળો લંબાઈને રૂંવાટી ઉગવાનું બંધ થઈ જાય છે.

## વેસ્ટમાંથી બેસ્ટ

જૂની સાડીઓ કે પંજાબી સૂટની ઓઢણી કોઈપણ મટીરીયલ્સમાંથી બનેલી હોય તેનો ઉપયોગ પગલુછણીયા, ટેબલક્લોથ, નવીન શોલ્ડર બેગ્સ કે શેતરંજી વગેરેમાં કરી શકાય છે.

જો બહેનો થોડોક પણ નિરાંતનો સમય કાઢીને વિચારેની કંઈક નવું કરવા ઈચ્છતી હોય તો સામાન્ય જ્ઞાન પુરતું છે.

સાડી કે ઓઢણીના લંબાઈ પ્રમાણે ત્રણ કે ચાર ઈંચની પહોળાઈના લાંબા લીરા કરવા, ત્યાર બાદ બધા જ લીરાના છેડાને ગાંઠ મારી તેનો બોલ બનાવી લેવો.

હવે એક છેડેથી સાંકડીની જેમ ગુંથતા જવાનું જેમ અંકોડી સોયાથી ગુંથીએ તેમ, આમ સમગ્ર ચોટલી તૈયાર થઈ ગયા બાદ તેને ગોળ, ચોરસ કે લંબગોળ આકાર આપી ચટાઈ, આસન પર ટાંક મારવી જરૂરી છે..

આવી જ રીતે શોલ્ડરબેગ, કુશન કવર વગેરે પણ બનાવી શકાય છે. નવી આઈટમ અને બચતની બચત પણ ખરી...

## શ્રી હેમેન્દ્રભાઈ કંસારાને હાર્દિક અભિનંદન...



કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી પંકજભાઈ મહેતાની સૂચનાથી વેપારી અગ્રણી તથા ભાજપના અગ્રણી શ્રી હેમેન્દ્રભાઈ કંસારાની કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાં મહત્વની એવી વેપારી સેલના જિલ્લા કન્વીનર તરીકે નિમણુંક કરેલ છે. શ્રી હેમેન્દ્રભાઈ વર્ષો જુના ભાજપના અગ્રણી સાથે વર્ષોથી તાલુકા તથા જિલ્લાના વેપારી સંગઠન સાથે સંકળાયેલ છે. તથા વેપારીના પ્રશ્નોનો બહોળો અનુભવ ધરાવે છે. કચ્છ મેમ્બર્સ ઓફ કોમર્સ તથા ગુજરાત ચેમ્બર્સ ઓપ કોમર્સ તથા ગુજરાત સ્ટેશનરી એન્ડ બુક સેલર્સ એસો. સાથે પણ સંકળાયેલ હતા. તથા નખત્રાણા ચેમ્બર્સ ઓફ કોમર્સમાં ૨૫ વર્ષ સુધી મહામંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી.

નખત્રાણાની વિવિધ સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થા, સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલ હોવા ઉપરાંત નખત્રાતા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ પદે તથા તાલુકા ભાજપના સંગઠનના વિવિધ હોદ્દા પર પણ જવાબદારી નિભાવેલ છે. નખત્રાણા કોમર્શીયલ ક્રેડીટ સોસાયટીના તેઓ સ્થાપક ચેરમેન છે. તેમજ અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના તેઓ સંગઠન મંત્રી પણ છે.

તેમની નિમણુંક નખત્રાણા વેપારી સંગઠન, સમાજ તથા સંસ્થાઓએ આવકારેલ છે. તેમજ જિલ્લાની જુદા જુદા વેપારી સંગઠનો, આગેવાનો, મિત્રો તથા જિલ્લા ભાજપના તમામ આગેવાનો, ધારાસભ્યશ્રીઓ, સંસદ સભ્યશ્રી સહિત તમામ આગેવાનોએ પણ આવકાર આપેલ છે. સમાજમાં હાલે નખત્રાણા જ્ઞાતિના ઉપપ્રમુખપદે, શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ એજ્યુકેશન ટ્રસ્ટના મંત્રી તરીકે પણ જવાબદારી નિભાવે છે. જ્ઞાતિ સેતુ પરિવાર તરફથી શ્રી હેમેન્દ્ર કંસારાને હાર્દિક અભિનંદન...

**– પ્રફુલભાઈ કંસારા**

# મારે પણ કંઈક કહેવું છે...

આપને જણાવવાનું કે, દર વખતે 'જ્ઞાતિસેતુ' ખુબ જ પ્રગતિ પંથે આગળ વધે છે. તેમાં ૧ કોલમ એવી ઉમેરો કે જેનું નામ હોય 'મારે પણ કંઈક કહેવું છે' આ કોલમમાં જ્ઞાતિના ભાઈ-બહેનો પોતાના વિચારો રજૂ કરી શકે. જેના ઉપર બધા વિચાર કરી શકે, કે આપણી જ્ઞાતિમાં હજું શું પ્રગતિ થઈ શકે.

મારે વાત કરવી છે સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની. જેમાં ઈનામ વિતરણ વખતે વિદ્યાર્થીના પૂરા નામ સાથે માતાનું નામ પણ લેવામાં આવે. કારણ પોતાના બાળકોને ભણાવવામાં માતા-પિતા બંનેનો હાથ સરખો જ હોય છે. ત્યારે જ વિદ્યાર્થી આગળ વધે છે. બીજું કાર્યક્રમ વખતે આગલા વર્ષના ફોટા બની શકે તો હોલમાં લગાડવા જોઈએ. જેથી વિદ્યાર્થી પોતાના ફોટા જુએ અને તેમનો ઉત્સાહ ઓર વધે.

ત્રીજું એ કહેવાનું છે કે, જે વિદ્યાર્થી યુનિવર્સિટીમાં નંબર લાવે છે એમને સિલ્વર મેડલ આપવામાં આવે છે. જે ખૂબ જ સારી વાત છે. આ મેડલ એવી રીતે તૈયાર કરવો જોઈએ કે તેમાં સરસ્વતી માતાનો ફોટો મીનાકારી કરેલો હોય તેમજ તેની પાછળ સ્ટેન્ડ પણ હોય જેથી આ મેડલને વિદ્યાર્થી પૂજા ઘર અથવા ઓફિસમાં કે દુકાનમાં રાખી શકે અને તેની પૂજા કરી શકે. જે તેને સતત પોતાના શિક્ષણની યાદ આપે. મારા આ વિચારો જો આપને યોગ્ય લાગે તો સ્વીકારજો. વિદ્યાર્થીના મેડલ લગભગ શો-કેશ અથવા તો તિજોરીમાં જ પડી રહે છે. પણ માતાજીનો ફોટો હોય તો સારું.

**- એક બહેન (ભુજ)**

'જ્ઞાતિસેતુ' સાબરકાંઠા વિશેષાંકમાં સાબરકાંઠના જ્ઞાતિજનોની ધડકનોની રીધમ સપ્તમ સૂરોમાં સંભળાઈ રહી છે. સાબરકાંઠાના અગ્રણીઓ આત્મબળે આગળ આવેલ છે, તે જાણી આનંદ થયો. આજે સાબરકાંઠા શૈક્ષણિક, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન જ નહીં પરંતુ સમસ્ત જ્ઞાતિજનોને ઉપયોગી એવો પરિચય મેળો પણ યોજ્યો. જે ખૂબ જ સફળ રહ્યો. સાબરકાંઠાને ચિંતન શિબિરનું આયોજન કરી મહામંડળની સ્થાપનાના શ્રીગણેશ કરી ઈતિહાસ સર્જયો છે.

સાબરકાંઠા વિશેષાંકના આમંત્રિત સંપાદક નરેન્દ્રભાઈ એમ. સોની, દિનેશભાઈ જે. સોની, રશ્મિનભાઈ સોની અને જ્ઞાતિસેતુની સમસ્ત ટીમને હાર્દિક શુભેચ્છા...

**– લત્તા સોલંકી-ભુજ**

## ઋણ સ્વીકાર

જ્ઞાતિસેતુના મહિલા સશક્તિકરણ વિશેષાંકને જ્ઞાતિસેતુના વાચકોએ વધાવ્યો અને તેના પ્રતિભાવો આવ્યા છે તેનાથી અમારું મનોબળ ખૂબ જ વધ્યું છે. જ્ઞાતિસેતુના સથવારે અનેક બહેનોએ પોતાની કલમને સાહિત્ય ક્ષેત્રે ટહુકતી કરી છે. જેનો મધુર સૂર કાયમ રહે એવી અભ્યર્થના.

'એકલનારી તું ના હારી' થી સમાજના એક એવા વર્ગ પર પ્રકાશ પાડવાનો જે પ્રયત્ન કર્યો. આહારવિહાર, વાનગી, પ્રોપર્ટી હક, તરૂણીના સ્વપ્નોના પ્રતિભાવો સ્મીતાબેન, અંજનાબેન, હરિલાલ એલ. વીસાપરમાર, રીના પોમલ, શાંતાબેન અને અનેક જેણે અમને ફોનથી અભિનંદન આપી એ એક રીતે 'સ્ત્રી શક્તિ'ને અભિનંદન આપ્યા છે. સમસ્ત વાચક ગણના અમે ખૂબ ખૂબ આભારી રહીશું.

આ અંકનો એક સારો પડઘો પડ્યો છે. જ્ઞાતિના શ્રેષ્ઠીઓએ આવી જે એકલવાયી બહેનો છે. તેમને સહાયરૂપ થવાની અમોને ખાતરી આપી છે. અમે આવા જ દાતાઓની સહાયતાથી આવી જરૂરિયાતમંદ બહેનોને સહાયરૂપ થવામાં અમારી તમામ શક્તિઓ લગાવવાની સુદ્રઢ ઈચ્છા ધરાવીએ છીએ. અને એમનું એકલવાયાપણું બોલકું કરવા કટિબદ્ધ છીએ.

**– રોહીણી બુદ્ધભટ્ટી, એકતા કટ્ટા, લત્તા સોલંકી**

જ્ઞાતિસેતુના મહિલા સશક્તિકરણ વિશેષાંકના આપણા સમાજના જેટલા પણ વાચકોએ વધાવ્યો એ બધાજનો અત્રેથી આભાર માનું છું. તેમજ જ્ઞાતિના મોભીઓ, વડીલો તેમજ બહેનોએ પણ એમના પ્રતિભાવોમાં અમને ત્રણેય બહેનોને અભિનંદન આપ્યા છે તો અમે પણ આ સાથે વચન આપીએ છીએ કે સમાજના ઉત્કર્ષના કાર્યોમાં અમે જરૂરથી મદદરૂપ થવા તત્પર રહીશું.

જ્ઞાતિના આગામી અંક જે 'દશાબ્દી પ્રવેશાંક' છે. તેમાં આ સાથે ઘણા લેખો કૃતિઓ પણ છે તો તે અંગે પણ જ્ઞાતિજનો પોતાના પ્રતિભાવાવો આપે અને કંઈ ક્ષતિ પણ જણાય તો તે બેજીજક લખવું જોઈએ. એમ મારું માનવું છું. ફરીથી વાચકોના પ્રેમ, લાગણીનો સાભાર સ્વીકાર સાથે વિરમું છું.

**– રોહીણી બુદ્ધભટ્ટી**



**Soni Deepa BharatKumar**
**Madhapar-Bhuj**
**B.E. (E.C.) Final 8.4**



**Pomal Divya BharatKumar**
**Madhapar-Bhuj**
**MBA (Int), Sem-4**
**4th Rank in Kutch University**



આવો મળીએ કંસારા સોની સમાજના Tattoo Artist ને.


આપણી જ્ઞાતિમાં કળા કારીગરીનો અને કલાકાર સારી એવી સંખ્યામાં છે. પરંતુ Tattoo જેવા કામ માટે અને તેની કારીગરીમાં કેરિયર બનાવનારા ખૂબ જ ઓછા જ નહિ બલકે અપવાદરૂપ જ હશે. આવા જ Tattoo Artist સાથે મારી મુલાકાત થઈ એ છે **શ્રી જીજ્ઞેશભાઈ જયંતિલાલ કોટડીયા** રહે. ઈડર, મુળ વતન-ભુજ-કચ્છ અને હાલમાં તેઓ ગાંધીનગરમાં Tattoo Artist તરીકે વ્યવસાય કરી રહેલ છે.

શ્રી જીજ્ઞેશભાઈ B.Com. PGDCA નો તેમનો અભ્યાસ પુરો કરી, ૧૬ મહિના માટે લંડનમાં રહી PGDSBITનો અભ્યાસ કરેલ છે. શ્રી જીજ્ઞેશને નાનપણથી જ Painting/ Drawing ખૂબ જ દિલચસ્પી છે. અને લંડન ખાતે તેમના ધ્યાનમાં આવેલ કે લોકોને Tattooમાં ખૂબ જ રસ છે. અને તેમને Tattooમાં આગળ વધવાનો નિર્ધાર કરેલ. અને Tattoo બાબતે વધુ જાણકારી મેળવવા તેમને દિલ્હી ખાતે રહી ટૂંકા ગાળાનો Tattoo પ્રોફેશનલ કોર્સ કરેલ અને ગાંધીનગર ખાતે Tattoo Studio ચલાવે છે. ગ્રાહકને તેમની પસંદગી પ્રમાણેના Tattoo બનાવી આપે છે. આ ઉપરાંત શ્રી જીજ્ઞેશ Tattoo Learing Institute પણ ચલાવે છે. જ્યાં શ્રી જીજ્ઞેશ Tattoo શીખવા ઈચ્છતા લોકોને ટ્રેનીંગ આપે છે. આ બાબતમાં જ્ઞાતિજનોને વધુ જાણકારી મેળવવી હોય તો www.jigstattoos.com અને તેમનો Email ID : pgdcajignesh@gmail.com છે. શ્રી જીજ્ઞેશ Tattoo ના ક્ષેત્રે ખૂબ ખૂબ પ્રગતિ કરે અને કંસારા સોની સમાજનું નામ રોશન કરે તેવી 'જ્ઞાતિસેતુ' પરિવાર શુભેચ્છા પાઠવે છે.



ભુજના હોનહાર વિદ્યાર્થી **ચિ. પાર્થ વિનયભાઈ પોમલે** અમદાવાદ ખાતે એલ. જી. મેડીકલ કોલેજમાં MBBS ના પ્રથમ વર્ષમાં 72% માર્કસ (ડિસ્ટીકશન સાથે) મેળવી ઉત્તીર્ણ થયા છે.

ચિ. પાર્થ મેડિકલના અભ્યાસ સાથે સંગીત ક્ષેત્રે પણ હારમોનિયમના સથવારે રિઆઝ ચાલુ રાખેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મેડીકલ કોલેજ દ્વારા તાજેતરમાં યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પાર્થની પસંદગી થતા તેણે અમદાવાદ ટાઉનહોલ ખાતે એક ગીત રજુ કર્યું હતું. સેતુ પરિવાર તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



**શ્રી હેમલ નીતીનભાઈ સોલંકી** (તોડાવાલા) (ભુજ) ના સુપુત્ર છે. ધો. ૧૦માં ૮૪.૭૦ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તીર્ણ થઈ ઉચ્ચ અભ્યાસ ૧૧ સાયન્સમાં પદાર્પણ કર્યું છે. વિશિષ્ટ સિદ્ધી તરીકે તેઓ ઓપન કચ્છ ચેસ ટુર્નામેન્ટમાં રનર્સ અપ થયા છે. તેમજ પશ્ચિમ-કચ્છ પોલીસ ચેસ એકેડમી દ્વારા આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં પણ દ્વિતીય નંબરે વિજેતા થયા છે. આથી તેઓએ જ્ઞાતિ તેમજ પરિવારનું ગૌરવ વધારેલ છે. તેઓને સ્વીમીંગ, કેરમ અને મેથ્સમાં સારી આવડત ધરાવે છે. તેઓથી જ્ઞાતિસેતુની લેખિકા મીતા'સ કોર્નરના મીતા એન. સોલંકીના સુપુત્ર છે. ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ખૂબ શુભેચ્છા..



**બિંદિયા જગદીશ છત્રાળા** (કંસારા)-અંજાર CA IPCC ના ગ્રુપ વનમાં પ્રથમ પ્રયત્ને પાસ કરવા બદલ અભિનંદન. CA IPCC ગ્રુપ બીજાને સફળતાપૂર્વક પાસ કરે તેવા અંતરના આશીર્વાદ.. ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...



**પુજા મહેશભાઈ બીજલાણી** એ નર્સીંગ કોર્સમાં ૭૨% પ્રાપ્ત કરેલ છે. અગાઉ પણ તેઓએ ધો. ૧૦ - ૭૮%, અને ધો. ૧૨ - ૮૨.૬૭% પ્રાપ્ત કરી સિદ્ધી મેળવેલ છે. તેમને ભાવિ કારકિર્દી માટે હાર્દિક શુભકામના...



**કલ્યાણી જીતેન્દ્રભાઈ ચૌહાણ - માધાપર** ધો. ૧૨ - ૬૭.૦% પ્રાપ્ત કરી સિદ્ધી મેળવેલ છે. તેમને ભાવિ કારકિર્દી માટે હાર્દિક શુભકામના...

સર્વે યુવા પ્રતિભાઓને જ્ઞાતિ સેતુ તરફથી હાર્દિક અભિનંદન

# રિધમ યોગ સાધના મંડળ

– આયુર્વેદાચાર્ય-ડો. રમેશ જી. વરા

**પ્રશ્ન :** ડો. રમેશભાઈ : હમણા વર્તમાનપત્રોમાં અવાર નવાર રિધમ યોગ સાધના મંડળ અને તેની પ્રવૃત્તિઓ વિશે અહેવાલ વાંચ્યા. આ મંડળની પ્રવૃત્તિ તેમજ તેના વિશે માહિતી આપશો.

**જવાબ :** રિધમ યોગસાધના મંડળ એ પૂ. યોગીશ્રી તાવરિયાજીની શ્વસન પદ્ધતિ અને યોગક ક્રિયાઓને પ્રાયોગિકરૂપે જીવનમાં ઉતારી તેનો સમાજમાં લોકહિતાર્થે પ્રસાર થાય એવું ઈચ્છતા મિત્રોનું એક મંડળ છે.

**પ્રશ્ન :** મંડળનું નામ રિધમ કઈ રીતે પાડવામાં આવ્યું ?

**જવાબ :** રિધમ એટલે લયબદ્ધતા અથવા તાલ, આ સાધના પદ્ધતિમાં શ્વાસની લયબદ્ધતા પર ભાર મૂકી તેને જ સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે. પૂ. તાવરિયાજી કહેતા કે, મનને જીતવાનો સૌથી સરળ ઉપાય હોય તો તે છે લયબદ્ધતા શ્વસન. શ્વાસ જો લયબદ્ધ એટલે કે રિધમમાં લેવાય તો તેનાથી મન પર કાબુ આવે અને શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક ઉન્નતિ સહજ રીતે શક્ય બને છે. આ ધ્યેય સુધી પહોંચવાનો સંકલ્પ યાદ રહે તે માટે મંડળનું નામ રિધમ યોગ સાધના મંડળ રાખવામાં આવેલ છે.

**પ્રશ્ન :** પૂ. તાવરિયાજી અને તેમની સાધના પદ્ધતિ વિશે જણાવશો ?

**જવાબ :** પારસી કુટુંબમાં જન્મેલા અને સુરત પાસે તાવરી નામના ગામમાં રહેતા હોવાથી તાવરિયાજી તરીકે ઓળખાય છે. તેમનું પુરુ નામ સોલેજી નૂરાજી તાવરિયા. તાવરિયાજીએ એન્જીનીયરીંગની બે ડિગ્રી તેમજ આર્ટસની બે ડિગ્રી મેળવેલ હતી. ગૃહસ્થ જીવન જીવી સંસારની બધી સમસ્યાઓ વચ્ચે યોગીનું જીવન કેમ જીવાય એ તેમણે જીવી બતાવ્યું અને અનેક પ્રેમીઓને શીખવ્યું. તેમની સાધના પદ્ધતિ મહર્ષિ પતજંલીના યોગ પર આધારિત છે. બચપનમાં જ તેમને તેમના ગુરુજી શ્રીરામે આ પદ્ધતિ ગુરુપ્રસાદીરૂપે શીખવી. જેમાં ૬ રિફાઈનીંગ અને ૪ એસ.આર.બી છે.

**પ્રશ્ન :** રિફાઈનીંગ શું છે ?

**જવાબ :** રિફાઈન એટલે શુદ્ધિકરણ. આપણા શરીર, મન, પ્રાણમાં જન્મોજન્મની અશુદ્ધિઓ ભરેલી છે. જો આ શુદ્ધ થાય તો ત્યારબાદ આધ્યાત્મમાં પ્રવેશ ઝડપી શક્ય બને. તે માટે આ છ કસરત અર્થાત્ યોગક્રિયાઓ, જે ફક્ત એક એક મિનીટની છે. તે કરવાથી શરીર, પ્રાણ, ભાવ, મન આ બધુ શુધ્ધ થાય છે. વ્યક્તિમાં રહેલી ગ્રંથિઓ પીગળી જાય છે અને નવો જ જન્મ થાય છે. સિક્સ રિફાઈનીંગને ટૂંકમાં સમજીએ તો પહેલી એકસરસાઈઝમાં મ્યુઝિક સાથે શ્વાસોશ્વાસ જે એક મિનિટમાં ૩૬ ની ગતિએ લેવાના છે. જેમાં ફક્ત છાતીનો જ ભાગ ગતિ કરે. આ એક મિનીટ કરવાથી હૃદયની અનેક તકલીફો તેમજ ભાવનાત્મક ગ્રંથિઓ દૂર થાય છે.

બીજી એકસરસાઈઝમાં એક મિનીટના શ્વાસોશ્વાસમાં ફક્ત પેટને જ ગતી આપવાની હોય છે. બંને હાથ પેટ પર મુકી આ ક્રિયા કરવાથી પેટના ઘણા રોગો તેમજ ભય, ઈર્ષ્યા, દ્વેષ આદિ વિકારો દૂર થાય છે.

ત્રીજી ક્રિયામાં બંને પગ સીધા કરી અંગુઠા સુધી પગને પકડવાના હોય છે. ત્યારબાદ છાતી અને પેટને સમાન રીતે શ્વાસ લો ત્યારે છાતી અને પેટ એકી સાથે ફુલે અને શ્વાસ બહાર કાઢો ત્યારે છાતી અને પેટ બહાર જાય અને મસ્તિષ્ક થોડું ઉપરની બાજુ રહે. આ યોગિક ક્રિયા સાધાઓના વા અને કમરના દર્દો દૂર કરે છે.

ચોથી એકસરસાઈઝ ખૂબ જ સરળ છે. જેમાં શ્વાસ પાંચ ટુકડાઓમાં નાકથી દૂર મીણબત્તી બુઝાવતા હોઈએ એ રીતે મોઢેથી જોરથી ફૂંક મારવી. આનાથી હૃદય મજબૂત થાય છે. ડિપ્રેશન દૂર થાય છે. નેગેટીવીટીમાંથી વ્યર્થ વિચારોથી મુક્તી મળે છે.

પાંચમી એકસરસાઈઝમાં પાંચ સેકન્ડ શ્વાસ લેવો, પાંચ સેકન્ડ શ્વાસ અંદર રોકવો, પાંચ સેકન્ડ શ્વાસ બહાર રોકવો. આ રીતે ત્રણ વાર કરવાથી એક મિનિટમાં આ ક્રિયા પૂરી થાય છે. આ ક્રિયાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને મનની અનેક કમજોરીઓ દૂર થાય છે.

છઠ્ઠી એકસરસાઈઝમાં ઊંડો શ્વાસ લઈ હડપચી ગરદનથી અડાડી આંગળીઓથી નાક બંધ કરી મોઢામાં રહેલું પાણી બે, ત્રણ, ચાર વખત ગળામાં ઉતારવાનું હોય છે. આ ક્રિયા ત્રણ ચાર વખત કરાય છે. થાઈરોઈડને લગતા રોગો, ગળાના કાકડા વિગેરેના રોગો આ ક્રિયાથી જડમૂળથી દૂર થાય છે. ગળામાં ડુમો ભરાયાની ભાવનાને કારણે થયેલી ગ્રંથિ દૂર થઈ શરીર, મન શુદ્ધ અને પવિત્ર થાય છે.

આ રીતે આ છ યોગિય ક્રિયાઓ ખૂબ જ સરળ છે.

**પ્રશ્ન :** અંતિમ યોગક્રિયા ગોલ્ડનગેટ કરાવાય છે તે શું છે ?

**જવાબ :** ગોલ્ડન ગેટ એટલે કે સોનાની લગડી, સોનાની લગડી જેવી કિંમતી આ યોગક્રિયા છે. આધ્યાત્મિક ઉન્નતિ ઈચ્છા સાધકો માટે ઉત્તમ છે. જે સરળ છે. જેમાં શ્વાસ બહાર કાઢી નાભિ નીચેનું પેટ જે એરિયાને પેરોનિયમ અથવા પેડુ કહેવાય છે. જ્યાં કુંડલિની શક્તિ સુતેલી છે. ત્યાં ખેંચાણ આપવું આ ક્રિયા પ્રેકટીકલ શીખવી બહુ આવશ્યક છે. જેનાથી કુંડલિની જાગરણ થઈ તે સહસ્રાર અને તેનાથી ઉપર પૂ. તાવરિયાજીના જણાવ્યા પ્રમાણે બિંદુચક્ર સુધી કુડલિની શક્તિ પહોંચે છે. જીવમાંથી શિવની યાત્રા ખૂબ જ ઝડપી થાય છે.

**પ્રશ્ન :** ૩ એસ.આર.બી. શું છે ?

**જવાબ :** આપણે એક મિનિટના ૧૮, ૨૦ કે ૨૧ શ્વાસ લઈએ છીએ. જો આ શ્વાસ ધીરે ધીરે અભ્યાસ કરી જો ફક્ત એક મિનીટના ૧૨ લેવામાં આવે તો તેને ૩ એસ.આર.બી.નો

પુરેપુરો અર્થ થ્રી સ્ટેપ રીધમીક બિધીંગ એટલે કે આમાં ત્રણ સ્ટેપમાં શ્વાસનો જથ્થો, ટેકનીક અને રિધમ આ ત્રણને થ્રી સ્ટેપ કહે છે.

પૂ. તાવરિયાજી કહેતા કે, આપણા શરીર પાછળ એક બીજુ શરીર રહેલુ છે જે પ્રાણ શરીર કહે છે. આ શરીર એક મિનિટમાં ૧૨ શ્વાસ લે છે. જો આપણે ૧૨ શ્વાસ લઈએ તો સૂક્ષ્મ શરીરનું સિંક્રોનાઈઝ એટલે કે જોડાણ થાય છે. જેથી પુષ્કળ પ્રાણશક્તિ સ્થૂળ શરીરમાં પ્રવેશે. જેથી વ્યક્તિ ઓછા આહાર અને ઓછી નિંદ્રા મળે તો પણ પુરેપુરો દિવસ કાર્યશીલ રહી શકે.

પૂ. તાવરિયાજી સપ્તાહમાં ત્રણ વાર ભોજન લેતા અને ફક્ત ચાર કલાકની નિંદ્રા લેવા છતાં સતત કાર્યરત રહી શકતા આપણે યોગીઓ હવામાંથી પ્રાણ દ્વારા જીવન મેળવે છે. એ પ્રક્રિયાને તેમણે સિદ્ધ કરી હતી.

તેઓશ્રીએ એક પ્રવર્ચનમાં જણાવ્યું કે, આ ૩ એસ.આર.બી. જો ઘેર ઘેર પહોંચી જાય તો આપણા દેશની અન્ન સમસ્યા દૂર થઈ જાય અને ગુનાખોરીનું માનસ દૂર થઈ સુખ, શાંતિનું સામ્રાજ્ય સ્થપાઈ જાય કારણકે શ્વાસ લયબદ્ધ થવાથી મન શાંત અને પવિત્ર બની જાય છે.

**પ્રશ્ન :** આ પ્રક્રિયા કઈ રીતે શરૂ કરાય ?

**જવાબ :** બાળક જન્મે ત્યારે જો આપણે જોઈએ તો તેના શ્વાસ ૩૬ ની ગતિએ એક મિનીટમાં ચાલે છે. ત્યાર બાદ ૯ થી ૧૮ માસનો તાય ત્યારે શ્વાસની ગતિ એક મિનીટમાં ૧૮ની હોય છે. ૧૮ થી ૨૭ માસનો થાય ત્યારે તેના શ્વાસની ગતિ એક મિનીટના ૧૨ ની હોય છે.

પરંતુ ત્યાર બાદ તેને માતાપિતાનું ગુસ્સે થવું કે બીજા દ્વારા ડરાવવું. જેથી આ રિધમ અસ્તવ્યસ્ત થઈ જાય છે. આપણે ફ્રરી આ રિધમ બેસાડવાની છે. દરરોજ પૂ. તાવરિયાજીના કહેવા મુજબ દિવસમાં ફક્ત પાંચ મિનીટ તેમજ દર પંદર દિવસે પાંચ પાંચ મિનિટ વધારીને ૬ માસમાં એક કલાક સુધી પહોંચવાનું છે તેમજ રાત્રે સુતી વખતે રિધમ માટેની ટેમ શરૂ કરી તે પ્રમાણે શ્વાસ લેતા લેતા નિંદ્રાધીન થવાનું છે. જેથી અંતર મનમાં આ રિધમનો પ્રવેશ થતા ધીરે ધીરે રીધમ લંબાઈ જાય છે. બે થી ત્રણ વર્ષમાં સહજ રીતે કાર્યો કરતા પોતાની રીતે જ આ રિધમથી શ્વાસોચ્છવાસ ચાલે છે. ત્યારે પૂ. તાવરિયાજીની સાધના સિદ્ધ થાય છે. દરેક વ્યક્તિને પોતાની અલગ અલગ મહેનત પ્રમાણે વધારે ઓછો સમય લાગી શકે છે.

**પ્રશ્ન :** આ સાધનામાં મ્યુઝિકલ ટેપનો કઈ રીતે ઉપયોગી છે ?

**જવાબ :** આ સાધનામાં એક મિનિટના બાર એટલે કે પાંચ સેકન્ડનો ૧ શ્વાસ એ રીતે ગોઠવેલી કેસેટ આવે છે. જેમાં ૧, ૨, ૩ બોલાય ત્યારે શ્વાસ લેવાનો અને ૫, ૬ બોલાય ત્યારે શ્વાસ થોડા જોરથી બહાર ફેંકવાનો. શ્વાસ અંદર ગયા બાદ થોડો રોકાતો હોવાથી ૪ ને તેમાં ગણી લેવામાં આવે છે. અથવા તો રાધે કૃષ્ણમંત્રની કેસેટ આવે છે. જેમાં રાધે બોલાય ત્યારે શ્વાસ લેવાનો અને કૃષ્ણ બોલાય ત્યારે શ્વાસ છોડવાનો.

**પ્રશ્ન :** આ મંડળમાં જોડાવવાની કોઈ ફ્રી છે ?

**જવાબ :** આ મંડળમાં જોડાવાની કોઈ જ ફ્રી નથી. નિઃશુલ્ક લોકકલ્યાણની ભાવનાથી ચાલતી આ પ્રવૃત્તિ છે. પૂ. તાવરિયાજીના જણાવ્યા પ્રમાણે યોગવિદ્યાની ફ્રી ક્યારેય ન લેવી. જેથી યોગશિક્ષકો વિના મૂલ્યે જ આ શીખવે છે.

અગાઉ પણ શ્રી દિવ્યેશભાઈ પાઠક રામકૃષ્ણ મંડળના હોલમાં આ યોગિક ક્રિયાઓ શીખવતા, ત્યારે પણ ભુજના અનેક લોકોએ આ ક્રિયાઓ શીખેલ છે.

કચ્છ સિવાય ગુજરાત અને ભારત તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પૂ. રાજનભાઈ વકીલ દ્વારા આ પ્રવૃત્તિ સોલેજી યોગ ફાઉન્ડેશન દ્વારા ચલાવાય છે. જેમાં ડો. દારા ભેસાણીયા, બહાદુરસિંઘ સુખલેચા અને કેટલાય મિત્રો સેવા આપે છે.

**પ્રશ્ન :** મંડળની હવે પછીની શું પ્રવૃત્તિ રહેશે ?

**જવાબ :** મંડળમાં નવામિત્રો જોડાય રહ્યા છે યોગ નિષ્ણાંત એલ.બી. પટેલ અને નારણભાઈ પટેલ, રાવલભાઈ અને અન્યોના સહયોગથી વેકેશન બાદ અલગ-અલગ સ્કુલો, કોલેજો, વિવિધ મંડળો અને કલબો, સંસ્થાનોમાં આ પ્રક્રિયાને શીખવવામાં આવશે તેમજ ભવિષ્યમાં પૂ. રાજેન વકીલ, ડો. દારા તેમજ બહાદુરસિંઘ સુખલેચાની શિબિર તેમજ જાહેર પ્રવર્ચનોનું આયોજન વિચારાય છે.

**પ્રશ્ન :** તમે વર્ષોથી ઓશો રજનીશજીની પદ્ધતિથી ધ્યાનમાર્ગથી જોડાયેલ છો. આ નવી યોગિક ક્રિયાનો પ્રચાર પાછળનો શું ઉદ્દેશ છે ?

**જવાબ :** સદ્‌ગુરુ ઓશો મહાન વિભૂતિ છે. તેનો મારા અંતરના અણુઅણુમાં વ્યાપી છે. એમ કહીએ તો ચાલે. તેમની પ્રવૃત્તિ ઓશોધ્યાન મંદિર દ્વારા સૌ સંન્યાસી મિત્રો ચલાવીએ જ છીએ. પરંતુ આજે પૂ. રામદેવજીને કારણે તેના ટીવીના માધ્યમથી યોગનો પ્રચાર થઈ રહ્યો છે. ત્યારે પૂ. તાવરિયાજીની ફક્ત ૧૦ મિનીટમાં ઓછા સમયમાં ફાયદો આપી તન, મન, હૃદય અને આત્માની ઉન્નતિ કરાવતી આ પ્રક્રિયા કચ્છના લોકોને પહોંચાડવી. એ આ યુગની માંગ છે.

આ ક્રિયાઓ ખૂબ ફેલાય સમયનો જેમને પ્રશ્ન છે તે વ્યસ્ત લોકો માટે આ થોડા સમયથી પરંતુ ઉત્તમ પ્રક્રિયા લોકો જરૂર સ્વીકારી સ્વસ્થ બનશે. એવું અમારા સૌ મંડળના મિત્રોનું માનવું છે.

પૂ. તાવરિયાજી કહેતા કે, આ પ્રક્રિયામાં જોડાનાર દરેક ભાઈ બહેનોને નમ્ર નિવેદન કરતા કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ એક દિવસ આ પ્રક્રિયા ન ચુકાય. તે ખાસ ધ્યાન રાખજો. જેથી જીવન તરી જશો અને જેમ અત્તરની સુવાસ ફેલાય તેમ તમારા સૌના જાગરણની સુવાસ ફેલાશે.

મુર્છાને છોડી સૌ યોગક્રિયામાં લાગીએ. પૂ. તાવરિયાજીનો આશીર્વાદ આપણી સાથે જ છે. અસ્તુ !

# માનતા

– સોની પ્રિન્સી 'મીરાં'



*આ નવલિકાના યુવા લેખિકા કુ. પ્રિન્સી નીતીનભાઈ કટ્ટા નખત્રાણાની વતની છે. હાલમાં ધો. ૧૨ કોમર્સમાં અભ્યાસ કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી વિવિધ ક્ષેત્રમાં લેખન કાર્ય કરી રહેલ છે. તેઓએ 'સફર' નામથી હિન્દી નવલકથા લખેલ છે. આ ઉપરાંત નવલિકા અને કવિતાઓની રચના આપેલ છે. તેઓએ અવાર-નવાર કાવ્ય ગોષ્ઠી અને સ્ટેજ પર મુશાયરામાં ભાગ લીધેલ છે. અદાણી ફાઉન્ડેશન - મુન્દ્રા ખાતે યોજાયેલ શીઘ્ર વક્તૃત્વ પધર્ામાં કુ. પ્રિન્સી એ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ઈનામરૂપે કોમ્પ્યુટર સિસ્ટમ પ્રાપ્ત કરેલ છે.*

*આશાસ્પદ યુવા લેખિકા કુ. પ્રિન્સીનું જ્ઞાતિસેતુ પરિવારમાં સ્વાગત છે. આશા છે તેમની કૃતિઓ વાચકોને પસંદ પડશે. તેઓને જ્ઞાતિ સેતુ પરિવારની હાર્દિક શુભકામના....* **અતુલ સોની**

'ના ! એ તો હું જઈને જ રઈશ.'

'પણ તારે શી જરૂર છે !'

'શોખ છે, તે બનીને જ રઈશ'

'આમ, ઝઘડો જીદ કરવાની તારી આદત હજી નથી ગઈ. કાલે તારો છોકરો મોટો થઈને આવી જીદ નો કરે તો હું તારો બાપ નઈ. જોઈ લેજે.'

'એ હું કસું ના જાણું, મને આશીર્વાદ આપો એટલે હું નીકળું ! ને તારે મને જમવા દેવાનું હોય તો દે, નહિતર બાર જમી લઈશ'

કરશન પટેલ અને મંગેશ વચ્ચે ફરી ઝઘડો થયો. આમ તો એ ઝઘડો નહિ જીદ જ હતી. પણ દર વખતની જેમ આ વખતે ન થયું. કરશન પટેલે નમતુ જોખવું પડ્યું.

મંગેશ નાનપણથી જ ભણવામાં ભારે હોંશિયાર. બધી બાબતે જાણે કોઈ પંડિતનો દિકરો હોય એવો બુદ્ધિશાળી. ભગવાન ભૂલ્યો ને એને કોઈ ખેડૂતને ઘેર જન્મ દીધો. પણ એમાં મહેનતના ગુણ ખરાં જ, હા ! એ જીદ્દી ખૂબ જ હતો.

કરશન પટેલ આમ તો જાતના ખેડુ, પણ ઘર પહેલેથી લીલું. આસપાસના ગામોમાં ધાક પડે. ગામમાં પણ પટેલ નીકળે એટલે લોકો આગળ સલામી ભરે ને ગયા પછી વંદન કરે.

પટેલને બે દિકરા ને બે દિકરીઓ હતી. સૌથી મોટો ભૂપેન્દ્ર, એ તો સારું એવું ભણીને પાછો ખેતીએ લાગ્યો ને વધુ જમીનો લઈ મૂડીમાં વધારો કર્યો. તેના ઘેર એક દિકરી. ભૂપેન્દ્ર પછીની બે દિકરીઓને પટેલે સાસરે વળાવી, તે પણ ખૂબ જ સુખી છે. અને એ ત્રણેય થી એટલે કે, સૌથી નાનો દિકરો મંગેશ.

મંગેશ પહેલેથી જ સ્વતંત્ર મિજાજનો હતો. બાપાના ધંધામાં લગીરે રસ પડે નહિ. એને તો કંઈક અલગ જ કરવું તું. સારા એવા ભણતર અને ગામમાં બાપાની શાખના લીધે સરળતાથી તલાટીની નોકરી મળી ગઈ. પણ, આતો રહ્યો મંગેશ... એ ક્યાંથી શોખણો બેસવાનો...

હાલમાં દબંગ રિલીઝ થઈ. ભાઈબંધો જોડે જોવા જવાનું થયું. પછી પોલિસમાં જોડાવાનો એવો તે શોખ જાગ્યો કે રાત-દિવસ બસ પોલિસાના લિબાસમાં જ પોતાને જોવે. સપનામાંય ગુંડાઓને મારે. રાત-દિવસ બસ એક જ રટણ.

થોડા દિવસ તો પરિવારમાં બધાએ એના આવા નખરા સહન કર્યા. પણ પછી મોટી વહુએ સલાહ આપી કે આ સલમાનની જીંદગીમાં કોઈ સોનાક્ષી આવશે એટલે પોતે સીધા થઈ જશે. કરશન પટેલે સલાહ માન્ય હોય એમ 'ડોહલાઓને કાને વાત ઘાલીસ', એમ કહ્યું.

પણ લછમી સામે ચાલીને ચાંલ્લો કરવા આઈ હોય એમ સામેથી જ ગામના બાબભઈએ કીધું. 'કરશન, અલ્યા ! બાજુના ગામના મુખી ઓલા, ભોળાભાઈની છોળી હારુ તારા મંગલાનું માંગું આયું સ, છોળી અપછરા જેવી રૂપાળી, મેટ્રીક પાસ છ. પાસુ પચ્ચી તોલા સોનું આલ, ને ગુણવાન એટલી કે આખુય ગામ ગુણ ગાય, એકની એક રઈ પાસુ ને છોળી ક્યાંય પાસી નો પડે...'.

કરશન પટેલે ચોટિલાની ધણીયાણીના એવા તે ઉપકાર માન્યા. પણ કરશન પટેલ સ્વભાવના વ્હેવારૂ ખરાં ! એટલે પહેલા મંગેશ સાથે વાત કરવાનું વિચાર્યું.

મંગેશ જોડે વાત કરી, પાકું થયું ને છ-સાત મહિને લગન લેવાયા. બહુ પહેલાથીય સારાવાના થયું. નાની વહુ જાણે ખરેખર લક્ષ્મી હોય એમ ધંધે પણ બરકત પડી. સમય ઝડપથી પસાર થવા લાગ્યો. વહુના સારા દિવસો થયા ને ઘરમાં આનંદનો પાર ન રહ્યો. દિવસો પસાર થતા ગયા, નાની વહુએ દિકરાને જન્મ દીધો. પછી તો ઘરમાં આનંદ જ આનંદ.

ગામની બાજુના એક ગામમાં નાથની જગ્યા. કોઈ ઓલિયો ત્યાં હતો. નામ એનું કિશનનાથ. ત્યાંના લોકોની એવી શ્રદ્ધા કે એ નાથની સમાધીએ કોઈપણ જાતની માનતા લો, નાળિયેર વધેરો, એટલે માનતા ફળી સમજો.

મંગેશ ના મતે આ શ્રદ્ધા-અંધશ્રદ્ધા હતી. પણ ઘરના લોકોની સાથે પરાણે ત્યાં જવું પડતું. એકંદરે એને કોઈ ફેર ન પડતો પણ મનમાં ઉંડે એક સપનું હતું. પોલીસમાં ભરતી થવાનુ

પણ એને એમાં આમ અજમાવવા માંગતો ન હતો...

મોટા ભાઈએ છોકરાને પગે લગાડવા મંગલાને કહ્યું, 'ભઈ એ નાથની સમાધીએ શ્રીફળ વધેરતો આવજે.'

'ના હો ભાઈ, મારે એવું કશુંય નહિ કરવું.'

'પણ તન કીધું ન ક ત્યાં જજે ને છોકરાન પગે લગાડી આયજે.'

'એ તો તમારી અંધશ્રદ્ધા હ.'

'શ્રદ્ધા હ, અંધશ્રદ્ધા નહિ, હમજ્યો !' ને તું તો એક કામ કર તું તારે કંઈ મન્નત માંગ, અને પુરી ન થાય તો મુ જીંદગીમાં એ જગ્યાએ પગ નહિ મેકું.'

બે ભાઈઓના સંવાદમાં ભાભીએ ટાપસી પુરતા કહ્યું, 'અલ્યા તમ બેય હું કરોસો, સતના પારખા ન હોય. તમન દુઃખ થાહે, પસ કેતા નઈં ક મેં કિધું નઈં.'

' 'હાસુ, 'કિધુ' ભાભી, કેમ કે આ નકરી, અંધશ્રદ્ધા ક, મું તમને સાબિત કરી બતાઈશ, કાનાની મા હાલ જટ છોકરાને તૈયાર કર. આજ જ હાલ જ જઈ આવું હ!

કિશનનાથની સમાધિએ જઈને ઘરના બધાની વચ્ચે જાહેરાત કરી કે પોતે પીએસઆઈની પરીક્ષામાં પાસ થવાની માનતા લે છે, ને ખૂબ મહેનત સાથે તૈયારી પણ કરશે, ને પરીક્ષા પહેલાં પાછો ઘેર નહિ આવે.

......... 'આલે છે કે જમ્યાનું બાર જમી લઉં, હવે પછી પરીક્ષા દઈ ન જ આઈશ.'

'એ હા આલું.'

ઘરમાં બધાની ભૂખ-ઊંઘ હરામ થઈ ગઈ છે અને મંગેશ બત્રીસ પકવાનના આનંદ લેતો હોય એમ જમે છે. વહુ બિચારી બેઠી બેઠી વિંઝણો નાખે છે. ને આંસુડા ટપ ટપ પડે છે. જ્યારે મંગેશનું ધ્યાન જ નથી. પણ વહુ થી રે'વાણું નહિં. એ બોલી 'કઉ સુ, એમ ક્યા લગી કરવાનું ?' આપણને શી જરૂર છ ? મારી ખાર ના જાઓ. મારો કાકાના દિકરો પોલીસમાં હતો, દિએ એક વાર માંડ ઘેર આવે. એય ક્યારેક ન આવે તો મઈનોય નેકળી જાય. હજીય કઉસુ રેવા ધો.

વહુના મનમાં અસહ્ય વેદના થાય છે અને મંગેશે જાણે વાત સાંભળી જ ન હોય એમ...

'પાણી લાય, મન મોડું થાય હ, આ બસ નીકળી જાહે પછી પોર લગી બસ નહિ.'

મંગેશે બધાની સામે એકવાર નજર ફેરવી. કશુંય ન બોલ્યો, કે ન તો ઘરના લોકોએ કંઈ કહ્યું, ને બાપુજીને પગે લાગી નીકળી ગયો.

મંગેશ ગાંધીનગર રહ્યો. છ-આઠ માસની પ્રેક્ટિસ બાદ એણે પરિક્ષા જબરદસ્ત તૈયારી સાથે આપી. એને મનમાં હતું કે, માનતા બાબતે ભલે ખોટો પડે પણ પાસ તો થશે જ. મનમાં પુરેપુરો વિશ્વાસ હતો.

આમ, આગોતરી મિઠાઈઓ અને ભેટો લઈને મોડેકથી ઘરે પહોંચ્યો. બધાને જગાડીને કિધું કે, સવારે વેલ્લા ઉઠીને બાપુની જગાએ અચુક પગે લાગવા જાવું.

પરોઢીએ ઉઠીને બધા નીકળી ગયા. બાપુના ગામના પાદરે પહોંચ્યા જ હશે કે, મિત્રના સમાચાર મળ્યાં કે, મંગેશ એક માર્ક માટે ફેલ થયો. આનું મંગેશને એવું તે લાગી આવ્યું કે, સમાધીએ પહોંચીને બધાને કહેવા લાગ્યો. કંઈ ચમત્કાર - બમત્કાર નહિં, બધી તમારી અંધશ્રદ્ધા હ. લાલ કાનાની મા આલ મને નાળીયર ! વધેરી દઉં એટલે છુટે જાન. આજ પછી મારે કોઈદી અંઈ આવું નહિ ન, તમારે મને કેવા'નું નહિં.'

એ કરશન પટેલ પર કટાક્ષ કરતા નાળિયેર વધેરતા બોલ્યો, જોયું !? જોયુને બાપુજી ! તમે કેતા'તા ન ક માનતા ફળે કે ! મેં પણ માનેલી હું થ્યું, જોયું ન !?

'તે ફળી જ ને.' વચમાં ટાપસી પુરતાં વહુ બોલી, 'મેં માનેલી. તમે કાયમ અમારી પાસે રીયો ન પરીક્ષામાં ફેલ થાઓ. એ હાટુ મેં માનેલી. તે ફળી. અને એમ પણ નક્કી કરેલું કે, જો માનતા ફળે તો તમારે જ હાથે નાળીયર વધેરવાનું, તે તમે કિધા વિના જાતે જ કરી દીધું.'

.... ત્યાં તો નાળીયર ફુટી ગયું.....

**શિક્ષણ**


## તેજસ્વી તારલાઓ



કલ્યાણી જે. ચૌહાણ
ધો. : ૧૨
67.0 %



પ્રિયા એમ. પરમાર
ધો. : ૧૦
P. RANK 94.13%



રમ્ય એસ. બારમેડા
ધો. : ૧૦
P. RANK 92.36%




હર્ષીલ પી. સોલંકી
ધો. : ૧૦
P. RANK 94.42%



દર્શલ વી. સોલંકી
ધો. : ૧૦
P. RANK 86.12%



ગુંજન એમ. બુદ્ધ
ધો. : ૧૦
P. RANK 86.62%



॥ શ્રીરામ ॥
મે. સોની પ્રભુદાસ ખેતશી
મે. મીના જ્વેલર્સ
સુવર્ણ અલંકારોનો અદ્યતન શોરૂમ
BIS Approved Jewellers
916
Hall Mark
Jewellery
Govt. Approved Valuer
૨-૩ શ્રી સ્વામિનારાયણ વાણિજ્ય સંકુલ, બેંક ઑફ ઈન્ડીયાની બાજુમાં, હૉસ્પિટલ રોડ, ભુજ-કચ્છ
ફોન : (શો રૂમ) ૦૨૮૩૨ ૨૨૦૯૦૯, ૨૫૫૯૭૬ (ઘર) ૦૨૮૩૨ ૨૫૦૫૬૫, ૨૨૩૯૦૯

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad





**A Leading Tour & Travel Management Company of India**

**Domestic & International Tour Packages**

**Domestic & International Air Tickets, Hotel Booking & Car Rental Service**

**Service Provider for Corporate Groups, Trade Fairs & Events**

**Consultancy Services For Passport, Visa & Immigration**



S.K. TOURISM
Kansara Bazaar Ring Road, Bhuj - Kutch. (Gujarat) India
Ph: +91 2832 - 654495 • 251424
Mo: +91 98258 31085 • 96622 51424
E: sktourism@in.com • ask@sktourism.info
W: www.sktourism.info • www.explorethekutch.com

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00